અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૧૧ | અંક : ૭૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

કેજરીવાલ ચાંદગી રામ અખાડાથી રોડ શો કરીને પોતાના ઘેર ગયા

## CBI કેસમાં સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને આપ્યા જામીન

### મુખ્યમંત્રી કેજરીવાલ જામીન દરમિયાન તેમની ઓફિસમાં જઈ શકશે નહીં આ ઉપરાંત, તેઓ કોઈપણ પ્રકારની ફાઈલો પર સહી કરી શકશો નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને મોટી રાહત આપી છે. CBI કેસમાં સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા છે. ED કેસમાં તેને પહેલા જ જામીન મળી ચૂક્યા છે. જોકે, કેજરીવાલને કેટલીક શરતો સાથે જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જામીન દરમિયાન તેમની ઓફિસમાં જઈ શકશે નહીં. આ ઉપરાંત, તમે કોઈપણ પ્રકારની ફાઈલો પર સહી કરી શકશો નહીં. સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને ૧૦ લાખ રૂપિયાના બોન્ડ અને બે જામીન પર જામીન આપ્યા છે. પત્ની સુનિતા કેજરીવાલ અને પંજાબના સીએમ ભગવંત માન તિહાર જેલ પહોંચ્યાં હતા અને જેલના ગેટ બહાર તેમણે બન્નેએ કેજરીવાલનું સ્વાગત કર્યું હતું. કેજરીવાલ ચાંદગી રામ અખાડાથી રોડ શો કરીને પોતાના ઘેર ગયાં હતા. આ દરમિયાન કાર્યકરો અને લોકોની ભારે ભીડ જોવા મળી હતી. કેજરીવાલની એક ઝલક જોવા માટે લોકો ખૂબ આતુર જોવા મળ્યાં હતા.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૧૩ સપ્ટેમ્બર) એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં કેજરીવાલની બે અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો. કેજરીવાલે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં તેમની ધરપકડ અને જામીન નકારવાને પડકારતી બે અલગ-અલગ



અરજીઓ દાખલ કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે બંને અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. બેંચમાં જસ્ટિસ ઉજ્જવલ ભુઈયા પણ સામેલ છે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું કે, દલીલોના આધારે અમે ૩ પ્રશ્નો તૈયાર કર્યા છે. શું ધરપકડ ગેરકાયદેસર હતી, શું અપીલકર્તાને નિયમિત જામીન આપવા જોઈએ, શું ચાર્જશીટ દાખલ કરવી એ TC પર ચાર્જ લગાવવા સંજોગોમાં પૂરતો ફેરફાર છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પહેલાથી જ કસ્ટડીમાં રહેલા વ્યક્તિની ધરપકડ કરવામાં કોઈ અવરોધ નથી. અમે નોંધ્યું છે કે, સીબીઆઈએ કારણો નોંધ્યા છે કે, તેણે શા માટે આ જરૂરી માન્યું, કલમ 41A(iii) નું કોઈ ઉલ્લંઘન નથી. અરવિંદ કેજરીવાલને જામીન મળી ગયા છે. સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળ્યા બાદ તે આજે જ થોડા સમય પછી તિહાર જેલમાંથી બહાર આવશે. તિહાર જેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અરવિંદ કેજરીવાલના રીલીઝ ઓર્ડરના લગભગ એક કલાકની અંદર અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવી જશે. તિહાર જેલમાં ફિઝીકલ અને મેઈલ દ્વારા રીલીઝ ઓર્ડર આવે છે. અરવિંદ કેજરીવાલ હાલમાં જેલ નંબર ૨ ના વોર્ડમાં કેદ છે. અરવિંદ કેજરીવાલને જામીન મળતાની સાથે જ આમ આદમી પાર્ટીના નેતાઓની પ્રતિક્રિયા સામે આવી છે. મનીષ સિસોદિયાએ કહ્યું કે, આજે ફરી અસત્ય અને ષડયંત્ર સામેની લડાઈમાં સત્યની જીત થઈ છે. ફરી એકવાર હું બાબા સાહેબ આંબેડકર જીની વિચારસરણી અને દૂરંદેશીને સલામ કરું છું, જેમણે ૭૫ વર્ષ પહેલા ભવિષ્યના સરમુખત્યાર સામે સામાન્ય માણસને મજબૂત બનાવ્યો હતો. અરવિંદ કેજરીવાલને આપવામાં આવેલ આ જામીન હરિયાણાની ચૂંટણીના દૃષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે. હવે આમ આદમી પાર્ટી હરિયાણાની ચૂંટણીમાં પૂરી તાકાત સાથે લડી શકશે. આમ આદમી પાર્ટીએ હરિયાણામાં ૯૦ સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. કોંગ્રેસ સાથે તેનું ગઠબંધન સફળ રહ્યું નથી. જણાવી દઈએ કે, ૧૨ જુલાઈના રોજ, સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં સીએમ કેજરીવાલને વચગાળાના જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ તે જેલમાંથી બહાર આવી શક્યા ન હતા. આ દરમિયાન, દિલ્હીની એક કોર્ટે બુધવારે સીએમ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટેમ્બર સુધી વધારી દીધી છે. આ અગાઉની ન્યાયિક કસ્ટડીની મુદત પૂરી થયા બાદ તેને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલ દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ છે. આ મામલો દિલ્હી સરકારની આબકારી નીતિ ૨૦૨૧-૨૨ની રચના અને અમલીકરણમાં કથિત ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે. આ નીતિ પાછળથી રદ કરવામાં આવી હતી. ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક્સાઈઝ પોલિસી કૌભાંડના સંબંધમાં મની લોન્ડરિંગનો એક અલગ કેસ નોંધ્યો હતો. CBI અને ED મુજબ, દિલ્હી લિકર પોલિસીમાં સુધારો કરીને અનિયમિતતા આચરવામાં આવી હતી અને લાઈસન્સધારકોને અયોગ્ય લાભો આપવામાં આવ્યા હતા. ૧૨ જુલાઈએ સુપ્રીમ કોર્ટે ED કેસમાં કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ગૌતમ ગંભીરે વિરાટ કોહલીને ગણાવ્યો ક્રિકેટનો શહેનશાહ



। નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય ક્રિકેટના દિગ્ગજ બેટ્સમેન અને ભૂતપૂર્વ કેપ્ટન ગૌતમ ગંભીરે ડીપીએલ ટી૨૦ દરમિયાન વિરાટ કોહલીને ક્રિકેટનો શહેનશાહ ગણાવ્યો છે. રેપિડ ફાયર રાઉન્ડમાં જ્યારે ગંભીરને પૂછવામાં આવ્યું કે, ક્રિકેટનો શહેનશાહ કોણ છે? તેના જવાબ આપતા ગંભીરે વિરાટ કોહલીનું નામ લીધું હતું. ગંભીરનું નિવેદન એટલા માટે મહત્વનું છે, કેમ કે, ક્રિકેટ મેદાન પર બંને વચ્ચે ઘણીવાર રકઝક જોવા મળી છે, પરંતુ હવે ગંભીરના ઘણાં નિર્ણયો અને નિવેદનોથી જાણવા મળે છે કે, જ્યારે ટીમ ઈન્ડિયાની વાત આવે તો બંને વચ્ચે કોઈ મતભેદ જોવા મળતો નથી.

### મણિપુર હવે ડ્રોન અને રોકેટ લોન્ચરથી હુમલો થઈ રહ્યો છે

। મણિપુર, તા.૧૩ ।

છેલ્લા ૧ વર્ષ ૪ મહિનાથી મણિપુર હિંસાની આગમાં સળગી રહ્યું છે. મણિપુરમાં હજુ પણ જનજીવન સામાન્ય નથી થયું. દરરોજ ક્યાંકને ક્યાંક હિંસાની આગ જોવા મળી રહી છે અને તેમાં ઘણાં નિર્દોષ લોકો હોમાઈ રહ્યાં છે. જેમ-જેમ સમય વીતી રહ્યો છે, તેમ-તેમ સાથે હિંસાનું રૂપ પણ મોટું થઈ રહ્યું છે. કાલ સુધી જે લોકો હાથમાં દંડા લઈને તોડફોડ અને હિંસા કરતા હતાં તે લોકો હવે ડ્રોન અને રૉકેટ લૉન્ચરથી હુમલો કરી રહ્યાં છે.


CBIને નાર્કો ટેસ્ટની મળી મંજૂરી

## કોલકાતાનો નરાધમ સંજય રાય કરશે રેપ-મર્ડર કેસના ખુલાસા

### હવે સીબીઆઈ આરજી કર હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યા કેસમાં આરોપી સંજય રાયનો નાર્કો ટેસ્ટ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

હવે સીબીઆઈ (CBI) આરજી કર હોસ્પિટલમાં બળાત્કાર અને હત્યા કેસમાં આરોપી સંજય રાયનો નાર્કો ટેસ્ટ કરશે. કોર્ટે આ મામલે સીબીઆઈને મંજૂરી આપી દીધી છે. મળતી માહિતી મુજબ, સીબીઆઈએ આ સંબંધમાં જરૂરી પરવાનગી માટે સિયાલદહ કોર્ટમાં અરજી કરી હતી. આજે કોર્ટે સંજય રાયનો નાર્કો ટેસ્ટ કરાવવાની મંજૂરી આપી દીધી છે. આ ટેસ્ટ દ્વારા સીબીઆઈ એ જોવા માંગે છે કે નાર્કો અને પોલીગ્રાફમાં આરોપીએ જે કહ્યું તેમાં કોઈ મેળ છે કે કેમ. અધિકારીઓ આ ઘટનામાં સંજયની સંડોવણી વિશે ખાતરી કરવા માંગે છે. એઈમ્સ અને નિષ્ણાતોનો અભિપ્રાય મેળવ્યા બાદ જ તેનું વિશ્લેષણ કરવામાં આવશે. નાર્કો



ટેસ્ટમાં વ્યક્તિને કેટલીક દવાઓ આપવામાં આવે છે, જેના પછી તે વ્યક્તિ આંશિક રીતે બેભાન અવસ્થામાં જાય છે. આ પછી, વ્યક્તિ પાસેથી છુપાયેલી માહિતી બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રક્રિયા તે લોકો પર અજમાવવામાં આવે છે જેઓ નિયમિત પૂછપરછ દરમિયાન સહકાર આપવા તૈયાર નથી હોતા. જટિલ કેસોને ઉકેલવા અને મહત્વપૂર્ણ કડીઓને જોડવા માટે નારકો એનાલિસિસ ટેસ્ટ કરવામાં આવે છે. આ પહેલા સીબીઆઈના અધિકારીઓએ સંજય રોયના દાંતના નિશાનના સેમ્પલ લીધા હતા. આ દરમિયાન અધિકારીઓએ કહ્યું હતું કે મહિલાના શરીર પર કરડવાના નિશાન જોવા મળ્યા હતા અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આ વાતનો ઉલ્લેખ છે. અમે તેમને આરોપીના દાંતના નિશાન સાથે મેચ કરવા માંગીએ છીએ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે (૧૨ સપ્ટેમ્બર) કોલકાતા બળાત્કાર અને હત્યા કેસ પર રાજીનામું આપવાની પહેલ કરી છે. સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે, જો તેઓ મારી ખુરશી ઈચ્છે તો હું રાજીનામું આપવા તૈયાર છું. મને સત્તાની ભૂખ નથી.

ગૃહમંત્રી અમિત શાહે કરી જાહેરાત

## હવે પોર્ટ બ્લેરને શ્રી વિજયપુરમ તરીકે ઓળખવામાં આવશે

### શ્રી વિજય પુરમ નામ આપણા આઝાદી માટેના સંઘર્ષ અને તેમાં આંદામાન અને નિકોબારના યોગદાનને દર્શાવે છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કેન્દ્રની નરેન્દ્ર મોદીની આગેવાની વાળી એનડીએ સરકારે, પોર્ટ બ્લેરનું નામ બદલીને 'શ્રી વિજયપુરમ' કરી દીધું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ અંગે સત્તાવાર જાણકારી આપી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું છે કે, અમે પોર્ટ બ્લેરનું નામ બદલીને શ્રી વિજય પુરમ કરવાનો નિર્ણય લીધો છે.

આ જ પોસ્ટમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું કે શ્રી વિજય પુરમ નામ આપણા આઝાદી માટેના સંઘર્ષ અને તેમાં આંદામાન અને નિકોબારના યોગદાનને દર્શાવે છે. આપણા દેશની સ્વતંત્રતા અને



ઈતિહાસમાં આ ટાપુનું આગવું સ્થાન છે. ચોલા સામ્રાજ્યમાં નૌકાદળની ભૂમિકા ભજવનાર આ ટાપુ આજે દેશની સુરક્ષા અને વિકાસને વેગ આપવા માટે તૈયાર છે. ગૃહમંત્રી અમિત શાહે વધુમાં કહ્યું કે, આ ટાપુ નેતાજી સુભાષ ચંદ્ર બોઝ દ્વારા ત્રિરંગો લહેરાવવામાંથી લઈને વીર સાવરકર અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા ભારત માતાની આઝાદીની લડાઈ સુધીનું સ્થળ પણ છે. આ પહેલા પણ દેશમાં ઘણી જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે. મોદી સરકારના બીજા કાર્યકાળ દરમિયાન રાજપથનું નામ બદલીને કર્તવ્યપથ કરવામાં આવ્યું હતું. આ સિવાય બીજેપી સરકારોએ મોટી હસ્તીઓ અને વારસાને પ્રતિબિંબિત કરવા માટે અન્ય ઘણી યુનિવર્સિટીઓ અને રસ્તાઓના નામ પણ બદલ્યા છે. આમાં પહેલાનું અલ્હાબાદ હવે પ્રયાગરાજ તરીકે ઓળખાય છે. અન્ય શહેરો જોઈએ તો, ફૈઝાબાદને હવે અયોધ્યા, ગુડગાંવને ગુરુગ્રામ, મુગલસરાય જંક્શનને પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંક્શન નામાભિધાન કરવામાં આવ્યું છે.

## જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીનો મુદ્દો બન્યો છે "દરબાર મૂવ" પ્રથા

। (એજન્સી) જમ્મુ, તા.૧૩ ।

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. રાજ્યની ૯૦ વિધાનસભા બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થશે. ચૂંટણી જીતવા માટે તમામ પક્ષો અનેક પ્રકારના વચનો આપી રહ્યા છે. 'કલમ ૩૭૦ની પુનઃસ્થાપનાનું વચન' તો જાણીતું છે પણ, સ્થાનિક પક્ષો 'દરબાર મૂવ' સિસ્ટમ (દરબાર સ્થાનાંતરણ પ્રથા)ની પુનઃસ્થાપનાનું વચન પણ આપી રહી છે.

ઓમર અબ્દુલ્લા અને અલ્તાફ બુખારી જેવા રાજ્યના દિગ્ગજ નેતાઓ જો એમની સરકાર બનશે તો 'દરબાર મૂવ' સિસ્ટમ પુનઃસ્થાપિત કરવાનું વચન આપવા લાગ્યા છે. ચાલો જાણીએ કે અચાનક જ ચૂંટણીનો મુદ્દો બની ગયેલી 'દરબાર મૂવ' સિસ્ટમ શું છે અને એને ચૂંટણી સાથે શું લાગેવળગે છે? જમ્મુ-કાશ્મીરમાં 'દરબાર મૂવ' પ્રથા ૧૫૦ વર્ષથી વધુ જૂની છે. તે ૨૦૨૧ માં નાબૂદ કરવામાં આવી હતી. આ પ્રથા અંતર્ગત દર છ મહિને જમ્મુ-કાશ્મીરની રાજધાની બદલવાનું ચલણ હતું.

શિયાળામાં રાજધાની જમ્મુ રહેતી, જ્યારે ઉનાળામાં રાજધાની શ્રીનગર રહેતી. ઓક્ટોબરના છેલ્લા સપ્તાહમાં શિયાળો શરૂ થાય એટલે રાજધાનીને શ્રીનગરથી જમ્મુ ખસેડવામાં આવતી અને એપ્રિલના છેલ્લા સપ્તાહમાં ઉનાળો બેસે ત્યારે રાજધાનીને જમ્મુથી શ્રીનગર ખસેડવામાં આવતી. રાજધાની બદલવાની આ પ્રથા 'દરબાર મૂવ' કહેવાતી. દર છ મહિને રાજધાની બદલાતાં તમામ મહત્ત્વ પૂર્ણ સરકારી કચેરીઓ અને સચિવાલયોને જમ્મુથી શ્રીનગર અને શ્રીનગરથી જમ્મુ ખસેડવામાં આવતી. સ્થળાંતર દરમિયાન ફાઈલો અને માલસામાનને ટ્રકોમાં ભરીને જમ્મુથી શ્રીનગર અને શ્રીનગરથી જમ્મુ લાવવામાં આવતાં. બંને શહેરો વચ્ચે ૩૦૦ કિલોમીટરનું અંતર કાપવું પડતું. નવા સ્થળે ૧૦ હજારથી વધુ કર્મચારીઓના રહેઠાણની વ્યવસ્થા કરવી પડતી. આ બધા કામમાં પુષ્કળ સમય અને નાણાં ખર્ચાતાં, તોય અગાઉથી ચાલી આવતી હોવાથી આ પ્રથા દાયકાઓ સુધી ચાલુ રહી હતી. 'દરબાર મૂવ'ની પ્રથા ૧૮૭૨માં શરૂ કરવામાં આવી હતી. તે સમયે રાજ્યમાં ડોગરા શાસક મહારાજા રણબીર સિંહનું રાજ હતું. માન્યતા એવી છે કે હવામાનને કારણે દરબારને જમ્મુથી શ્રીનગર અને શ્રીનગરથી જમ્મુ ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજધાની સ્થાનાંતર પાછળ માત્ર હવામાન જ નહીં, રાજકીય કારણો પણ જવાબદાર હતા, એવું માનવામાં આવે છે. ૧૮૭૦ના દાયકામાં વિજયી વાવટા લહેરાવતી રશિયન સેના અફઘાનિસ્તાન સુધી પહોંચી ગઈ હતી. એ પછી એમનો ડોળો કાશ્મીર ખીણ પર હતો. અંગ્રેજોને ડર લાગ્યો કે રશિયનો કાશ્મીર ખીણ જીતી લેશે તેથી અંગ્રેજોએ રાજ્યની સત્તા મહારાજા પાસેથી લઈ લીધી અને સલામતી માટે રાજધાનીના સ્થાનાંતરણની પ્રથા શરૂ કરી. ૧૮૭૩માં અંગ્રેજોએ રશિયનો સાથે વાટાઘાટો કરીને સમજૂતી કરાર કર્યા. એ પછીના ૩૫ વર્ષ સુધી જમ્મુ-કાશ્મીરના મહારાજા માત્ર નામના રાજા રહ્યા. રાજ્યના તમામ નિર્ણયો અંગ્રેજો જ લેતા. ૧૯૨૪ માં જ્યારે અંગ્રેજોને લાગ્યું કે હવે રશિયનોથી ડરવા જેવું કંઈ નથી ત્યારે તેમણે તત્કાલીન મહારાજા પ્રતાપ સિંહને સત્તા ફરી સોંપી.

દેખાવકારોને રોકવા માટે વોટર કેનનનો ઉપયોગ

## મંડી મસ્જિદ પર ભારે હંગામો, હિંદુ સંગઠનોના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતર્યા

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૩ ।


શિમલામાં પ્રદર્શન બાદ હવે મંડીમાં પણ હિંદુ સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા છે. દેખાવકારોને રોકવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. આ મામલે પ્રશાસને આદેશ આપ્યો છે કે કોર્ટના નિર્ણય સુધી મસ્જિદ સીલ રહેશે. હિમાચલ પ્રદેશના સીએમ સુખવિંદર સિંહ સુખુએ પણ સર્વપક્ષીય બેઠક યોજી છે. સીએમએ પ્રેસ કોન્ફરન્સ કરીને તમામ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે શિમલા વિવાદનો પણ કાનૂની ઉકેલ શોધી કાઢવામાં આવશે. આના કારણે પ્રવાસનને પણ ઘણી અસર થઈ છે. તેમણે કહ્યું કે જો ક્યાંય ગેરકાયદે બાંધકામ થશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કમિટી બનાવવાની વાત પણ કરી છે. ઉલ્લેખનીય છે કે મંડીના જેલ રોડ પર બનેલી મસ્જિદની દિવાલ PWD અને મસ્જિદના લોકોએ તોડી પાડી હતી. મસ્જિદની દિવાલ અને રૂમને હથોડી મારી દેવામાં આવી હતી અને વિવાદિત મસ્જિદનો ગેરકાયદેસર ભાગ પોલીસની હાજરીમાં તોડી પાડવામાં આવ્યો હતો. આરોપ છે કે મસ્જિદની દિવાલ PWDની જમીન પર બનાવવામાં આવી હતી અને વિસ્તારના લોકો તેનો વિરોધ કરી રહ્યા હતા.

ઉદ્ધવ સેનાએ કર્યો કટાક્ષ

## નિવૃત્તિ પછી જસ્ટિસ ચંદ્રચુડને ક્યાં લઈ જશે પીએમ મોદી?

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

શિવસેના (UBT) એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) DY ચંદ્રચુડની મુલાકાતનો ફરી વિરોધ કર્યો છે. પાર્ટીએ એવા સવાલો પણ ઉઠાવ્યા છે કે નવેમ્બરમાં નિવૃત્ત થયા બાદ પીએમ જસ્ટિસ ચંદ્રચુડને કયું પદ આપશે. પીએમ મોદીએ બુધવારે CJIના નિવાસસ્થાને આયોજિત ગણેશ પૂજામાં પણ ભાગ લીધો હતો. શિવસેના (UBT) પહેલાથી જ આ બેઠક સામે વાંધો વ્યક્ત કરી ચૂકી છે. પાર્ટીના



મુખપત્ર 'સામના'ના સંપાદકીયમાં, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ કહ્યું કે મોદીએ ભારતીય રાજનીતિના છેલ્લા સ્તંભને પણ તોડી પાડ્યો છે. આ દેશની પ્રતિષ્ઠામાં ઘટાડો છે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ અનુસાર, મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડ ૧૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થશે. બુધવારે ચંદ્રચુડના નિવાસસ્થાને મોદીની મુલાકાત પર સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે, 'વડાપ્રધાન અને મુખ્ય ન્યાયાધીશ વચ્ચેની વ્યક્તિગત મુલાકાતે પ્રોટોકોલને લઈને સવાલો ઉભા કર્યા છે.' તંત્રીલેખ કહે છે કે નિવૃત્તિ પછીની 'સુવિધા' એ ન્યાયતંત્રમાં સૌથી મોટી ખતરાની ઘંટડી છે! ચંદ્રચુડ પર કટાક્ષ કરતા, શિવસેના (યુબીટી) એ કહ્યું કે નિવૃત્તિ પછી વડા પ્રધાન તેમને ક્યાં લઈ જાય છે તે જોવું રસપ્રદ રહેશે. 'સામના'ના તંત્રીલેખમાં દાવો કરવામાં આવ્યો છે કે જે ન્યાયાધીશોએ સરકારને લોકશાહી અને બંધારણને 'કચડવામાં' મદદ કરી હતી તેમને તેમની નિવૃત્તિ પછી પુરસ્કાર આપવામાં આવ્યો છે. એવું કહેવાય છે કે ચીફ જસ્ટિસ ચંદ્રચુડ વિશે લોકોના અલગ-અલગ મંતવ્યો હતા અને હજુ પણ છે.

વિદેશ મંત્રી એસ જયશંકરનું મોટું નિવેદન

## ચીન સાથે સૈનિકો પાછા ખેંચવા સંબંધિત ૭૫ ટકા મુદ્દાઓ ઉકેલાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

બેઈજિંગ સાથેના સંબંધો પર ભારતીય વિદેશ મંત્રી જયશંકરનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે ચીન સરહદ પરથી સૈનિકો હટાવવાની સાથે ૭૫ ટકા વિવાદો ઉકેલાઈ ગયા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરહદ પર હિંસા પછી એવું ન કહી શકાય કે અન્ય સંબંધો તેનાથી અસ્પ ૃશ્ય છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ચીન સાથે સરહદી વાટાઘાટોને લઈને મોટું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રીએ કહ્યું કે બેઈજિંગ સાથેની લગભગ ૭૫ ટકા સમસ્યાઓ, ખાસ કરીને છૂટાછેડા સાથે સંબંધિત, ઉકેલાઈ ગઈ છે, જો કે, બંને દેશોએ હજુ પણ કેટલાક કામ કરવાનું બાકી છે. જયશંકરે એ પણ વાત કરી કે કેવી રીતે ભારત અને ચીન વચ્ચે ભૂતકાળમાં ક્યારેય સરળ સંબંધો નહોતા.વિદેશ મંત્રીએ કહ્યું કે "અમારા ભૂતકાળમાં સરળ સંબંધો નહોતા. ૨૦૨૦માં જે થયું તે અનેક સમજૂતીઓનું ઉલ્લંઘન હતું, ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર મોટી સંખ્યામાં સૈનિકો મોકલ્યા હતા. અમે જવાબમાં અમારા સૈનિકોને ખસેડ્યા હતા. ઉપર




"મોકલવામાં આવ્યું છે. ચીન સાથે સરહદ વાટાઘાટોમાં થોડી પ્રગતિ થઈ છે."જયશંકરે ગુરુવારે જિનીવા સેન્ટર ફોર સિક્યોરિટી પોલિસી ખાતે રાજદૂત જીન-ડેવિડ લેવિટ સાથેની વાતચીત દરમિયાન વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે પૂર્વી લદાખમાં સરહદ મુદ્દે સૈનિકો પ ાછા ખેંચવા સંબંધિત મુદ્દાઓ લગભગ ૭૫ ટકા ઉકેલાઈ ગયા છે પરંતુ સરહદ પર વધતા લશ્કરીકરણનો મોટો મુદ્દો રહે છે. તેણે કહ્યું કે અમારે હજુ થોડું કામ કરવાનું બાકી છે.તેમણે

ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા

## મહુઆ મોઇત્રાએ લોકપાલમાં SEBI પ્રમુખ વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

। (એજન્સી) કોલકાતા, તા.૧૩ ।

TMC સાંસદ મહુઆ મોઈત્રાએ આજે શુક્રવારે SEBIના પ્રમુખ માધબી પુરી બુચ અને તેમના પતિ વિરુદ્ધ લોકપાલમાં ફરિયાદ દાખલ કરી છે. ફરિયાદમાં તેમના પર ભ્રષ્ટાચાર અને હેરાફેરીનો આરોપ મૂકવામાં આવ્યો છે. મહુઆ મોઈત્રાએ ઠ પર પોસ્ટ કરીને લખ્યું કે, "પુરી-બુચ વિરુદ્ધ મારી લોકપાલ ફરિયાદ ઈલેક્ટ્રોનિક અને ભૌતિક સ્વરૂપમાં દાખલ કરવામાં આવી છે. લોકપાલે તેને પ્રાથમિક તપાસ માટે CBI/EDને મોકલવી પડશે અને પછી ૩૦ દિવસમાં સંપૂર્ણ FIR તપાસ કરવી પડશે. મહુઆ મોઈત્રાએ ઠ પર પોસ્ટ કર્યું, આમાં સામેલ દરેક એન્ટિટીને બોલાવવાની અને દરેક લિંકની તપાસ કરવાની જરૂર છે." ત્રણ પાનાના પ



ત્રમાં મોઈત્રાએ કહ્યું કે, "આ મુદ્દો રાષ્ટ્રીય હિત અને કરોડો રોકાણકારોના હિત સાથે જોડાયેલો હોવાથી આ મામલાની તપાસ થવી જોઈએ." યુએસ શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચે ઓગસ્ટમાં આરોપ મૂક્યો હતો કે, તેને શંકા છે કે અદાણી ગ્રૂપ સામે કાર્યવાહી કરવામાં SEBIની અનિચ્છા તે માટે હોઈ શકે છે કારણ કે તેના ચીફ માધવી પુરી બુચ પાસે ગ્રૂપ સાથે જોડાયેલા ઓફશોર ફંડ્સમાં હિસ્સેદારી છે, SEBI પ્રમુખે આરોપને "પાયાવિહોણા" ગણાવ્યો હતો. જ્યારે અદાણી ગ્રુપે જણાવ્યું કે, બૂચ સાથે તેમનો ક્યારેય કોઈ વ્યવસાયિક સંબંધ નથી. હિંડનબર્ગે આરોપ મૂક્યો હતો કે, બૂચ અને તેના પતિએ બર્મુડા અને મોરેશિયસમાં અસ્પષ્ટ ઓફશોર ફંડોમાં અઘોષિત રોકાણ કર્યું હતું, જેનો ઉપયોગ ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણીએ ફંડોને રાઉન્ડ ટ્રીપ કરવા અને સ્ટોકની કિંમતો વધારવા માટે કર્યો હતો.

ન્યૂઝ બ્રિફ

## જામનગરમાં ૧૦૦ થી વધુ લોકોને ફુડ પોઈઝનિંગ

। (એજન્સી) જામનગર, તા.૧૩ ।

જામનગરના હાપામાં આવેલ એલગ્ન સોસાયટીમાં એક સાથે ૧૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ થયાનો મામલો સામે આવ્યો છે. જેમાં ૩૦ જેટલા બાળકો સહિત ૧૦૦થી વધુ લોકોને તેની અસર થઈ છે. આ તમામે તમામ લોકોને હાલ જામનગરની જી.જી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર હેઠળ લઈ જવામાં આવ્યા છે. એક સાથે આટલી મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોસ્પિટલ ખીચોખીચ થઈ ગયુ છે. તબીબી સ્ટાફ પણ તાત્કાલિક દોડતો થઈ ગયો. મળતી માહિતી મુજબ સોસાયટીમાં ગણેશજી બેસાડ્યા છે. આ દરમિયાન પંડાલમા સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ દરમિયાન તમામ લોકો એ બટાટાનું શાક અને ભાત ખાધો હતો. જે બાદ અચાનક તમામ લોકોની તબીય બગડી હતી. ઝાડા અને ઉલ્ટી સાથે લોકોની તબિયત ખરાબ થતા તાત્કિલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. બટેટાના શાક સાથે ભાત ખાધા બાદ તમામ લોકોની તબિયત બગડી હતી. જે બાદ તમામને જી.જી. હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે આ દરમિયાન આખી હોસ્પિટલ અસરગ્રસ્તોથી ઉભરાય ગઈ હતી. ૯

## ગુજરાત શિક્ષણ બોર્ડે જાહેર કર્યું GUJCETનું શિડ્યુલ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫નું શેડ્યૂલ બહાર પાડ્યું છે. રસ ધરાવતા ઉમેદવારો વેબસાઈટ પર શેડ્યૂલ જોઈ શકે છે. આગામી ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ ગુજકેટની પરીક્ષા યોજાશે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫ નું ટાઈમ ટેબલ જાહેર કયુ છે જેમાં આ પરીક્ષા ૨૩ માર્ચના લેવામાં આવનાર છે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી સાંજે ચાર વાગ્યા સુધીનો રહેશે. આ પ્રવેશ પરીક્ષા જિલ્લા કક્ષાના કેન્દ્ર પર લેવામાં આવનાર છે. GUJCET પરીક્ષા માટે અરજી કરવા માટે, વિદ્યાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૧૭ વર્ષ હોવી આવશ્યક છે. ઉપરાંત, ઉમેદવારોએ ધોરણ ૧૨માં ગણિત અને ભૌતિકશાષા (ફરજિયાત વિષય)નો અભ્યાસ કર્યો હોવો જોઈએ. જ્યારે અન્ય વિષયોમાં કોમ્પ્યુટર, જીવવિજ્ઞાન અને રસાયણશાષા જેવા વિષયોમાં લઘુત્તમ ગુણ ૪૫ ટકા હોવા જોઈએ જ્યારે અનામત શ્રેણી માટે તે ૪૦ ટકા છે. અરજીઓ ૩જી જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થશે અને છેલ્લી તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૨૫ છે. એડમિટ કાર્ડ માર્ચમાં બહાર પાડવામાં આવશે અને આન્સર કી ૪ એપ્રિલની આસપાસ રિલીઝ થઈ શકે છે.

### તંત્રની આ બેદરકારી રાજકોટ વાસીઓ માટે જીવલેણ । મૃતકના પરિજનોએ જવાબદારો સામે પગલા લેવાની માંગ કરી

## ખુલ્લી ભૂગર્ભ ગટરને કારણે વધુ એક નાગરિકે જીવ ગુમાવ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

રાજકોટમાં વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના ઢાંકણા ખોલી નાખવામાં આવ્યા છે. સ્થાનિકો દ્વારા ગટરના ખુલ્લા ઢાંકણા અંગે સતત ફરિયાદ કરવામાં આવતી હતી. પરંતુ નિંભર બની ગયેલા તંત્રના અધિકારીઓ દ્વારા કોઈ કામગીરી કરવામાં ન આવી અને એ જ નઘરોળ, આળસુ અધિકારીઓની ઘોર બેદરકારીના પાપે રાજકોટના એક વનરાજસિંહ ચાવડા નામના વ્યક્તિનું મોત થયુ છે. ૩ સપ્ટેમ્બરના રોજ વનરાજસિંહ જાડેજા તેમની પ્રેસની નાઈટ ડ્યુટી પતાવી ઘરે જઈ રહ્યા હતા એ સમયે ગાંધીગ્રામ વિસ્તારમાં ખુલ્લી ગટર સાથે તેમનુ બાઈક અથડાયુ અને તેઓ બાઈક પરથી નીચે પડી ગયા હતા. આ દરમિયાન તેમને પાંસળીના ભાગે બાઈકનું હેન્ડલ વાગ્યુ હતુ, તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ICU માં સારવાર લેવી પડે એટલી ગંભીર હદે વનરાજસિંહ ઈજાગ્રસ્ત થયા



હતા અને એક સપ્તાહની સારવાર બાદ પણ તેઓ બચી ન શક્યા અને તેમનુ સારવાર દરમિયાન જ મૃત્યુ નિપજ્યુ છે. વનરાજ સિંહના આ મોત બાદ ફરી એકવાર તંત્રની નઘરોળ કામગીરી સામે સવાલ ઉઠી રહ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે જે ગટરનુ ઢાંકણ ખોલવામાં આવ્યુ તેને વરસાદ રહી બાદ બંધ કરવાની કોઈ જ કામગીરી તંત્ર દ્વારા કરવામાં ન આવી અને તેના પાપે એક પરિવારે તેનો મોભી ગુમાવ્યો છે. ત્યાર સૌથી મોટો સવાલ છે કે પરિવારની માથે આટલી મોટી આફત તૂટી પડી તેની ભરપાઈ કોણ કરશે. મૃતકના ડેથ સર્ટીફિકેટમાં અકસ્માતે મોત લખી કુદરતી મૃત્યુમાં ખપાવી દેવાયુ છે પરંતુ આ મોત નહીં ખુલ્લેઆમ થયેલી હત્યા ગણી શકાય. મૃતકના પરિજનોએ પણ જવાબદારો સામે પગલા લેવાની માગ કરી છે. અને આવી બેદરકારી અન્ય કોઈનો ભોગ ન લે તે માટે પણ તંત્ર સતર્ક બને તેવી ટકોર કરવામાં આવી છે. હાલ એક વ્યક્તિના મોત બાદ તંત્ર સફાળુ જાગ્યુ છે અને કાર્યવાહી કરવાના દાવા કરી રહ્યુ છે. શહેરમાં ગટરના ઢાંકણા જેટલી જગ્યાએ તૂટ્યા હશે ત્યાં નવા ઢાંકણા નાંખવામાં આવશે. ત્રણેય ઝોનના સીટી ઈજનેરને બોલાવી શહેરમાં તાત્કાલિક અસરથી ડ્રેનેજને લગતી ફરીયાદો ઉકેલવા સૂચના આપવામાં આવશે. એમ દર વખતની જેમ મનપાએ થશે થશે નો રાગ આલાપવાનું શરૂ કરી નાખ્યું છે.હાલ તો પોતાની બેદરકારી પર ઢાંક પીછોડો કરવા ઢાંકણાંનું સમારકામ કરવામાં આવ્યું છે.

### ખેતીની જમીન વેચાણ બાબતે મહત્ત્વનો નિર્ણય

## ખેડૂત ખરાઈ માટે રેકર્ડ ચકાસણીમાં ૬ એપ્રિલ ૧૯૯૫થી જ મહેસુલી રેકર્ડ ધ્યાનમાં લેવાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજિટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપતા મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમની સરકારના ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં પ્રવેશના પ્રથમ દિવસે જ રાજ્યના ખેડૂતોના વ્યાપક હિતમાં આ નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર હવે રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧-૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજ્યમાં અમલમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે, બિન ખેતીની પરવાનગી દરમ્યાન મૂળથી ખેડૂત ખાતેદારની ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડની બિન ઉપલબ્ધતા અને બિન ખેતી મંજુરીના કેસોમાં વિલંબને કારણે ખેડૂતો અને અરજદારોને અનેક સમસ્યાઓ નડે છે. ૧૯૫૧-૫૨થી બિનખેતી પરવાનગી સમયે જ્યારે મૂળથી ખેડૂત ખાતેદાર હોવાના આધાર પૂરાવા માંગવામાં આવે છે, ત્યારે આવા પુરાવાઓ જિલ્લા વિસ્તરણ, પૂર જેવી આકસ્મિક કુદરતી આપત્તિઓ, તેમ જ વડીલો અને હાલ ખરીદ કરનારાઓ દ્વારા જૂના માણસોના ખેડૂત હોવાના પુરાવાઓ અપ્રાપ્ય હોવાને કારણે વેચાણ-નોંધો તેમ જ બિનખેતી અરજીઓ ખેડૂત ખરાઈના મુદ્દે દફતરે કરવાના કે નામંજૂર કરવાના કિસ્સાઓ રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યા છે. આના પરિણામે મૂળ ખેડૂત ખરાઈ બાબતે મૂળથી રેકર્ડની ચકાસણી કરવા બાબતે રેકર્ડની બિનઉપલબ્ધતાના કારણે વેચાણ-નોંધો અને બિનખેતી મંજૂરીઓના કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તદઅનુસાર, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં.

### સમગ્ર શહેરમાં ઠેર ઠેર ગંદકીના ગંજ જામ્યા હતા

## વડોદરામાં પૂર બાદ ૧૯ હજાર મેટ્રિક ટનથી વધુ કચરાનો નિકાલ કરાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરામાં વિનાશક પૂરને કારણે સમગ્ર શહેરમાં ઠેર ઠેર ગંદકીના ગંજ જામ્યા હતા. ત્યારે શહેરને ૪૮ કલાકમાં ક્લિન સિટી બનાવવાનો દાવો સત્તાધિશોએ કર્યો હતો. જે માટે અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ અને સુરત મહાનદર પાલિકાની ટીમને પણ સફાઈ માટે બોલાવવામાં આવી હતી. આ દરમિયાન શહેરમાંથી ૧૯૦૦૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાયો હોવાનો દાવો હાલ સત્તાધિશો કરી રહ્યા છે.

ભારે વરસાદથી વડોદરા શહેરને વિશ્વામિત્રીના પૂરે બાનમાં લીધું હતું. શહેરમાં પૂર તો ઉતરી ગયું પરંતુ ઠેર ઠેર કચરાના ઢગલા રહી ગયા હતા. શહેરના તમામ વિસ્તારોમાં ગંદકીએ સામ્રાજ્ય જમાવ્યું હતું. ગંદકીએ માજા મૂકી અને વડોદરા જાણે ગંદકી મય બન્યું હોય તેવી સ્થિતિ હતી. પરંતુ ગંદકીને દૂર કરવા પાલિકા દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા સ્વચ્છતા પર ભાર મૂક્યો હતો. ગત ૨૯ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર સુધી વડોદરા મહાનગરપાલિકાની સાથે અમદાવાદ અને સુરતની ટીમો દ્વારા કચરાના નિકાલ માટેની કામગીરી કરવામાં આવી રહી હતી. જેમાં વડોદરાના ૪૨૦૦ કર્મચારીઓ તો સુરત અને અમદાવાદની સફાઈકર્મીઓ આ અભિયાનમાં જોડાયા અને શહેરમાંથી રોજના ૧૭૦૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો. હાલ ૧૯,૦૦૦ મેટ્રિક ટન કરતાં પણ વધુ કચરો શહેરમાંથી નિકાલ કરવામાં આવ્યો છે. શહેરમાંથી આટલા કચરાનો નિકાલ કર્યા બાદ પણ હજુ શહેરના અનેક વિસ્તારો એવા છે કે જ્યાં કચરા અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

### કાચા મકાનની દિવાલ આકસ્મિક ધરાશાઈ

## ઝાલોદના ખરવાણીમાં દીવાલ ધરાશાયી થતાં ૨ બાળકીનાં મોત, પિતા-પુત્ર ઘાયલ

। (એજન્સી) દાહોદ, તા.૧૩ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ખરવાણી ગામે ભારે વરસાદના પગલે એક કાચા મકાનની દિવાલ મધરાતે ધરાશાઈ થઈ હતી. જેથી ઘરમા મીઠી નિંદર માણી રહેલા પરિવારના સભ્યો પર દિવાલ પડી હતી. જેને પગલે બે બાળકીઓ દબાઈ જતા મોત નિપજ્યા હતા,જ્યારે અન્ય પિતા-પુત્ર ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યાં છે. ચાર દિવસથી ધોધમાર વરસાદ વચ્ચે ઝાલોદ તાલુકાના ખરવાણી ગામના સંગાડા ફળીયામા એક કાચા મકાનની દિવાલ આકસ્મિક ધરાશાઈ થતા ઘરમાં ઊંઘી રહેલા પતિ-પત્ની અને પાંચ બાળકો દિવાલની માટીમાં દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા આસપાસ ના લોકો દોડી આવ્યા હતા અને દિવાલ ધરાશાયી થતા દબાઈ ગયેલા લોકો પરથી માટી હટાવીને બહાર કાઢવામા આવ્યા હતા. જેમા ઘર માલિક મનુભાઈ ભુરાભાઈ ડામોર અને ૧૧ વર્ષીય પુત્ર કિરણ ઈજાગ્રસ્ત થતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામા આવ્યા હતા, જ્યારે ઘરમા માતા પિતા સાથે નીંદર માણી રહેલ ૭ વર્ષીય જોસનાબેન અને ૫ વર્ષીય રોસનીબેન દિવાલની માટીમા દબાઈ જતા ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા.ઘટનાની જાણ થતા લીમડી પોલીસ ઘટના સ્થળે પહોંચી અકસ્માત મોતની ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ૪૦૦ ઉપરાંત મકાનો વરસાદી માહોલમાં ધારાશાયી થયા છે.તો આટલા બધા મકાનો વરસાદી માહોલમાં પડી જતા હોય તો પીએમ આવાસ યોજનાનો લાભ આદિવાસી વિસ્તારમાં જેવી રીતે પહોંચવો જોઈએ તેવી રીતે પહોંચ્યો નથી તે સાર્થક થાય છે.

### ગુજરાતમાં પ્રથમ બેરેજ કમ બ્રિજ તૈયાર થશે

## અમદાવાદમાં તૈયાર થશે પ્રથમ એરફિલ્ડ રબર ટાઈપ બેરેજ

### એર ફિલ્ડ રબર ટાઇપ બેરેજની કામગીરી અને જાળવણી સહિતના બાંધકામ માટે રૂ. ૭૩.૬૫ કરોડની માંગણી કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અટલ ફૂટ ઓવરબ્રિજ બાદ અમદાવાદના લોકોને એપ્રિલ ૨૦૨૭ સુધીમાં એરફિલ્ડ રબર ટાઈપ બેરેજનો નવો નજારો જોવા મળશે. સાબરમતીથી કેમ્પ સદર બજાર સુધી ૩૫૦ કરોડના ખર્ચે ૬ લેન બેરેજ કમ બ્રિજ બનાવવામાં આવશે. ગુજરાતમાં આવો પ્રથમ બેરેજ કમ બ્રિજ તૈયાર થશે. બેરેજ કમ બ્રીજના કારણે આચર સદરબજારથી ઉપરવાસમાં જેટલો પાણીનો જથ્થો એકઠો થયો છે તેના કારણે શહેરમાં પાણીની તંગીના સમયમાં પણ ૧૦ થી ૧૫ દિવસ પાણી મળી રહેશે. આ પુલ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવશે. આ બેરેજ ખાસ પ્રકારનો હોવાથી અને ગુજરાત રાજ્ય માટે તેનો પ્રથમ પ્રકારનો હોવાથી આંતરરાષ્ટ્રીય એજન્સીઓ તેમાં ભાગ લેવાની છે. ફેબ્રિકેશન, સપ્લાય, ફિક્સિંગ ઈન્સ્ટોલેશન કમિશનિંગ, જરૂરી ઈલેક્ટ્રો-મિકેનિકલ ઓટોમેશન સિસ્ટમ સાથે એર ફિલ્ડ રબર ટાઈપ બેરેજની કામગીરી અને જાળવણી સહિતના બાંધકામ માટે રૂ. ૭૩.૬૫ કરોડની માંગણી કરવામાં આવી છે. સાબરમતી ટોરેન્ટ પાવર સ્ટેશન રોડથી કેમ્પ સદરબજાર (એરપોર્ટ રોડ) સુધી બંને બાજુના રસ્તાઓને જોડવા માટે પુલ બનાવવામાં આવશે. આનાથી પશ્ચિમ ક્ષેત્રના સાબરમતી, ચાંદખેડા, મોટેરાથી પૂર્વ વિસ્તારમાં હાંસોલ અને એરપોર્ટ સુધી સીધી કનેક્ટિવિટી મળશે. ટ્રાફિકની સમસ્યા ઘણી હદે ઓછી થશે. વાસ્તવમાં, રબર બેરેજનું સંચાલન અને જાળવણી બેરેજ-કમ-બ્રિજ વચ્ચે ઓટોમેટેડ કંટ્રોલ સિસ્ટમ પર આધારિત છે, તેથી તેને ડાયવર્ટ કરીને નદીના પ્રવાહને વિક્ષેપિત કરવા માટે તે મુજબ એક અનન્ય એરફિલ્ડ રબર બેરેજ બનાવવામાં આવશે.

### મેઘાણી પણ કરી ચુક્યા છે અહીં અભ્યાસ

## જુનાગઢની ૧૨૦ વર્ષ જૂની બહાઉદ્દીન કોલેજની હોસ્ટેલ છેલ્લા ચાર વર્ષથી બંધ

### છેલ્લા ૪ વર્ષથી હોસ્ટેલ બંધ હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી પડી રહી છે અને ગરીબ વિદ્યાર્થીઓ પૈસા ખર્ચી ખાનગી હોસ્ટેલમાં રહેવા મજબુર બન્યા છે

। (એજન્સી) જુનાગઢ, તા.૧૩ ।

જુનાગઢની ઓળખ સમાન રાજાશાહી સમયની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજની હોસ્ટેલ છેલ્લા ચાર વર્ષથી બંધ હાલતમાં છે. આ હોસ્ટેલ જર્જરીત થતા તેને મરમ્મતની જરૂ રછે. પરંતુ તંત્રને જાણે તેના સમારકામમાં કોઈ રસ જ નથી. છેલ્લા ૪ વર્ષથી હોસ્ટેલ બંધ હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી પડી રહી છે અને ગરીબ વિદ્યાર્થીઓ પૈસા ખર્ચી ખાનગી હોસ્ટેલમાં રહેવા મજબુર બન્યા છે.

જૂનાગઢની ઓળખ સમાન ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ ૧૨૦ વર્ષ જૂની છે. જે હાલ જર્જરીત હાલતમાં જોવા મળી રહી છે. ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજની હોસ્ટેલ છેલ્લા ચાર વર્ષથી બંધ છે. હોસ્ટેલ હાલ સમારકામ માગી રહી છે અને સમારકામના કારણે બંધ હાલતમાં છે. જેને લઈને વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી રહે છે. દૂર દૂરથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બંધ હોવાથી હાલાકીનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓને રહેવા માટે ખાનગી હોસ્ટેલનો સહારો લઈ મોટી રકમ ચૂકવવી પડે છે.મહત્વનું છે કે બહાઉદ્દીન કોલેજની આ હોસ્ટેલમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પણ અહીં અભ્યાસ દરમિયાન રહી ચૂક્યા છે. ત્યારે છેલ્લા ચાર વર્ષથી હોસ્ટેલ બંધ હાલતમાં હોવાથી વિદ્યાર્થીઓને આશ લગાવીને બેઠા છે કે વહેલી તકે હોસ્ટેલ શરૂ થાય. જેને લઈને બહાઉદ્દીન આર્ટસ કોલેજના આચાર્ય પુછવામાં આવ્યું તો કહ્યું કે હોસ્ટેલનું કામ વહેલી તકે પૂર્ણ થાય તે માટે પ્રયાસો કરવામાં આવ્યા છે અને આગામી ૨થી ૩ મહિનામાં હોસ્ટેલ ફરી શરૂ કરી દેવાશે.

## રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં નર્મદા જિલ્લાના એકતા ઓડિટોરિયમ ખાતે ૭મા પોષણ માહની કાર્યશાળા યોજાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૩ ।

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં નર્મદા જિલ્લાના એકતાનગર એકતા ઓડિટોરિયમ ખાતે ૭મા પોષણ માહની કાર્યશાળા છોટાઉદેપુરના સાંસદશ્રીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. મંત્રીશ્રીનું કાર્યક્રમના સ્થળે આગમન થતાં જ પરંપરાગત આદિવાસી ઢોલના તાલે નૃત્ય સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

નાના ભૂલકાંઓ દ્વારા મંત્રીશ્રી અને મહાનુભાવોને કુમ કુમ તિલક કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગો દ્વારા ઊભા કરાયેલા સ્ટોલનું મંત્રીશ્રીએ નિરિક્ષણ કરી પૂર્ણાશક્તિમાંથી બનાવેલી વાનગીને પણ આરોગી હતી. ૭ માં પોષણ માહ કાર્યશાળાને સંબોધન કરતા સામાજિક ન્યાય અને અધિકારીતા મહિલા અને બાળ કલ્યાણ કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણની ઉપસ્થિતિમાં આ દેશ વ્યાપી અભિયાન સહી પોષણ દેશ રોશનનો શુભારંભ કરવામાં આવ્યો છે જે ગૌરવ અને આનંદની વાત છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મહિલા સશક્તિકરણ થકી દેશના ભાવી નાગરિકો-બાળકોની ચિંતા કરીને કુપોષણ મુક્ત બનાવવા માટે એક જન આંદોલન ઉપાડ્યું છે અને રાજ્ય સરકાર દ્વારા પણ આ અભિયાનને વેગવાન બનાવવા માટે રાજ્યના ચાર ઝોનમાં આ કાર્યશાળા થકી મહિલા અને બાળ કલ્યાણની યોજનાઓ જન-મન સુધી પહોંચાડવામાં આવશે આજે મારા વિભાગના દ્વારા મધ્ય ગુજરાત ઝોનની કાર્યશાળા થકી આંગણવાડી બહેનો આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા પાંચ ઝુમખા સ્વરૂપે એનિમિયા, વૃધ્ધિ દેખરેખ, પુરક ખોરાક, પોષણ ભી પઢાઈ ભી કાર્યક્રમને વેગવંતો બનાવ્યો છે. તેમાં મહિલાઓની ભાગીદારી સક્રીયતા ખૂબ જરૂરી અને આવશ્યક છે. સાથે-સાથે દરેક સમાજ, સ્વૈચ્છિક સંસ્થાઓ પ્રતિષ્ઠિ નાગરિકો સહયોગ કરી સૌનો સાથ સૌના પ્રયાસથી આપણે પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પને સાકાર કરીશું અને વિકસિત ભારતના સંકલ્પ ૨૦૪૭ પણ સુદ્રઢ બનાવીશું અને ગુજરાતને સુપોષિત કરીશું બાળકો આપણા દેશનું ભવિષ્ય છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ માં સરકાર દ્વારા મહિલા અને બાળ કલ્યાણ વિભાગ શરૂ કરીને સ્વતંત્ર દરજ્જો આપીને આખું માળખું ગઠન કરીને માતા, બાળકીઓ, કિશોરીઓ, ભુલકાઓની ચિંતા કરીને રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે આંગણવાડીમાં ટી.એસ.આર, સંપૂર્ણ આહાર, પોષણ યુક્ત ખોરાક, દૂધ સંજીવની ધાત્રી, સગર્ભા માતાને રાશન કિટ આપીને તંદુરસ્ત બાળક જન્મે તેવી વ્યવસ્થા વિકસાવી છે તેનો સૌ લાભ લે અને ઉપયોગ કરે, આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે. હું આંગણવાડી બહેનોને



અભિનંદન આપુ છું કે, તેઓ આ મહત્વના કામમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે અને સાથે-સાથે એક પેડ મા કે નામ અભિયાન હેઠળ દરેક આંગણવાડીમાં પાંચ વૃક્ષો વાવીને ૩ લાખ ૩૨ હજાર વૃક્ષ વાવ્યા છે અને રક્ષાબંધન વખતે દેશના જવાનોને રક્ષા મોકલીને એક રાખડી જવાન કે નામ કાર્યક્રમમાં ૧ લાખ ૩૦૦ જેટલી રાખડી મોકલીને પોતાનો ભાવ વ્યક્ત કરવા બદલ અભિનંદનને પાત્ર છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલનારા પોષણ માહ દરમ્યાન સુપોષિત ગુજરાત સાક્ષર ભારત સશક્ત ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન અને સંકલ્પને આપણે સૌ નારી શક્તિ સાથ આપીને સાકાર કરીએ તેવી અપિલ કરી હતી રામસેતુમાં ખિસકોલીએ યોગદાન આપ્યું તે રીતે સૌ સમાજના નાગરિકો, સંસ્થાઓ સહયોગ આપી સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાત બનાવી ગુજરાતની વિકાસ યાત્રાને આગળ ધપાવીએ. આંગણવાડીમાં અપાતો પૂરક આહાર પૂર્ણાશક્તિ બાલ ભોગ અને કિશોરીઓને આપવામાં આવતી આયર્ન ગોળી અને ખોરાકનો પણ લાભ લે તેવી હું હિમાયત કરૂં છું તો ચાલો સૌના પ્રયાસ થકી કુપોષણને નાથીએ. છોટાઉદેપુરના સાંસદશ્રી જશુભાઈ રાઠવાએ જણાવ્યું કે, ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતજ૨૦૪૭નું વિઝન આપણને સૌને આપ્યું છે. વિકસિત ભારતની કલ્પના કરી છે ત્યારે સૌ પહેલાં વિકસિત સમાજની જરૂર હોય છે. તેથી વિકસિત સમાજના નિર્માણ ખૂબ જરૂરી અને આવશ્યક છે. માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે મહિલાઓ માટે અનેક પ્રકારની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી તેના ઉપર વિશેષ કાર્ય આ કાર્યશાળા થકી કરી રહી છે. સરકારે આપણા બાળકોની ચિંતા કરી છે, માતાઓની પણ ચિંતા કરી યોજનાઓ લાગુ કરી છે તેને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના પ્રયત્નો વહીવટી માળખા દ્વારા કર્યા છે.

યોજનાઓનો લાભ માતાઓ અને બાળકોને મળી રહે તેના માટે આપણે સૌ સાથે મળીને કરીએ. યોજનાઓને લોકો સુધી લઈ જવા આપ બધા યશોદા માતાઓને જવાબદારી સોંપી છે ત્યારે ઘર ઘર સુધી યોજનાઓ પહોંચે તેમાં પોતાની સહભાગીતા ઉત્સાહભેર નોંધાવવા અપીલ કરું છું. માત્ર એટલું જ નહીં પણ તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણ માટે સૌ નાગરિકોએ ભેગા મળી કાર્ય કરવા માટે પણ સાંસદશ્રીએ આહવાન કર્યું હતું. પોષણ માહની ઉજવણી અંતર્ગય યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવી રહેલા લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પ્રસ્તુત કરતા મહાનુભાવોએ તેઓની પ્રસંશા કરી હતી. પૌષ્ટિક ખોરાક અપનાવવાના સંદેશા સાથે આંગણવાડીના નાના ભૂલકાંઓએ શાકભાજીનો પરિવેશ ધારણ કરી લીલાં શાકભાજીનો રોજીંદો વપરાશ કરવા બાળ સહજ અપીલ કરી હતી. આ તબક્કે મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના હસ્તે બાળકોને અપાતા અન્નપ્રાસન સંસ્કાર પણ કરવામાં આવ્યા હતા. સાથે વિવિધ યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે કિટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, નાયબ સચિવ શ્રીમતી કુમુદબેન યાજ્ઞિક, સંયુક્ત નિયામક શ્રીમતી અવંતિકા દરજી, પૂર્વ મંત્રીશ્રી શબ્દશરણ તડવી, ગરૂડેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી માકતાભાઈ વસાવા, અગ્રણીશ્રી વિક્રમભાઈ તડવી, આઈસીડીએસના જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ક્રિષ્નાબેન પટેલ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાના નર્મદા જિલ્લાના લાભાર્થીઓ સહિત મધ્યગુજરાત ઝોનના જિલ્લાઓમાંથી આવેલા આંગણવાડી કાર્યકર બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યુઝ બોક્ષ

### હરિયાણા માટે કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની ચોંકાવનારી યાદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, સૌનિયા ગાંધીની સાથે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્માના નામ પણ સામેલ છે. યાદીમાં કન્હૈયા કુમારનું નામ પણ સામેલ છે. આ ઉપરાંત સુપ્રિયા શ્રીનેત, રાજ બબ્બર, પ્રતાજ સિંહ ભાજપા, રાજીવ શુક્લા અને ઈમરાન પ્રતાપગઢી પણ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસના સ્ટાર પ્રચારક તરીકે ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે. આ પહેલા ભારતીય જનતા પાર્ટીએ પણ હરિયાણા ચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી હતી. આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપા અધ્યક્ષ જે.પી.નડ્ડા, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સતીશ પુનિયા, નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી અને કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ સહિત ૪૦ સ્ટાર પ્રચારકોના નામ સામેલ છે.

### ઈવી પર મળતી સબસિડીની સમય મર્યાદા વધારી દેવાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈલેક્ટ્રિક ટુ-વ્હિલરની માગ સતત વધી રહી છે, સરકાર પણ લોકોને ઈલેક્ટ્રિક વાહન ખરીદવા પ્રોત્સાહિત કરવા સબસિડી સહિત અનેક લાભો આપી રહી છે. આ ટ્રેન્ડને જાળવી રાખતાં સરકારે ઈવી પર મળતી સબસિડીની સમય મર્યાદા આગામી સાત મહિના સુધી લંબાવી છે. કેન્દ્ર સરકાર દ્વારા PM E-Drive મારફત ઈલેક્ટ્રિક ટુ વ્હિલર્સ પર રૂ. ૧૦૦૦૦ની સબસિડીનો લાભ જારી રાખ્યો છે. સરકારે આ વાહનો પર મળનારા સબસિડી પ્લાનની સમય મર્યાદા માર્ચ-૨૫ સુધી લંબાવી છે. બીજી તરફ ઈલેક્ટ્રિક થ્રી વ્હિલર્સ પર પણ ૫૦ હજારની સબસિડી આપી રહ્યા હતા. પરંતુ સરકારે એપ્રિલ -૨૦૨૪થી આ રકમ ઘટાડી રૂ. ૨૫ હજાર કરી છે. કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રી એચડી કુમારસ્વામીએ સરકારની આ યોજના વિશે ગઈકાલે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ માર્ચ-૨૬ સુધીમાં ટુ-વ્હિલર સેગમેન્ટમાં આશરે ૧૦ ટકા વાહનો અને થ્રી વ્હિલર્સમાં ૧૫ ટકા વાહનો ઈલેક્ટ્રિક હોય. ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારવા અને ક્લિન ટ્રાન્સપોર્ટેશન માટે ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવાની જરૂરિયાત દર્શાવી છે. સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપતી યોજના અંતર્ગત ઈ-કાર પર સૌથી ઓછો જીએસટી લાગુ છે. સરકાર દ્વારા ઈ-કારની ખરીદી પર માત્ર ૫ ટકા જીએસટી લાગુ થાય છે, નવી યોજના ફેમના પાછલા બે તબક્કાને ધ્યાનમાં રાખતાં તૈયાર કરવામાં આવી છે.

### છત્તીસગઢમાં તબીબો અને પ્રાધ્યાપકોના પગારમાં વધારો

। (એજન્સી) રાંચી, તા.૧૩ ।

છત્તીસગઢ સરકારે મેડિકલ કોલેજના કર્મચારીઓને તેમના પગારમાં ઐતિહાસિક વધારો કરીને મોટી ભેટ આપી છે. મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈના નિર્દેશ પર આરોગ્ય વિભાગે છત્તીસગઢની સરકારી મેડિકલ કોલેજોના વરિષ્ઠ નિવાસસ્થાનના લેટર પ્રોફેસરોના પગારમાં વધારો કર્યો છે. નોન-શિડ્યુલ્ડ વિસ્તારોમાં ૧ લાખ ૯૦ હજાર રૂપિયાનો પગાર આપવામાં આવશે. અનુસૂચિત વિસ્તારોમાં લગભગ ૪૬ ટકા અને નોન-શિડ્યુલ્ડ વિસ્તારોમાં લગભગ ૨૩ ટકા પગાર વધારો કરવામાં આવી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રી શ્યામ બિહારી જયસ્વાલના નેતૃત્વમાં આરોગ્ય વિભાગે સરકારી મેડિકલ કોલેજોમાં વરિષ્ઠ નિવાસી, ડેમોસ્ટ્રેટર (PG), આસિસ્ટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસરના પગારમાં ઐતિહાસિક વધારાની જાહેરાત કરી છે. હેલ્થ કેર સેક્ટરમાં સુધારો લાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ નવો પગાર રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજોમાં ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી લાગુ થશે. છત્તીસગઢ મેડિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, પગારમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, નોન-શિડ્યુલ્ડ વિસ્તારોમાં પ્રોફેસરોનો પગાર રૂ.૧.૫૫ લાખથી વધારીને રૂ.૧.૯૦ લાખ કરવામાં આવ્યો છે, જ્યારે અનુસૂચિત વિસ્તારોમાં પગાર રૂ. ૧.૯૦ લાખથી વધીને રૂ. ૨.૨૫ લાખ થયો છે.

**મોટાભાગના મૃત્યુ દીવાલ અને ઘર પડવાથી થયા । ઉત્તરથી પૂર્વ સુધીના રાજ્યોમાંથી ભારે વરસાદની આગાહી**

# દેશના જુદા-જુદા ભાગોમાં ભારે વરસાદે ૩૬ કલાકમાં ૪૭ લોકોના જીવ લીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



પશ્ચિમ હિમાલયના રાજ્યોથી લઈને પૂર્વોત્તર ભારતના લગભગ તમામ રાજ્યોમાં મૂશળધાર વરસાદ પડી રહ્યો છે. પશ્ચિમમાં રાજસ્થા, મધ્ય ભારતમાં મધ્ય પ્રદેશ અને પૂર્વ ભારતમાં ઓડિશા અને ઝારખંડમાં પણ વરસાદ વરસી રહ્યો છે. દેશના જુદા-જુદા ભાગોમાં ભારે વરસાદે ૩૬ કલાકમાં ૪૭ લોકોના જીવ લીધા. જેમાં ઉત્તર પ્રદેશમાં ૩૨, મધ્ય પ્રદેશમાં ૧૧ અને રાજસ્થાનમાં ચાર મોત થયા છે. મોટાભાગના મૃત્યુ દીવાલ અને ઘર પડવાથી થયા છે. દુર્ઘટનામાં ૩૮ લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. ઉત્તરાખંડમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે ખરાબ સ્થિતિ છે. કેદારનાથ યાત્રા રોકી દેવાઈ છે અને શુક્રવારે પ્રદેશમાં તમામ સ્કુલોને બંધ રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. હવામાન વિભાગે હજુ ત્રણ દિવસ સુધી હિમાચલ અને ઉત્તરાખંડ સહિત ૧૪ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી જાહેર કરી છે. ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ઉત્તરથી લઈને પૂર્વોત્તરના રાજ્યોમાં જુદા-જુદા સ્થળો પર ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. આ રાજ્યોમાં ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, હિમાચલ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડ સામેલ છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મધ્ય ભારતમાં બની રહેલા લો પ્રેશરના કારણે UP અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ પડશે. હરિયાણા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં પણ તેના કારણે અમુક વિસ્તારમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ઘણા સ્થળો પર અચાનક પૂર આવવાનું જોખમ પણ છે. હવામાન વિભાગે શુક્રવારે પણ દિલ્હી-એનસીઆરમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. IMDના જણાવ્યા અનુસાર આ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે, ૨૫થી ૩૫ કિ.મીની ઝડપે પવન ફૂંકાવાનું અનુમાન છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદની ચેતવણી બાદ તમામ જિલ્લામાં તંત્રએ ૧૨માં ધોરણ સુધીની તમામ સ્કુલ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. રુદ્રપ્રયાગ જિલ્લામાં ભારે વરસાદના કારણે ગુરુવારે કેદારનાથ પગપાળા માર્ગને બંધ કરવો પડ્યો. સુરક્ષાને ધ્યાનમાં રાખતાં કેદારનાથ ધામથી પણ કોઈને નીચેની તરફ મોકલવામાં આવ્યા નથી. યાત્રા બંધ થવાના કારણે સોનપ્રયાગમાં લગભગ ૨,૫૦૦ મુસાફર ફસાયા છે. રાજ્યમાં વરસાદ અને ભૂસ્ખલનથી ૧૬૮ માર્ગ બંધ છે. જેમાં નેશનલ હાઈવે, રાજ્ય માર્ગ, સરહદી માર્ગ અને ગ્રામીણ મોટર માર્ગ સામેલ છે. હવામાન વિભાગે દહેરાદૂન, હરિદ્વાર, પૌડી, બાગેશ્વર, નૈનીતાલ, ચંપાવત અને રુધમસિંહ નગર જિલ્લાના મોટાભાગના ભાગોમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું છે. અન્ય જિલ્લામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હિમાચલ પ્રદેશ, ખાસ કરીને ત્રણ જિલ્લામાં શિમલા, કિનૌર અને સિરમૌર માટે શુક્રવારનો દિવસ ખૂબ ભારે રહેવાનો છે. સ્થાનિક હવામાન કેન્દ્રએ આ જિલ્લામાં ઝડપી વરસાદના કારણે અચાનક પૂર આવવાની શક્યતા વ્યક્ત કરી છે અને વહીવટી સ્ટાફની સાથે જ લોકોને પણ સાવધાન કર્યા છે. રાજ્યના ૧૨માંથી પાંચ જિલ્લામાં શુક્રવારે પણ વાદળ ગર્જના સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે.

**CBIએ સંજય રોયના દાંતના નિશાન અને લાળના નમૂના લીધા**

# તાલીમાર્થી ડોક્ટરના શરીર પર કરડવાના નિશાન મળી આવ્યા

**સૂત્રોના જણાવ્યા અનુસાર મૃતક મહિલા ડોક્ટરના શરીર પર ડંખના નિશાન જોવા મળ્યા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સૂત્રોના જણાવ્યા અનુસાર મૃતક મહિલા ડોક્ટરના શરીર પર ડંખના અનેક નિશાન જોવા મળ્યા હતા. ફોરેન્સિક નિષ્ણાતોએ મહિલા ડૉક્ટરના શરીરમાંથી લાળના નમૂના પણ લીધા હતા. હવે ફોરેન્સિક તપાસમાં સંજય રોયના દાંતના નિશાન અને તેની લાળના સેમ્પલની સરખામણી કરવામાં આવશે, જેથી એ વાતની પુષ્ટિ થઈ શકે કે સંજય રોય આ કેસમાં સીધો સંડોવાયેલો હતો કે નહીં. આરજી કાર હોસ્પિટલ રેપ અને હત્યા કેસની તપાસમાં કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈએ ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી સંજય રોયના દાંતના નિશાન લીધા છે. સીબીઆઈની એક ટીમ બુધવારે રાત્રે પ્રેસિડેન્સી જેલમાં પહોંચી અને સંજય રોયની પૂછપરછ કરી. આ પૂછપરછ લગભગ ૫ કલાક સુધી ચાલી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પૂછપરછ દરમિયાન સીબીઆઈએ સંજયના દાંતના નિશાન રેકોર્ડ કર્યા હતા. સીબીઆઈના અધિકારીઓએ સંજય રોયને કોઈ નરમ વસ્તુ, ક્યારેક હળવા અને ક્યારેક સખત કરડવા કહ્યું. સંજયે સીબીઆઈ અધિકારીઓને સહકાર આપ્યો અને ઘણી વખત વસ્તુઓને કાપી નાખી. આ રીતે તેના દાંતના નિશાન નોંધાયા હતા. આ ઉપરાંત સીબીઆઈના અધિકારીઓએ સંજયના લાળના સેમ્પલ પણ લીધા હતા.સૂત્રોનું કહેવું છે કે આ સેમ્પલ CFSL (સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ને પરીક્ષણ માટે મોકલવામાં આવશે. સીબીઆઈએ કોલકાતાની સિયાલદાહ કોર્ટમાં સંજય રોયની જેલની અંદર પૂછપરછ કરવા અને ન્યાયિક કસ્ટડી દરમિયાન તેના દાંતની તપાસ કરવા અપીલ કરી હતી, જેને બુધવારે કોર્ટે સ્વીકારી હતી. આ પછી સીબીઆઈની એક ટીમ બુધવારે સાંજે ૫ વાગ્યે પ્રેસિડેન્સી જેલ પહોંચી અને ત્યાંથી રાત્રે ૧૦ વાગ્યે રવાના થઈ. જેલના સૂત્રોના જણાવ્યા અનુસાર આરજી કાર રેપ અને મર્ડર કેસમાં સંજય રોયની પૂછપરછ કરવામાં આવી હતી.સૂત્રોના જણાવ્યા અનુસાર મૃતક મહિલા ડોક્ટરના શરીર પર ડંખના અનેક નિશાન જોવા મળ્યા હતા. ફોરેન્સિક નિષ્ણાતોએ મહિલા ડૉક્ટરના શરીરમાંથી લાળના નમૂના પણ લીધા હતા. હવે ફોરેન્સિક તપાસમાં સંજય રોયના દાંતના નિશાન અને તેની લાળના સેમ્પલની સરખામણી કરવામાં આવશે, જેથી એ વાતની પુષ્ટિ થઈ શકે કે સંજય રોય આ કેસમાં સીધો સંડોવાયેલો હતો કે નહીં.

# ક્વાડમાં સહભાગિતા, ભારતીય સમુદાય સાથેની મેગા ઈવેન્ટ અને સમિટ ઓફ ધ ફ્યુચર....

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે વધુ સમય બાકી નથી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે વધુ સમય બાકી નથી અને ત્યાં ચૂંટણી પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતમાં ત્રણ દિવસ માટે અમેરિકાના પ્રવાસે જવાના છે.ઁસ મોદી ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર સુધી અમેરિકાના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન તેઓ ક્વોડ લીડર્સ સમિટ સિવાય ઘણી મોટી ઈવેન્ટ્સમાં ભાગ લેશે. પીએમ મોદીનો યુએસ પ્રવાસ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. તેઓ ૨૧ સપ્ટેમ્બરે વિલ્મિંગ્ટન, ડેલવેરમાં ચોથા ક્વોડ લીડર્સ સમિટમાં ભાગ લેશે. આ પછી, ૨૨ સપ્ટેમ્બરે, તેઓ ન્યુ જર્સીમાં ભારતીય સમુદાય સાથે સંબંધિત એક કાર્યક્રમમાં ભાગ લેશે. પીએમ મોદી તેમના પ્રવાસના અંતિમ દિવસે ૨૩ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રની 'સમિટ ઓફ ધ ફ્યુચર'માં પણ ભાગ લેશે.ક્વાડ સંસ્થાની બેઠક ૨૧ સપ્ટેમ્બરે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનના હોમટાઉન ડેલાવેરમાં યોજાશે. જાન્યુઆરી ૨૦૨૪માં ભારતમાં પ્રથમ ક્વાડ મીટિંગ યોજાવાની હતી. પરંતુ કેટલાક કારણોસર આ સમિટ સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવામાં આવી હતી. ભારત ૨૦૨૫માં ક્વાડ સંસ્થાની યજમાની કરશે.ક્વાડ સમિટ એ ચાર દેશોનું સંગઠન છે, જેમાં ભારત સિવાય અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનનો સમાવેશ થાય છે. તેની રચના ૨૦૦૭માં થઈ હતી. પરંતુ તે ૨૦૧૭ માં ફરીથી સક્રિય કરવામાં આવ્યું હતું. આ સંગઠનનો ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા વર્ચસ્વને રોકવાનો છે. તમને જણાવી દઈએ કે પીએમ મોદીનો અમેરિકન પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વધુ સમય બાકી નથી.




દિલ્હીમાં એરફોર્સ સ્ટેશન નજફગઢ ખાતે EW કોન્ફરન્સ "સ્પેક્ટ્રમ"માં ભાગ લેનારા સંરક્ષણ સાધનોના ઉત્પાદન ઉદ્યોગોના IITs, DRDO, DPSUs અને ઔદ્યોગિક ભાગીદારોના શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો.

# અમૃતપાલ સિંઘના સમર્થકો ઉપર મોટી કાર્યવાહી કરાઈ

। (એજન્સી) ચંદીગઢ,તા.૧૩ ।

ખાલિસ્તાની સંગઠન 'વારિસ પંજાબ દે'ના ચીફ અમૃતપાલ સિંઘના સમર્થકો વિરુદ્ધ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ મોટી કાર્યવાહી કરી છે. તપાસ એજન્સીએ પંજાબમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન NIAએ અમૃતસરના બિયાસમાં પણ દરોડા પાડ્યા હતા. અમૃતપાલ સમર્થકનું અમૃતસર જિલ્લાના બિયાસમાં ઘર આવેલું છે. ઉલ્લેખનીય છે કે અમૃતપાલ સિંઘ ૨૦૨૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં પંજાબની ખડુર સાહિબ સીટ પરથી અપક્ષ તરીકે જીત્યા છે. લોકસભા ચૂંટણી જીત્યા બાદ જેલમાં રહેલા અમૃતપાલે સુરક્ષા કર્મચારીઓની ભારે તૈનાતી વચ્ચે સાંસદ તરીકે શપથ લીધા હતા. કોર્ટે અમૃતપાલને લોકસભાના સભ્ય તરીકે શપથ લેવા માટે પેરોલ આપ્યા હતા. ખાલિસ્તાનની વકીલાત કરતા અમૃતપાલ સિંઘ વિરુદ્ધ પંજાબના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૧૧ ગુનાહિત કેસ નોંધાયેલા છે. તેની સામે આસામના ડિબ્રુગઢમાં પણ ફોજદારી કેસ નોંધાયેલો છે. નોંધનીય છે કે ડિબ્રુગઢ જેલની કોટડીમાંથી કેટલીક વાંધાજનક ઈલેક્ટ્રોનિક વસ્તુઓ મળી હતી.

**પતિએ મૃતદેહને હેન્ડ બ્લેન્ડરમાં ક્રશ કર્યા**

# મિસ સ્વિત્ઝરલેન્ડ ફાઇનલિસ્ટની પતિ દ્વારા ક્રૂર હત્યા કરી દેવાઈ

। (એજન્સી) સ્વિત્ઝરલેન્ડ , તા.૧૩ ।



ભૂતપૂર્વ મિસ સ્વિટ્ઝર્લેન્ડની ફાઈનલિસ્ટ ક્રિસ્ટીના જોક્સિમોવિકની હત્યાને લઈને બહુ મોટો ખુલાસો થયો છે. ક્રિસ્ટીનાના પતિએ તેની નિર્મમ હત્યા કરી દીધી હતી. ૧૩ ફેબ્રુઆરીના રોજ ૩૮ વર્ષીય ક્રિસ્ટીના જોક્સિમોવિચની સ્વિટ્ઝર્લેન્ડના બેસલ નજીકના બિનીંગેનમાં તેના ઘરે હત્યા કરવામાં આવી હતી. હવે સાત મહિના બાદ તેના પતિ થોમસે હત્યાની કબૂલાત કરતા જણાવ્યું હતું કે, તેણે આવું પોતાનો સ્વ-બચાવ કરવા માટે છરી વડે હુમલો કરી તેની હત્યા કરી હતી. થોમસે દાવો કર્યો હતો કે, તેણે પોતાના સ્વ-બચાવ કરવા માટે ક્રિસ્ટીનાની હત્યા કરી હતી, કારણ કે તેણીએ મારા પર છરી વડે હુમલો કર્યો હતો. હત્યા કર્યા બાદ હું ગભરાઈ ગયો હતો, તેથી મેં તેના શરીરના ટુકડા કરી નાખ્યા હતા. જોકે મળતા અહેવાલ અનુસાર, મેડિકલ-ફોરેન્સિક રિપોર્ટ થોમસના સ્વ-બચાવ કરવાના દાવાનું ખંડન કર્યું હતું. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, થોમસની મુક્તિ માટેની અરજી લૌઝેનની ફેડરલ કોર્ટે ફગાવી દીધી છે. આગળ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર કે ક્રિસ્ટીનાના શરીરના ટુકડા કર્યા બાદ પતિ મૃતદેહને લોન્ડ્રી રૂમમાં લઈ ગયો હતો. જ્યાં તેણે કરવત, છરી અને બગીચાના કાતર વડે આ ઘૃણાસ્પદ કૃત્ય કર્યું હતું. તે પછી પતિએ મૃતદેહને હેન્ડ બ્લેન્ડરમાં ક્રશ કરીને મૃતદેહના ભાગોને પ્યુરી કરી તેને કેમિકલના દ્રાવણમાં ઓગાળી નાખ્યા હતું. પોલીસના જણાવ્યા અનુસાર, પત્નીની હત્યા કર્યા બાદ થોમસ આ ઘટનાને છુપાવવા માટે તે નિર્દય બની ગયો હતો. ક્રિસ્ટીના અને થોમસનાએ વર્ષ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા. તેઓ બેઝલના પોર્શ વિસ્તારમાં એક આલીશાન ઘરમાં સમૃદ્ધ જીવન જીવી રહ્યા હતા. ક્રિસ્ટિનાએ હત્યાના ચાર અઠવાડિયા પહેલા જ વેકેશનની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી. મોડલનો પતિ અને આરોપી એક આંત્રપ્રિન્યોર છે, અને દંપતીને બે પુત્રીઓ પણ છે. જો કે ક્રિસ્ટીના જોક્સિમોવિચના પતિના મિત્રએ પોલીસને એક અલગ જ વાર્તા કહી હતી. થોમસના મિત્રએ પોલીસને જણાવ્યું કે, ક્રિસ્ટીના જોક્સિમોવિચ અને થોમસ વચ્ચેના સંબંધો સારા ચાલી રહ્યા ન હતા. અગાઉ ઘરેલુ હિંસાના સંબંધમાં પણ પોલીસને તેના ઘરે બોલાવવામાં આવી હતી. વર્ષ ૨૦૦૭ની મિસ સ્વિટ્ઝર્લેન્ડ સ્પર્ધામાં ક્રિસ્ટીના જોક્સિમોવિચ ફાઈનલિસ્ટ રહી હતી. અને અગાઉ મિસ નોર્થવેસ્ટ સ્વિટ્ઝર્લેન્ડનો તાજ પણ જીતી ચૂકી હતી. બાદમાં તે કેટવોક કોચ બની હતી. આ સિવાય તે મિસ યુનિવર્સ ૨૦૧૩ની સ્પર્ધા માટે મોડલ ડોમિનિક રિન્ડરકનેચની મેન્ટર પણ રહી હતી.

**ખાનગી હોસ્પિટલમાં સર્ચ**

# કોલકાતા બળાત્કાર અને હત્યા કેસમાં TMC ધારાસભ્યના ઘરે CBIના દરોડા

**સીબીઆઈના એક સૂત્રના જણાવ્યા અનુસાર આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડો. સંદીપ ઘોષે સવારે ૧૦ વાગ્યે સુદિપ્તા રોયને ફોન કર્યો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સીબીઆઈના એક સૂત્રના જણાવ્યા અનુસાર આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદીપ ઘોષે સવારે ૧૦ વાગ્યે સુદિપ્તા રોયને ફોન કર્યો હતો. સંદીપ ઘોષે આ ફોન ત્યારે કર્યો હતો જ્યારે હોસ્પિટલના સેમિનાર હોલમાં તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળ્યો હતો. સીબીઆઈને સંદીપ ઘોષના કોલ ડિટેઈલ રેકોર્ડમાં સુદિપ્ત રોયનો મોબાઈલ નંબર મળી આવ્યો હતો. RG કાર હોસ્પિટલ બળાત્કાર અને હત્યા કેસના સંબંધમાં CBIએ TMC ધારાસભ્ય સુદિપ્તા રોયના ઘર અને નર્સિંગ હોમ પર દરોડા પાડ્યા. સીબીઆઈની સ્પેશિયલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગુરુવારે બપોરે ૧ વાગ્યાની આસપાસ ઉત્તર કોલકાતામાં તેના ઘર અને નર્સિંગ હોમમાં પહોંચી હતી. સીબીઆઈએ ધારાસભ્ય સુદિપ્ત રોયની તેમના ઘરે પણ પૂછપરછ કરી હતી. રસપ્રદ વાત એ છે કે, ટીએમસી ધારાસભ્ય સુદિપ્ત રોય આરજી કાર હોસ્પિટલના પેશન્ટ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ પણ છે. તેઓ સ્ટેટ હેલ્થ રિક્રુટમેન્ટ બોર્ડના સભ્ય અને પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલના ભૂતપૂર્વ અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ હુગલી જિલ્લાના શ્રીરામપુરથી ટીએમસીના ધારાસભ્ય છે. સીબીઆઈના એક સૂત્રના જણાવ્યા અનુસાર આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદીપ ઘોષે સવારે ૧૦ વાગ્યે સુદિપ્તા રોયને ફોન કર્યો હતો. સંદીપ ઘોષે આ ફોન ત્યારે કર્યો હતો જ્યારે હોસ્પિટલના સેમિનાર હોલમાં તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળ્યો હતો. સીબીઆઈને સંદીપ ઘોષના કોલ ડિટેઈલ રેકોર્ડમાં સુદીપ્ત રોયનો મોબાઈલ નંબર મળી આવ્યો હતો. ત્યારથી, TMC ધારાસભ્ય અને દર્દી કલ્યાણ સંઘના પ્રમુખની ભૂમિકા સીબીઆઈ તપાસના દાયરામાં હતી. ગુરુવારે સીબીઆઈ દ્વારા સુદિપ્ત રોયની પૂછપરછ કરવામાં આવી હતી અને લગભગ દોઢ કલાક સુધી સર્ચ ઓપરેશન ચાલ્યું હતું. તપાસકર્તાઓ બહાર આવ્યા બાદ સુદીપ્તાએ પ્રેસ કોન્ફરન્સ કરી અને કહ્યું કે હાઈકોર્ટની દેખરેખમાં તપાસ ચાલી રહી છે.

## તંત્રી લેખ...

# શિમલામાં જે થયું તેને પ્રશાસનની ટાળવાની વૃત્તિનું કારણ ગણાય

શિમલા દેશના સુંદર અને શાંત શહેરોમાં ગણાય છે, પરંતુ આજકાલ ત્યાંની હવામાં જે તણાવ વ્યાપ્ત છે, તે દુઃખદ બાબત છે. શિમલામાં બુધવારે તણાવ ફેલાઈ ગયો, જ્યારે એક ગેરકાયદે મસ્જિદ વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા સેંકડો લોકો બેકાબૂ બની ગયા. મહિલાઓને પણ મોટી સંખ્યામાં ધર્મસ્થળ વિશેષ વિરુદ્ધ નારા લગાવતા જોવામાં આવી. જોકે આ પ્રદર્શન સામે પોલીસ કે પ્રશાસન પહેલેથી સચેત હોય તેવું લાગ્યું નહીં. તેઓ પ્રદર્શનની તીવ્રતાનો અંદાજ ન લગાવી શક્યા. શિમલામાં જે થયું તેને પ્રશાસનની ટાળવાની વૃત્તિનું કારણ ગણી શકાય. પ્રશાસને કોશિશ કરવાની હતી કે આવા પ્રદર્શનની નોબત જ ન આવે. સૌથી મોટો સવાલ એ છે કે જો કોઈ મસ્જિદનું ગેરકાયદે નિર્માણ થઈ રહ્યું હતું ત્યારે શું ત્યાંની સરકાર ઊંઘતી હતી? કોના આશીર્વાદથી આટલું મોટું ગેરકાયદે નિર્માણ થઈ ગયું? આખરે કોઈ ધાર્મિક સમૂહે આટલી તીવ્રતાથી વિરોધ કરવાની જરૂર કેમ પડી? બહુસંખ્યક હિંદુઓએ જ્યારે વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું ત્યારે જ પ્રશાસને ચેતી જવા જેવું હતું. પ્રશાસનની એ પ્રાથમિક જવાબદારી છે કે તે સાંપ્રદાયિક તણાવને વધતો રોકવાના હરસંભવ ઉપાય કરે. પ્રશાસનની જવાબદારી છે કે કોઈને એવું ન લાગે કે તેની સહાનુભૂતિ કોઈ ચોક્કસ વર્ગ વિશેષ સાથે છે. જો ગેરકાયદે નિર્માણ થયું હોય તો તેના વિરુદ્ધ સ્થાનિક પ્રશાસને જ પહેલી કાર્યવાહી કરવી જોઈએ, અને જો નિર્માણ ગેરકાયદે ન હોય તો તેણે તરત જ પુરાવા આપી વિરોધ પક્ષને શાંત પાડવો જોઈએ. જોકે ખુદ સરકારના જ એક ધારાસભ્યએ નિર્માણ ગેરકાયદે હોવાનું કહ્યું છે. પરંતુ પ્રશાસને આખી વાતને ટાળ્યે રાખી, જેને કારણે આ વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યું. શિમલા જેવા પર્યટનના મોટા કેન્દ્રમાં કોઈપણ પ્રકારની સાંપ્રદાયિકતાનું પ્રદર્શન બહુ અફસોસની વાત છે. શિમલામાં જો સાંપ્રદાયિકતાની જમીન તૈયાર થાય છે તો તે બંને પક્ષ માટે ખતરાની ઘંટડી છે. આપણા દેશમાં મોટાભાગનાં પર્યટન કેન્દ્રો આબાદીનો બોજ વેઠવાની સાથે જ પોતાના મૂળ માળખાને પણ બદલતાં જાય છે. નવાં-નવાં ધર્મસ્થળોના વિકાસ-વિસ્તારની તેજ થતી પરિપાટી ચિંતા વધારે છે. સૌથી વધુ ચિંતા એ વાતની છે કે આ મુદ્દો ક્યાંક રાજકીય રૂપ ન લઈ લે.

## સરકારને ઉખાડી ફેંકવામાં આવી અને જીવ બચાવવા માટે ભાગીને ભારતમાં શરણ

પહેલાં પાકિસ્તાન અને હવે બાંગ્લાદેશમાં તખ્તાપલટનો આરોપ અમેરિકા પર લાગ્યો છે. ગત દિવસોમાં બાંગ્લાદેશનાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ એ આરોપ લગાવ્યો હતો કે બાંગ્લાદેશ અને મ્યાંમારના કેટલાક હિસ્સાને અલગ કરીને પૂર્વી તિમોર જેનો એક 'ઈસાઈ દેશ' બનાવવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. ત્યારબાદ તેમની સરકારને ઉખાડી ફેંકવામાં આવી અને જીવ બચાવવા માટે તેમણે ભાગીને ભારતમાં શરણ લેવું પડ્યું. તેમણે એમ પણ કહ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીમાં ચૂંટણીમાં તેમને જીતાડવાની લાલચ આપવામાં આવી હતી. લાલચ આપનારાએ તેમને બાંગ્લાદેશમાં પોતાનું એક એરબેઝ સ્થાપિત કરવાની શરત મૂકી હતી. તેમણે કોઈ દેશનું નામ તો નથી લીધું, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તર પર અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવને કારણે અમેરિકા પર શંકા જાય છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને પણ જ્યારે અમેરિકા વિરુદ્ધ મોરચો ખોલ્યો તો તેમની સરકાર બેદખલ થઈ ગઈ અને તેમને જેલની કોટડીમાં ધકેલી દેવામાં આવ્યા. શેખ હસીનાએ જે ભાવિ ઈસાઈ દેશ તરફ ઈશારો કર્યો હતો, તેમાં ભારતના પૂર્વોત્તરના કમ સે કમ પાંચ રાજ્યો - અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને મેઘાલયને પણ સામેલ કરવાનાં ષડયંત્ર થઈ રહ્યાં છે. આ પાંચ રાજ્યોમાંથી ત્રણ મિઝોરમ, નાગાલેન્ડ અને મેઘાલય ઈસાઈ બહુમતી થઈ ગયા છે. જે ઝડપથી પૂર્વોત્તરમાં ધર્માંતરણનું ષડયંત્ર ચાલી રહ્યું છે, તેના આધાર પર એ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નજીકના ભવિષ્યમાં અરુણાચલ પ્રદેશ અને મણિપુર પણ ઈસાઈ બહુમતી થઈ જશે. મિઝોરમમાં ઈસાઈ આબાદી ૯૦ ટકા છે. ૧૯૫૧માં નાગાલેન્ડમાં ઈસાઈ ૪૬.૦૪ ટકા હતા, જે ૨૦૧૧માં વધીને ૮૭.૯૨ ટકા થઈ ગયા. મેઘાલયમાં પણ ૧૯૬૧માં ઈસાઈ જનસંખ્યા ૩૫.૨૧ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૭૪.૫૯ ટકા થઈ ગઈ. અરુણાચલમાં ૧૯૭૧ સુધી માત્ર ૦.૭૮ ટકા જ ઈસાઈ હતા, જે ૨૦૧૧માં વધીને ૩૦.૨૬ ટકા સુધી પહોંચી ગયા. ૧૯૫૧માં મણિપુરમાં ઈસાઈ જનસંખ્યા ૧૧.૮૪ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૪૧.૨૮ ટકા થઈ ગઈ. આ રાજ્યોને પરસ્પર જોડવા માટે અસમના કાર્બી આંગલોંગ જિલ્લાને પસંદ કરવામાં આવ્યો છે. ગત ચાર દાયકામાં આ જિલ્લામાં ઈસાઈ સાત ટકાથી વધીને ૧૭.૫૦ ટકા થઈ ગયા છે. ભારતનું વિભાજન હિંદુ-મુસ્લિમના આધાર પર થયું હતું. વિભાજન બાદ દેશમાં નારા લગાવાતા રહ્યા, 'હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, સબ હૈ ભાઈ-ભાઈ'. ૧૯૪૭માં બે ભાઈ વચ્ચે ભાગલા પડી ગયા તો બાદમાં બે અન્ય પણ ભાગલાની માંગ કરવા લાગ્યા. આઝાદીના તરત બાદ પૂર્વોત્તરમાં કેટલાક લોકોએ ઈસાઈ સશસ્ત્ર સંઘર્ષ છેડી દીધો. ૧૯૮૦માં પંજાબમાં પણ કેટલાક અલગતાવાદી ખાલિસ્તાનનો નારો લગાવવા માંડ્યા. પૂર્વોત્તરના રાજ્યોમાં ઈસાઈકરણનું અભિયાન ભાગલાવાદને જ બળ આપી રહ્યું છે. આ દેશના સાધન સંપન્ન અને ઈસાઈ મિશનરીઓ દ્વારા સંચાલિત શિક્ષણ સંસ્થાઓમાંથી ભણીને નીકળેલો અને ઉચ્ચ પદો પર વિરાજમાન પ્રબુદ્ધ વર્ગ પોતાની સેક્યુલર છબિ જાળવી રાખવા તથા પશ્ચિમી દેશોમાં 'વિઝા' સંબંધી મુશ્કેલીઓથી બચવા માટે પૂર્વોત્તરમાં ચલાવવામાં આવતા ઈસાઈ અલગતાવાદ પર મૌન ધારણ કરીને બેઠા છે. ઈસ્લામિક આતંકવાદની જેમ જ પૂર્વોત્તરમાં અનેક ઈસાઈ ઉગ્રવાદી સંગઠનો પણ સક્રિય છે. ત્રિપુરામાં સંચાલિત નેશનલ લિબરેશન ફ્રંટ ઓફ ત્રિપુરા (એનએલએફટી)ના ઉગ્રવાદીઓએ ૧૯૯૯માં વનવાસી કલ્યામ આશ્રમના ચાર પદાધિકારીઓનું અપહરણ કરીને તેમને બાંગ્લાદેશ લઈ જઈને તેમની હત્યા કરી દીધી હતી. તેઓ શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગારને લઈને જનજાતિ સમાજમાં કાર્યરત વનવાસી કલ્યાણ આશ્રમને કામ કરતાં રોકવા માગતા હતા. ગત દિવસોમાં એનએલએફટીની સાથે કેન્દ્ર સરકારની શાંતિ સમજૂતી તો થઈ ગઈ, પરંતુ ભવિષ્યમાં તેના લોકો કોઈ અન્ય નામે ફરીથી સશસ્ત્ર સંઘર્ષ નહીં છેડે તેની કોઈ ગેરંટી નથી. ઈસાઈ બહુમતી નાગાલેન્ડમાં વિરોધને કારણે જ અટલ બિહારી વાજપેયીના અસ્થિઓને ત્યાંની સૌથી મોટી નદી ડોયાંગને બદલે એક નાનકડી નદીમાં વિસર્જિત કરવા પડ્યા હતા.

**રામદેવ પીરનો જન્મ આજથી આશરે ૬૦૦ વર્ષ પહેલાં રાજસ્થાનનાં બારમેર જિલ્લામાં સંવત ૧૪૦૯ ની ભાદરવા સુદ બીજને દિવસે થયો હતો**

# કહે રામદેવ સુણો ગતગંગા! અંધશ્રદ્ધા નહીં પણ શ્રદ્ધાથી ૨૪ ફરમાન જે સૌનું ભલું કરવા પ્રેરે એવાં



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આ ૨૪ ફરમાન જીવનનાં એકોએક તબક્કામાં અમલમાં મૂકીએ તો અસરકારક પરિણામ આપે, પણ અત્યારે જેમ અન્ય સંપ્રદાયમાં થયું એવું રામાપીરના સેવકોએ ચમત્કારને જ ધર્મ માની લીધો હોય, એમ નેજો, દેગ કે ધજા ચડાવવી એમાં દેખાદેખી અને અંધશ્રદ્ધા પ્રવેશી ગઈ, અને મૂળ સત્ય ઢંકાઈ ગયું, પહેલાં આસપાસ આવો ઉત્સવ કે આખ્યાન થતું, તો મને બરાબર યાદ છે મમ્મી કહેતી, એ આપણો ધર્મ નથી!**

આજે ૧૪/૯ મમ્મીની ચોથી પુણ્યતિથિ! મમ્મીનો જન્મ દિવસ અનંત ચૌદસનો એટલે કે ગણેશ વિસર્જનને દિવસે. આપણે ત્યાં કહેવત છે કે મા તે મા બીજા વગડાના વા! પણ મોટેભાગે સંતાન આ સત્ય સમજે એ પહેલાં એણે વિદાય લઈ લીધી હોય છે! પ્રેમ તો અંદરોઅંદર બંને પક્ષે બહુ કર્યો હોય, પણ ઈશ્વર સમકક્ષ જે ઉંચુ સ્થાન દેવું જોઈએ, એવું થતું નથી. મમ્મીને આજે પુણ્યતિથિ ઉપરાંત યાદ કરવાનું એક કારણ એ છે કે એણે અમને કાયમ સાત્વિક શ્રદ્ધાનું દૂધ પાયું! અંધશ્રદ્ધાથી દૂર રાખ્યા! અત્યારે ભાદરવામાં વિષ્ણુનાં અવતાર ગણાતાં રામાપીરનો જન્મ ભાદરવા સુદ બીજને દિવસે છે, અને ભાદરવાની નોમથી અગિયારસ એટલે કે એમની સમાધિના દિવસ સુધી રામદેવ પીરનાં નોરતાં આવે છે. રણુજાના રાજા રામદેવ પીર મારો દોહો સાંભળો જી રે... આ લગભગ બધાંએ સાંભળ્યું જ હશે. રામદેવ પીરનો જન્મ આજથી આશરે ૬૦૦ વર્ષ પહેલાં રાજસ્થાનનાં બારમેર જિલ્લાનાં કાશ્મીર ગામમાં સંવત ૧૪૦૯ ની ભાદરવા સુદ બીજને દિવસે થયો હતો. તેમની માતાનું નામ મિનલ દેવી અને પિતાનું નામ અજમલ રાય હતું. તેમના પિતા આ વિસ્તારના રાજા હતાં. કાશ્મીર ગામ હાલમાં રામદેવરા તરીકે પણ ઓળખાય છે. ૧૪ મી સદીમાં થયેલા નિઃસંતાન રાજા અજમલ દ્વારકા ગયાં, અને ત્યાં ભગવાન કૃષ્ણ પાસે તેમના જેવા સંતાનની ઈચ્છા કરી. ભગવાનનાં આશીર્વાદથી તેમને વિરમદેવ અને રામદેવ બે પુત્રો થયા, અને એટલે જ ઘણાં રામદેવ પીરને કૃષ્ણાવતાર કહે છે. માત્ર ૩૩ વર્ષની ઉંમરે ૧૪૪૨માં તેણે આ સમાધિ લીધી હતી. રામાપીરની જીવનગાથા વિશે સંશોધન કરતી હતી, તો એમણે એમનાં જીવન દરમિયાન દલિત અને નીચલા વર્ગના લોકો માટે ખૂબ કામ કર્યું! એ બતાવે છે કે છેક છેવાડાના માનવી સુધી જાય એ જ ઈશ્વર છે. રામાપીરને હિન્દુઓ તેમજ મુસ્લિમ પણ માને છે. એમણે પોતાનાં અનુયાયીઓને સંબોધીને ૨૪ ફરમાન પણ કહ્યાં છે, જે સૌનું ભલું કરવા પ્રેરે એવાં છે, પણ ક્યાંય અંધશ્રદ્ધા વધે એવી વાત નથી, જ્યારે એમનાં અનુયાયીઓ તો દિવસે ને દિવસે અંધશ્રદ્ધાનાં ચકરડમા ઘેરાતાં જાય છે.

કહે રામદેવ સુણો ગતગંગા,

(૧) પાપથી કાયમ દૂર રહેવું ધર્મમાં આપવું નિજ ધ્યાન;જીવમાત્ર પર દયા રાખવી ભુખ્યાને દેવું અન્નદાન.

(૨) ગુરુચરણમાં પાપ પ્રકાશો પરમાર્થ કાજે રહેવું તૈયાર; જૂજ જીવવું જાણી લેજો કરવો સાર અસારનો વિચાર.

(૩) વાદ વિવાદ કે નિંદા ચેષ્ટા કરવી શોભે નહિ ગતના ગોઠીને;આવતા વાયકને હેતે વધાવવું નિજ અંતર ઢંઢોળીને.

(૪) ગુરુપદ સેવા પ્રથમ પદ જાણો મળે જ્ઞાન સારને ધાર; ધણી ઉપર ધારણા રાખો તો ઉપજે ભક્તી તણી લાર.

(૫) તનથી ઉજળા મનથી મેલા ધરે ભગવો વેશ;તે જન તમે જાણો નુગરા જેને મુખડે નૂર નહિ લવલેશ.

(૬) સેવા મહાત્મય છે મોટું જેમાં તે છે સનાતન ધર્મ નિજાર;જતી સતીનો ધર્મ જાણો ત્યજી મોહમાયાની જંજાળ.

(૭) વચન વિવેકી જે હોય નરનારી નેકી ટેકીને વળી વૃતધારી; તે સૌ છે સેવક અમારા જે હોય સાચાને સદાચારી.

(૮) માત મિતા ગુરુ સેવા કરવી કરવો અતિથી સત્કાર;સ્વધર્મનો પહેલા વિચાર કરવો પછી આદરવો આચાર.

(૯) પ્રથમ પરોઢીયે વ્હેલા ઉઠવું પવિત્ર થઈ લેવું ધણીનું નામ; એકમના થઈ અલખને આરાધવા પછી કરવા કામ તમામ.

(૧૦) એક આસને અજપા જાપ જપવા અંતઃકરણ રાખવું નિષ્કામ; દશેય ઈન્દ્રીયોનુ જ્યારે દમન કરશો ત્યારે ઓળખાશે આત્મરામ.

(૧૧) દિલની ભ્રાંતી દૂર કરવી, ત્યજવા મોહ માન અભિમાન;મૃત્યુ સિવાય સર્વે મીથ્યા માનવું સમજવું સાચુ જ્ઞાન.

(૧૨) સંપતિ પ્રમાણે સોડ તાણવી કિર્તિની રાખવી નહિં ભુખ; મોટપનો જો અહં ત્યજશો તો મટી જાશે ભવ દુઃખ.

(૧૩)સદવર્તનને શુભાચાર કેળવવા વાણી વદતાં કરવો શુધ્ધ વિચાર; સ્વાશ્રયે જીવન વિતાવવું અલખ ધણીનો લઈ આધાર.

(૧૪) દીનજનોના સદા હિતકારી પરદુઃખે અંતર જેનું દુઃખાય;નિશ્ચય જાણવા તે સેવક અમારા કદીએ નવ વિસરાય.

(૧૫) નિસ્વાર્થીને વળી સમભાવી જેને વચનમાં પૂર્ણ વિશ્વાસ;એક ચિતે ભકિત કરે તેને જાણવા હરિના દાસ

(૧૬) જનસેવામાં જીવન ગાળે તે નર સેવા ધર્મી કહેવાય; ઉંચ નીચનો ભેદ ન રાખે તેવા સમદર્શી નર પૂજાય.

(૧૭) ભક્તજન અમારા જાણવા સર્વે જેને છે મુજ ભકિતમાં વિશ્વાસ; અંતરિક્ષ અને પ્રગટ પરચો પામે પામે પૂર્ણ વિશ્વાસ.

(૧૮) કોઈ જન સાચા કોઈ જન ખોટા આપ મતે ચાલે સંસાર; પરવૃતિમાં ચાલે કોઈ વિરલાં કોઈ વિવેકી નર ને નાર.

(૧૯) ભકિતને બહાને થાય કોઈ અનાચારી તો કોઈ વ્યભિચારી;તે જન નહિ સેવક અમારા નહિ પાટપૂજાના તે અધિકારી.

(૨૦) ભકિતભાવ નિષ્કામ કર્મમાં જે તે ભક્ત અમારા સત્ય સુજાણ;

નરનારી તે પ્રેમે પામે ચોવીસ અવતારની આજ્ઞા પ્રમાણ.

(૨૧)સભામહિ સાંભળવું સૌનું રહેવું મુજ આજ્ઞા પ્રમાણ;મુજ પદનો તે છે જીવ અધિકારી પામી પદ નિરવાણ.

(૨૨) નવને વંદન, નવને બંધન, વળી જે હોય નવઅંકા; નવધા ભક્તિ તે નરને વરે, વરે મુક્તિને કોઈ નરબંકા.

(૨૩) દાન દીએ છતાં રહે અજાચી વળી પારકી કરે નહિ આસ; આઠે પહોર આનંદમાં રહે તેને જાણવો મુજ અંતર પાસ.

(૨૪) હું છું સૌનો અંતરયામી નિજ ભક્તનો રક્ષણહાર; ધર્મ કારણ ધરતો હું વિધવિધ રૂપે અવતાર.

આ ૨૪ ફરમાન જીવનનાં એકોએક તબક્કામાં અમલમાં મૂકીએ તો અસરકારક પરિણામ આપે. પણ અત્યારે જેમ અન્ય સંપ્રદાયમાં થયું એવું રામાપીરના સેવકોએ ચમત્કારને જ ધર્મ માની લીધો હોય, એમ નેજો, દેગ કે ધજા ચડાવવી એમાં દેખાદેખી અને અંધશ્રદ્ધા પ્રવેશી ગઈ, અને મૂળ સત્ય ઢંકાઈ ગયું. પહેલાં આસપાસ આવો ઉત્સવ કે આખ્યાન થતું, તો મને બરાબર યાદ છે મમ્મી કહેતી, એ આપણો ધર્મ નથી! ત્યારે કુતુહલ થતું, અને એમ પણ થતું કે મમ્મી આમ કેમ કહે છે? કારણકે એ ખૂબ ગહન સંસ્કાર ધરાવતી અને ઊંચનીચમાં માનનારી નહોતી, પણ મૂળમાં મમ્મી ધર્મને નામે થતા અધર્મથી એટલે કે અંધશ્રદ્ધાથી અમને દૂર રાખવા આમ કહેતી હશે. વર્ણાશ્રમ મુજબ આપણે ત્યાં પહેલાં ચોથા વર્ગના લોકો શિક્ષણ પ્રત્યે એટલા જાગૃત ન્હોતાં, ઉપરાંત અસ્પૃશ્યતાનું દૂષણ પણ ખરું! એટલે વેદપાઠ કે અન્ય શાસ્ત્ર વાંચન કેમ કરે ! એટલે આમ સીધાસાદા સૂત્રો કે ફરમાનની આજ્ઞા કરી આ મહાપુરુષે એ વર્ગને જીવન જ્ઞાન પાઠવ્યું! સંત કબીર, ગંગા સતી, અને સંત દેવીદાસ, અમર મા આ બધાએ આ રીતે સમાજને સ્વસ્થ અને શાંત રાખતી વાતો કરી જે ખરેખર સમાજને અનુશાસનમાં રાખવા જરૂરી હતું.

બારબીજના ધણી, નેજા ધારી નમઃ કે રામ દેવાય નમઃ મંત્ર ના રામાપીર બેશક વિષ્ણુ અવતાર હોય શકે! અને અવતાર સાથે જેમ ચમત્કારી શક્તિઓ આવતી હોય છે, એમ આ અવતારને પણ હતી. વિષ્ણુ અવતાર કહેવાયા છે! તો ત્યાંથી જ વાત શરૂ કરીએ એટલે કે ભગવાન રામ પહેલાંના અવતારો પોતાની નિશ્ચિત અવધિમાં એ કાર્ય પૂર્ણ કરીને વિદાય લીધી હતી, જેમ કે નૃસિંહ અવતાર, કે મત્સ્ય અવતાર, કે વામન અવતાર! પણ જેમ જેમ સમય આગળ ચાલતો ગયો તેમ તેમ એટલી સમય અવધિમાં ભગવત્ કાર્ય શક્ય નહોતું, માટે પછીના અવતારની સમય અવધિ લંબાઈ! એ બતાવે છે કે પૃથ્વી પર અધર્મ વધતો ગયો. ચિંતનના વિષય તરીકે સ્થાન આપ્યું છે, તો ખરેખર ચિંતન કરવું જરૂરી છે, કે શું ખરેખર એ મૂળ મહાપુરુષે કરેલ ફરમાન મુજબ જીવાયું છે? આપણાં એકનું નહીં સૌનું ભલું જેમાં સમાયું છે એમ જીવાય છે? દેગ ચડે કે ન ચડે! બીજ ભરાય કે ન ભરાય, ધજા ચડે કે ન ચડે! પણ ૨૪ ફરમાન મુજબ જીવાય તો જ એ નેજા ધારીના અનુયાયીઓ સાચાં! જે સમાજને અંધશ્રદ્ધાથી ગુમરાહ ન કરે ! પણ સચ્ચાઈનો સામનો કરતાં શીખવે! અને તો જ યુગે યુગે છેક છેવાડાનાં માનવી સુધી પહોંચતાં અવતારોનું જીવન સફળ થાય. જય રામદેવપીર.

**આપણે જાણીએ છીએ કે ગોમેધ એક વૈદિક યજ્ઞ હતો, તેમાં ગાયનો વધ થતો, આજે એ વાત સાંભળી ને આપણને ગ્લાનિ અને કંપ થાય છે**

# માનવ જીવનમાં કર્મોના ફળ ભોગવવા કટીબદ્ધ રહેવું પડે છે કારણ કે માણસ સંગ્રહ કરે છે બીજા જીવોને એવી કોઇ લાલસા હોતી નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**"દારૂડીઓ જ્યારે અહીંનું સ્થૂળ શરીર છોડીને જાય છે, ત્યારે પોતાની ટેવ પ્રમાણે દારૂની ઇચ્છા તૃપ્ત કરવા જ્યાં ત્યાં ફાંફાં માર્યા કરે છે, અને દારૂના પીઠામાં કોઈ દારૂ પીતો દારુડીએ મળી જાય તો તેની આજુબાજુ ભટક્યા કરે છે, પોતે તેના શરીરમાં પ્રવેશ કરીને કોઈ રીતે દારૂ પીવાના જે અધમ આનંદમાં તે ફસાયેલા હતો, તે મેળવી લે છે.''**

માનવ પોતાના જીવન-કાળમાં જેટલાં કર્મો કે ક્રિયાએ કરે છે અને કરી શકે છે, તેના સ્થૂળરૂપે ત્રણ ભાગ પાડવામાં આવે છેઃ શુભ, અશુભ અને મિશ્ર. શુભ અને અશુભ કર્મની કોઈ નિયત વ્યાખ્યા કરવીએ બહુ કઠિન કાર્ય છે. તેથી તેની ઝીણવટમાંરજૂઆત કરવાની આવશ્યક્તા નથી. સામાન્ય રીતે શુભ-અશુભ કર્મની એક જ વ્યાપક પરિભાષા હોઈ શકે છે અને તે એ કે "દેશ અને કાળને અનુસરી અમુક સમાજના હિતચિંતક જે કર્મને પોતાના રાષ્ટ્ર સમાજ કે જ્ઞાતિ માટે કર્તવ્યની સીમામાં લઈ આવ્યા તે શુભ કર્મ; અને જેનો ત્યાગ થયો તે અશુભ કર્મ'' એ જ વ્યાખ્યાને આધારે આપણે અતીત કાળનાં અને વર્તમાન કાળનાં ઉભયવિધ કર્મોને ઓળખી શકીએ છીએ. અને વર્તમાનની દૃષ્ટિએ કોઈ વિરોધ કે વિરોધાભાસ અતીત કાળમાં પ્રતીત થતો હોય તો તેનું સમાધાન પણ એ જ વ્યાખ્યા કરી શકશે. આપણે જાણીએ છીએ કે ગોમેધ એક વૈદિક યજ્ઞ હતો. તેમાં ગાયનો વધ થતો. આજે એ વાત સાંભળી ને આપણને ગ્લાનિ અને કંપ થાય છે; પણ તે સમયે તે ધર્મ હતો. ત્યારે જ અશ્વ મેધ, ગોમેધ, પિતરો ને માંસ પિંડદાન અને નિયોગવિધિ નો અંત આવ્યા. એક સમય હતો, આપણી આંખ આગળ પણ એ ભયંકર સમય હતો અને ઓછી વત્તી ભયંકરતા સાથે આજે પણ તે સમય વર્તે છે, જેમાં લોકો પરિવારને હિંદુ સમાજથી ખાદ્ય ગણતા હતા પણ આજે જે મર્યાદા બંધાઈ છે તે પ્રમાણે તેઓ પણ હિંદુ સમાજનું એક અવિભાજ્ય અંગ મનાય છે.તેથી શુભ અશુભની કલ્પનાની કોઈ સીમા બાંધી શકાય નહી. 'રાવણનાં રૂપનું, ધૈર્યનું સત્યનું અને તેનું શું વર્ણન કરવું? આ રાક્ષસોના રાજામાં સર્વ લક્ષણો સારાં લક્ષણો ભરેલાં પડયા હતા જો એનામાં અધર્મની માત્રા વધારે ન હોત તો આ ઈન્દ્ર સહિત સુર લોકનો પણ રક્ષક રાજા થાત-. 'કહેવાનું તાત્પર્યએ છે કે અધમમાં અધમ માણસમાં પણ અનેક સારા ગુણો હોય છે અને શુભ કર્મની ભૂમિકામાં તે પણ વિહાર કરે છે. તેથી એમ જ માનવાનું કે દરેક મનુષ્ય મિશ્ર કર્મ જ કર્યા કરે છે.એવું તો બને જ કે કોઈનાં શુભ કર્મો વધારે હોય અને અશુભ કાર્યો ઓછાં તેમજ કોઈનાઅશુભ કર્મો વધારે અને શુભ કર્મો ઓછાં આ મિશ્ર કર્મોનાં ફળ ઉભયલોક



માં એટલે આ લોકમાં અને પરલોકમાં પણ મળે છે. એક માણસ ચોરી કરે છે, દારૂ પીએ છે, વ્યભિચાર કરે છે, જુગાર રમે છે, સટ્ટો રમે છે. તેને અહીં પણ રાજદંડ મળે છે અને મર્યા પછી ગંદા વિચારા અને ગંદા સંસ્કારો સાથે તેનું સૂક્ષ્મ શરીર બીજા શરીરમાં જાય છે. ત્યાં પણ તેને ભારે અજ્ઞાનાન્ધકારમાં ભટકવું પડે છે. એવા જીવને યમરાજના દરબારમાં કોઈ દંડ મળે છે કે કેમ તે તો ભાગવતના બનાવનારવ્યાસ ભગવાન જાણે. તેમાં સાક્ષી પૂરી શકાય નહી. પણ તેને મૃત્યુકાળે, પહેલાં કહયું છું તેમ, ઘણું કષ્ટ થાય છે. કદાચ કૃતમ સ્મર કૃતમ સ્મરનો અવાજ તે સમયે તેને સંભળાતો હશે અને અકળાતા હશે. મૃત દશામાં પણ તેને દુઃખ થાય છે. "દારૂડીઓ જ્યારે અહીંનું સ્થૂળ શરીર છોડીને જાય છે,ત્યારે પોતાની ટેવ પ્રમાણે દારૂની ઈચ્છા તૃપ્ત કરવા જ્યાં ત્યાં ફાંફાં માર્યા કરે છે. અને દારૂના પીઠામાં કોઈ દારૂ પીતો દારુડીએ મળી જાય તો તેની આજુબાજુ ભટકયા કરે છે. પોતે તેના શરીરમાં પ્રવેશ કરીને કોઈ રીતે દારૂ પીવાના જે અધમ આનંદમાં તે ફસાયેલા હતો, તે મેળવી લે છે.'' દરેક જાતનાં વ્યસન કરનારાને મર્યા પછી એવું જ કરવું પડે છે. તેથી જ કોઈના શરીરમાં પ્રવેશેલાં ભૂતોને આપણે કહેતા સાંભળીએ છીએ કે મને દારુ આપ,માંસ આપ અથવા અમુક વસ્તુ આપ તો તને છોડી દઉં. એક શરીરમાં એક શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ ભૂત થઈને પ્રવેશ્યો અને તેને ભૂતે સ્વરૂપે કહ્યું કે મને ભાગવતની સપ્તાહ કથા સંભળાવી દે તો હું તેમને છોડી દઉં. સપ્તાહ કથા વંચાતી હતી ત્યારે વાંચનાર ક્યાંક ભૂલ કરતા તો તે ભૂત સુધારતું, અને કહેતું કે આમ નહિં, આમ બોલ. સપ્તાહ શ્રવણ કરીને તે ભૂત ચાલ્યું ગયું. જે સ્ત્રી-પુરુષ અત્યંત વિષય લોલુપ હોય છે તેમના અંત કાળ અત્યંત ખરાબ નીવડે છે. તેઓને મૃત્યુકાળમાં પણ કામ ચેષ્ટા જ અને કામવાસના જ રહ્યાં કરે છે. મૃત્યુના અંતે જયાં સુધી તેઓનો પુનર્જન્મ થાય નહિ ત્યાં સુધી તે વાસનાઓની પ્રબળતાથી પીડિત થઈ તે સૂક્ષ્મ શરીર સાથે વૈશ્યાની પાસે વૈશ્યા ગામીએ પાસેવ્યભિચારિણી અને વ્યભિચારી સ્ત્રી-પુરૂષો પાસે ભટક્યા કરે છે. અત્યંતકામવાસના વાળી સ્ત્રીપ્રેત થયા પછી વેશ્યા અને વ્યભિચારિણીઓ પાસે જ સૂક્ષ્મ-શરીર થી રહે છે.લંપટ પુરુષો ત્યાં આવે છે, ભોગવિલાસ ચાલે છે; તે શાસ્ત્રો કહે છે કે જન્મ, આયુ અને ભોગ એ ત્રણે વસ્તુઓ પૂર્વજન્મોમાં કરેલાં કર્મોનાં ફળ છે. તેમનું તાત્પર્ય એ છે કે જીવ જેવાં કર્મો કરે છે તેવાં ફળ પરમાત્મા તરફથી પ્રાપ્ત કરે છે. એને એ રીતે સમજોઃત્રણ પ્રકાર ની યોનિ સંભવે છેઃકર્મ યોની, ફળ યોનિ અને ઉભય યોનિ એટલે તે યોનિ કે જેમાં કર્મનો આરંભ થાય છે. સૃષ્ટિના આરંભમાં જે જીવન મુક્ત આત્માઓ સ્વેચ્છાએ જગતના બંધનમાં આવે અને કર્મનો આરંભ કરે, તે કર્મ યોનિ કહેવાય છે.એવા આત્માઓ બ્રહ્મા આદિ છે. પશુ પક્ષી આદિ ફળયોનિ કહેવાય છે. કેમ કે તે કેવળ પૂર્વ માનવજન્મમાં કરેલાં કર્મોનાં ફળો અનુભવે છે. તેઓ કોઈ બંધન કારક કર્મ કરતાં નથી. તેમને પુણ્ય-પાપનો વિચાર જ નથી. તેમને માટે કોઈ શાસ્ત્ર જ નથી, તે માટે વિધિ પણ નથી અને નિષેધ પણ નથી.પાપ-પુણ્ય સંકલ્પાધીન હોય છે. તેઓ સંકલ્પ કરતાં નથી કરી શકતાં નથી. તેથી તે કર્મ કરવાની ખટ પટથી મુક્ત છે. કરે તો,તો કર્મ તેને બાંધી શકે નહી. એક આખલો એક માણસને શીંગડાથી મારી નાખે તે તેને નર-હત્યાનું પાપ અને હથિયાર બંધીનો ભંગ કરવાનો અપરાધ લાગુ પાડી શકાય નહિ. ત્રીજી ઉભયયોનિ એટલે કર્મયોનિ પણ અને ફળ યોનિ પણ, તે મનુષ્ય યોનિ છે. એમાં પૂર્વજન્મમાં કરાયેલાં કર્મોનું ફળ ભોગવાય છે. માનવ જીવનમાં કર્મોના ફળ ભોગવવા કટીબદ્ધ રહેવું પડે છે કારણકે માણસ સંગ્રહ કરે છે બીજા જીવોને એવી કોઇ લાલસા હોતી નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે જલઝીલણી એકાદશીની શુભકામના સાથે અસ્તુ.

### ૨૦ વર્ષના સંબંધો દરમિયાન તેમણે એકબીજાને ૫૦૦ પત્ર લખ્યા હતા


# મીના કુમારી અને કમાલ અમરોહીની લવ સ્ટોરી

## ફિલ્મ મેકર કમાલ અમરોહી વચ્ચે પ્રણય સંબંધ હોવાની દરેકને જાણકારી છે

હિન્દી ફિલ્મ જગતની સદા બહાર એક્ટ્રેસ અને દિગ્ગજ ફિલ્મ મેકર કમાલ અમરોહી વચ્ચે પ્રણય સંબંધ હોવાની દરેકને જાણકારી છે. મીના કુમારી ૧૮ વર્ષનાં હતાં અને કમાલ અમરોહી ૩૪ વર્ષના હતાં ત્યારે તેમની પ્રથમ મુલાકાત થઈ હતી. ઉંમરના મોટાં તફાવત છતાં બંને વચ્ચે લાગણી બંધાઈ અને તેમનો આ સંબંધ આજીવન રહ્યો હતો. ૨૦ વર્ષની તેમની આ લવ સ્ટોરી આધારિત ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. કમાલ અમરોહીનો પૌત્ર બિલાલ અમરોહી 'કમાલ ઔર મીના'ને પ્રોડ્યુસ કરવાનો છે. કમાલ-મીનાના જીવનના ૨૦ વર્ષના સંબંધોને આવરી લેતી ફિલ્મમાં બિલાલ ઉપરાંત સારેગામા અને રોહનદીપ સિંગ પણ પ્રોડ્યુસર છે. ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરૂ થશે, જ્યારે મ્યૂઝિક એ.આર. રહેમાન આપવાના છે. ફિલ્મની કાસ્ટ અંગેની માહિતી હજુ જાહેર થઈ નથી. સંજય દત્તે 'કમાલ ઔર મીના'નો એનાઉન્સમેન્ટ વીડિયો શેર કરતાં સાચી અને બિલાલને નવા સાહસ



માટે શુભેચ્છા આપી હતી. ફિલ્મના પ્રોડ્યુસર અને કમાલ અમરોહીના પૌત્ર બિલાલે જણાવ્યું હતું કે, તેમના દાદા કમાલ અમરોહીની અનટોલ્ડ લવ સ્ટોરી અને પાકિઝા ફિલ્મ બનાવવા તેમના સંઘર્ષને ફિલ્મમાં રજૂ કરવામાં આવે છે. સિનેમેટિક બ્રિલિયન્સ માટે ઓળખાતા કમલ અને લીજન્ડરી મીના કુમારીની આ લવસ્ટોરીએ ભારતીય સિનેમાનું ખૂબ સુંદર, છતાં કરુણ પ્રકરણ છે. કમાલ અને મીનાએ એકબીજાને લખેલા ૫૦૦ પત્રોનું તેમની પાસે કલેક્શન છે. તેમના સહજીવનની જર્નલ પણ સાચવી રાખેલી છે. હિન્દી ફિલ્મ જગતની સદા બહાર એક્ટ્રેસ અને દિગ્ગજ ફિલ્મ મેકર કમાલ અમરોહી વચ્ચે પ્રણય સંબંધ હોવાની દરેકને જાણકારી છે. બિલાલના પિતા તાજદાર અમરોહી શૂટિંગ દરમિયાન અને ત્યારબાદ પણ બંનેની સાથે રહેતા હતા. અન્ય કોઈને ખબર નથી તેવી હૃદયસ્પર્શી કથાને દુનિયા સમક્ષ રજૂ કરવી છે. ફિલ્મના ડાયરેક્ટર સિદ્ધાર્થ પી. મલહોત્રાએ અગાઉ 'હિચકી' અને 'મહારાજ' ફિલ્મો બનાવેલી છે. તેમણે જણાવ્યું હતું કે, મીના કુમારી અને કમાલના સંબંધો ખૂબ ગાઢ અને સર્જનાત્મક જોડાણ ધરાવતા હતા. મીના કુમારી ૧૮ વર્ષનાં હતાં અને કમાલ અમરોહી ૩૪ વર્ષના હતા ત્યારે તેમની મુલાકાત થઈ હતી અને ૨૦ વર્ષના સંબંધોની શરૂઆત થઈ હતી. 'પાકિઝા'ના શૂટિંગ પર તેઓ પહેલી વાર મળ્યા હતા. તેમની સ્ટોરીમાં પ્રેમ, લાગણી, ઉન્માદ અને સંગીત છે. ફિલ્મના મ્યૂઝિક માટે



ભવાની ઐયર, કૌસર મુનિર, ઈર્શાદ કામિલ સાથે એ.આર. રહેમાનનો સાથ મળ્યો છે. આ ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થઈ શકે છે. ફિલ્મની કાસ્ટને આગામી સમયમાં સત્તાવાર જાહેર કરવામાં આવશે.

# અક્ષયને ફરી સાથ આપશે પરેશ, રાજપાલ યાદવ અને અસરાની

સતત ફ્લોપ ફિલ્મોના રેકોર્ડ છતાં અક્ષય કુમારને નવી ફિલ્મો ઓફર થઈ રહી છે. અક્ષયે બે દિવસ પહેલાં ૫૭મા જન્મદિને સરપ્રાઈઝ એનાઉન્સમેન્ટ કરી હતી. જાણીતા ડાયરેક્ટર પ્રિયદર્શન સાથે ૧૩ વર્ષ બાદ અક્ષય કુમાર ફિલ્મ કરવાના છે, જેનું નામ 'ભૂત બંગલા' છે. અક્ષય અને પ્રિયદર્શને અગાઉ સંખ્યાબંધ હિટ કોમેડી ફિલ્મો આપી છે. આ વખતે અક્ષય-પ્રિયદર્શનની જોડી હોરર કોમેડી લઈને આવી રહી છે. રિસેન્ટ ડેવલપમેન્ટ મુજબ, અક્ષય કુમારની સાથે આ ફિલ્મમાં પરેશ રાવલ, રાજપાલ યાદવ અને અસરાનીની ત્રિપુટી જોવા મળશે. અક્ષય કુમાર અને પ્રિયદર્શને બોલિવૂડની યાદગાર કોમેડી ફિલ્મો આપેલી છે. જેમાં 'હેરાફેરી', 'ગરમ મસાલા', 'ભાગમ ભાગ' અને 'ભૂલ ભુલૈયા'નો સમાવેશ થાય છે. અગાઉ આ જોડીએ બોક્સઓફિસ પર મેળવેલી સફળતાને જોતાં 'ભૂત બંગલા'ને સારો રિસ્પોન્સ મળવાની શક્યતા છે. અક્ષય કુમારે પોતાનું એક્સાઈટમેન્ટ શેર કરતાં સોશિયલ મીડિયા ર જાવ્યું હતું કે, લાંબા સમય બાદ આ ડ્રીમ કોલાબરેશન થઈ રહ્યું છે. અક્ષય કુમારે ફિલ્મનું મોશન પોસ્ટર પણ શેર કર્યું હતું, જેમાં તે ખભા પર કાળી બિલાડી મૂકીને દૂધ પીતા દેખાય છે. અક્ષયનો આ અતરંગી લૂક જોઈને ફિલ્મના કોમેડી મિજાજનો અંદાજ આવી જાય છે. રિપોર્ટ્સ મુજબ, સ્ટોરીમાં યુનિક કોમેડી ફ્લેવર લાવવા માટે ત્રણ આઈકોનિક એક્ટર ફરી અક્ષયની સાથે જોવા મળશે.


### કરીનાએ કોસ્મેટિક એનહાન્સમેન્ટ સર્જરીને નકામી ગણાવી

# મારે બોટોક્સની જરૂર નથી, સૈફને હું આજે પણ સેક્સી લાગું છું : કરીના

## એક ઇન્ટરવ્યૂમાં કરીના કપૂરે કહ્યું કે તેને યુવાન દેખાવાની કોઈ જરૂર નથી

### દરેક જેન્ડરના કલાકારો માટે એક સામાન્ય બાબત ગણવામાં આવે છે

બોલિવૂડમાં કોસ્મેટિક સર્જરી અને બોટોક્સ દરેક ઉંમરના અને દરેક જેન્ડરના કલાકારો માટે એક સામાન્ય બાબત ગણવામાં આવે છે, એવા ઘણા કલાકારો છે જેમણે વિવિધ પ્રકારની સર્જરી કરાવી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કરીના કપૂરે કહ્યું કે તેને યુવાન દેખાવાની કોઈ જરૂર નથી. તેથી તેને બોટોક્સ કે કોઈ પ્રકારની કોસ્મેટિક એન્હાન્સમનેન્ટ સર્જરી કરવાની કોઈ જરીર નથી. તેણે પોતાની ઉંમરને અનુરૂપ રોલ કરવાની અને તેને તેના પર ગૌરવ હોવાની પણ વાત કરી હતી. કરીનાએ કહ્યું,“શરૂઆતથી જ, મારા આત્મવિશ્વાસ અને મારા કૌશલ્ય અને ડેડિકેશનના કારણે મને કામ મળતું જ રહેશે. મેં મારી જાતની સંભાળ રાખી છે અને હું શ્રેષ્ઠ દેખાઈ શકું તે માટે મેં હંમેશા ફિટ રહેવા પર ધ્યાન આપ્યું છે. મારા માટે સેલ્ફ કેર એટલે મારી જાત માટે સમય કાઢવો, પછી તે મિત્રો સાથે સમય વિતાવવાનો હોય કે પછી સૈફ માટે રસોઈ બનાવવાની હોય કે પછી કસરત કરવાની મજા લેવાની હોય. પરિવાર સાથે રહેવું કે કસરતની મજા લેવી બસ મજા આવવી જોઈએ. મારી જાતને સારા ભોજનથી ખુશ કરવી, કોઈ સાથે દિલથી વાત કરવી કે પછી એક સારી વાઈનની બોટલ મારા માટે જરૂરી છે.” આગળ



કરીનાએ કહ્યું,“ઉમર એ તમારી સુંદરતાનો એક ભાગ છે. એવું ન હોય કે તમે ઉમર થાય એટલે કરચલીઓ સાથે લડવા માંડો અને વધુ યુવાન દેખાવાના પ્રયત્નો કરવા માંડો. તમે જે ઉંમરના પડાવમાં હોય તેને માણો. હું ૪૪ની થઈ અને મને આટલું સારું ક્યારેય અનુભવાયું નથી. મને બોટોક્સ કે કોસ્મેટિક એન્હાન્સમેન્ટ સર્જરીની કોઈ જરૂર જણાઈ નથી. મારા હસબન્ડને હું સેક્સી લાગું છું, મારા મિત્રો કહે છે, હું સુંદર લાગું છું, મારી ફિલ્મો પણ સારી ચાલે છે. હું એવા રોલ કરું છું જે મારી ઉંમરને અનુરૂપ છે અને મને તેના પર ગર્વ છે. હું ઈચ્છું છું કે લોકો મને જેવી છું તેવી જ જુએ અને તે વખાણે.” કરીના કપૂરની 'ધ બકિંગહામ મર્ડર્સ' ૧૩ સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે. ત્યારબાદ તે મેઘના ગુલઝારની 'દાયરા' કરશે અને તે દિવાળી પર રિલીઝ થનારી 'સિંઘમ અગેઈન'માં પણ જોવા મળશે.

### મોંઘા કપડાં કબાટમાં મૂકવા માટે જ બન્યા છે : ઝીન્નત

# ઝીન્નત અમાને ડિઝાઇનર કપડાં ન પહેરી શકાય તેવાં ગણાવ્યાં

## ઝીન્નત અમાન ફિલ્મોમાં 'બન ટિક્કી' ફિલ્મ સાથે કમબેક કરી રહ્યાં છે

ઝીન્નત અમાન હંમેશા પોતાના વિચારો જેમ છે તેમ જ વ્યક્ત કરવા માટે જાણીતા છે. તાજેતરમાં જ તેમણે એક ઈન્ટાગ્રામ પોસ્ટ શેર કરી છે, જેમાં પણ તેમણે પોતાની આદત મુજબ પોતાના વિચારો બેધડક વ્યક્ત કર્યા છે. તેમણે તાજેતરની ફેશનમાં મોટા ભાગના કપડાંને ન પહેરી શકાય તેવા ગણાવ્યા છે. આ સાથે તેમણે ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો પહેલો ઓસ્કાર મેળવનાર કોસ્ચ્યુમ ડિઝાઈનર ભાનુ અથૈયા સાથેના પોતાના ઘનિષ્ઠ સંબંધની પણ વાત કરી હતી. તાજેતરની પોતાની પોસ્ટમાં ઝીન્નત અમાને ડિઝાઈનર ડ્રેસ પહેરીને પોસ્ટ કરેલી પોતાની એક તસવીર સાથે કૅપ્શનમાં લખ્યું હતું,“મને મારા જીવનમાં ઘણા અદ્‌ભૂત હાથની કારીગરીનો લાભ મળ્યો છે. માત્ર સિનેમામાં જ શ્રેષ્ઠ કારીગરો નહીં પણ ફેશનમાં પણ. અદ્‌ભૂત કારીગર ભાનુ અથૈયા, જેમને કોસ્ચ્યુમ ડિઝાઈનિંગ માટે ઓસ્કાર મળેલો, તેમણે મારા માટે 'સત્યમ શિવમ સુંદરમ' સહિતની ૧૫ જેટલી ફિલ્મોમાં મારા કોસ્ચ્યુમ્સ બનાવ્યા હતા.” ઝીન્નતે આગળ લખ્યું હતું,“તેઓ કુશળતા અને ઝીણવટપૂર્વક કામ કરતાં



હતાં, અમારી પહેલી મુલાકાત પછી થોડાં જ વખતમાં તેમણે મારા માપનું મેનેક્વીન પણ બનાવ્યું હતું. જે તેમનાં સ્ટુડિયોમાં ઊભું રહેતું અને તેના પર તેઓ પોતાને આવતી વિવિધ ડિઝાઈનના આઈડિયા અજમાવતાં હતાં. મારે બસ ટ્રાયલ માટે પહોંચી જવાનું રહેતું, આ વ્યવસ્થા મારી વ્યસ્તતા મુજબ મને બહુ માફક પડી ગઈ હતી. મારા જાવનમાં આટલાં આરામદાયક છતાં સેન્સ્યુઅલ કપડાં બીજા કોઈએ બનાવ્યા નથી.” આગળ ઝીન્નત અમાને પોતાને એક કેઝ્યુઅલ ડ્રેસર ગણાવતા લખ્યું, “મારો ઉલ્લેખ સતત એક હાઈફેશનને અનુસરતી મહિલા તરીકે કરવામાં આવે છે. પરંતુ જે લોકો મને ઓળખે છે તેઓ જાણે છે કે હું એક કેઝ્યુઅલ ડ્રેસર છું. જેને મોટાં ભાગના ડિઝાઈનર કપડાં પહેરવા યોગ્ય લાગતાં નથી. મારી એક અત્યંત સમૃદ્ધ મિત્ર, જેના દુબઈ અને લંડનમાં મોટા મ્યુઝીયમ કે મહેલા જેવી હવેલીઓ છે, તે મને નિયમિત રીતે અત્યંત ફેશનેબલ અને ડિઝાઈનર કપડાં ગિફ્ટ કર્યા કરે છે અને પછી ગુસ્સો કરે છે કે એ કપડાં મારા કબાટમાં સચવાઈ રહેવા માટે જ બન્યાં છે. સખત મોંઘા કપડાનું આ સૌથી ખરાબ કમનસીબ છે. મારી માની મોંઘી સાડીઓ, જે મને સૌથી અર્થપૂર્ણ લાગે છે તે પણ મારા કબાટમાં ક્યાંક નીચે દબાયેલી પડી છે. ક્યારેક મને તે પહેરવાનો અવકાશ મળશે અથવા તો એ સાડીઓમાંથી હું પહેરી શકું એવા ડિઝાઈનર કપડાં બનાવડાવીશ ક્યારેક.” ઝીન્નત અમાન ફિલ્મોમાં 'બન ટિક્કી' ફિલ્મ સાથે કમબૅક કરી રહ્યાં છે, જેમાં શબાના આઝમી પણ છે અને આ ફિલ્મ ફરાઝ આરીફ અન્સારીએ ડિરેક્ટ કરી છે.

### બંનેના કલાકારો ખૂબ લોકપ્રિય છે અને તેઓ એકબીજાના કામને પણ વખાણે છે

# રાણા દુગ્ગુબાતી અભિનેતા શાહરૂખ ખાનને પગે પડ્યો

## નવો લૂક જોઈને તેના ફેન્સ પણ ખુશ થઈ ગયા હતા, છેલ્લા એક વર્ષથી ફેન્સ તેને લાંબા વાળ અને પોનીમાં જોતાં હતાં

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હોય કે પછી સાઉથની પ્રાદેશિક ફિલ્મો હોય, બંનેના કલાકારો ખૂબ લોકપ્રિય છે અને તેઓ એકબીજાના કામને પણ વખાણે છે. તેના કારણે આજે માત્ર પ્રાદેશિક સ્તરે ફિલ્મો રિલીઝ થવાને બદલે પૅન ઈન્ડિયા ફિલ્મ રિલીઝ કરવાનું મહત્વ વધી ગયું છે. તેના કારણે છેલ્લાં થોડાં વખતથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી કે પછી સાઉથ ઈન્ડસ્ટ્રીની ભેદરેખા ઘણી આછી થઈ ગઈ છે. રાણા દુગ્ગુબાતી મોટાભાગે તેલુગુ ફિલ્મોમાં કામ કરે છે, પરંતુ તેનું કામ હિન્દી ફિલ્મોમાં પણ વખણાયું છે. જેમકે 'બેબી', 'દમ મારો દમ' અને 'યે જવાની હે દિવાની'. તાજેતરમાં એક કાર્યક્રમમાં બંને ઈન્ડસ્ટ્રીના કલાકારો એક સાથે એકઠા થયા હતા. જેમાં શાહરૂખ ખાન, કરણ જોહર, સિદ્ધાંત ચતુર્વેદી સહીતના કલાકારો સાથે રાણા દુગ્ગુબાતી પણ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમમાં જ્યારે રાણાને સ્ટેજ પર બોલાવવામાં આવ્યો તો શાહરૂખે તેને ભેટીને કિસ કરી હતી. તેના પ્રતિસાદમાં રાણા શાહરૂખ અને કરણ બંને પગે





પડ્યો હતો અને કહ્યું,“અમે સંપૂર્ણ દક્ષિણ ભારતીય છીએ. આમે આવું જ કરીએ છીએ.” જે વાત શાહરૂખ અને કરણને સ્પર્શી ગઈ હતી. જ્યારે આ ઈવેન્ટમાં શાહરૂખનો નવો લૂક જોઈને તેના ફૅન્સ પણ ખુશ થઈ ગયા હતા. છેલ્લા એક વર્ષથી ફૅન્સ તેને લાંબા વાળ અને પોનીમાં જોતાં હતાં, ત્યારે ટૂંકા કપાવેલાં વાળ સાથે તેને જોઈને ફૅન્સે સોશિયલ મીડિયા પર કમેન્ટ્સનો વરસાદ કરી દીધો હતો. શાહરૂખે આ ઈવેન્ટમાં





તેના દિકરા આર્યન ખાનની ફેશન લાઈનના કેઝ્યુઅલ બ્લેક કપડાં પહેર્યા હોવાનું તેના ફૅન્સનું તારણ હતું. આ લૂક તેની આવનારી ફિલ્મ 'કિંગ' માટેનો હોવાની પણ ચર્ચાઓ થઈ હતી. જેમાં દરેકે સ્વીકાર્યું હતું કે તે આ લૂકમાં પહેલાં કરતાં વધુ હેન્ડસમ દેખાતો હતો. આ ઈવેન્ટની તસવીરો કરણ જોહરે પોતાના સોશિયલ મીડિયામાં શેર કરીને તેણે પણ શાહરૂખને પોતાનો ભાઈ ગણાવીને તેના વખાણ કર્યા હતા.

# સલમાન ખાને રૂ.૧૬૭ કરોડની હિરા જડેલી ઘડિયાળ પહેરી

સલમાન ખાન સાથે નામ જોડાય તે બ્રાન્ડ માટે લોકોની ઉત્સુકતા વધી જતી હોય છે. સલમાને લક્ઝરી બ્રાન્ડ માટેની ચોઈસને કરોડો રૂપિયાની ઘડિયાળ સાથે શેર કરી હતી. પોતાના કાંડા પર ઘડિયાળ બતાવી રહેલા સલમાનનો વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. આ ઘડિયાળની કિંમત ૨૦ મિલિયન ડોલર એટલે કે રૂ.૧૬૭ કરોડ હોવાનું કહેવાય છે. જાણીતા જ્વેલર જેકોબ અરબો દ્વારા આ વીડિયો શેર કરવામાં આવ્યો છે. લક્ઝરી વોચ અને જ્વેલરી બ્રાન્ડના સ્થાપક અરબોએ અદ્‌ભૂત અને અત્યંત કિંમતી ટાઈમપીસ સલમાનના કાંડે મૂક્યો હતો. તેમણે પોસ્ટમાં જણાવ્યું હતું કે, હું મારી બિલિયોનર કોઈને ટ્રાય કરવા દેતો નથી, પરંતુ સલમાન ખાનને તેમાં અપવાદ રાખ્યા છે. પોસ્ટમાં દેખાતી ઘડિયાળ અરબો જ્વેલરી બ્રાન્ડના 'બિલિયોનર' કલેક્શનમાં આવે છે. તેની કિંમત જાણીને જ આંખો પહોળી થઈ જાય તેમ છે. કંપનીની ઓફિશિયલ વેબસાઈટ મુજબ આ ઘડિયાળમાં ૬૦૦ હિરા જડેલા છે અને ૧૨૦ કેરેટનું ઉમદા નિર્માણ છે. આવી ઘડિયાળ ખૂબ ઓછી બનાવવામાં આવી છે, જેથી દુનિયાના ગણતરીના લોકો પાસે જ તેનું કલેક્શન હોય અને સાચા અર્થમાં તેને બિલિયોનર ચોઈસ તરીકે સ્થાપિત કરી શકાય. વીડિયોના અંતમાં ઘડિયાળની જટિલ બનાવટને સલમાન ખાન વખાણતા નજરે પડે છે. કેટલાક લોકોનું માનવું છે કે, આ વીડિયો અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના વેડિંગ વખતનો છે. લક્ઝરી વોચ મેકર પોતે પણ આ વેડિંગમાં હાજર રહ્યા હતા. વેડિંગ દરમિયાન સલમાન સાથે તેમની મુલાકાત થઈ હતી. સલમાન ખાને આ ઘડિયાળ ખરીદી છે કે, પછી માત્ર થોડા સમય માટે પહેરી હતી તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી. સલમાન પાસે આ ઘડિયાળ હોય તો ક્રિસ્ટિઆનો રોનાલ્ડો, જે ઝેડ, ડેવિડ બેકહેમ જેવા જૂજ સિતારાની હરોળમાં તેઓ આવી જશે, કારણ કે તેમની પાસે અગાઉથી આ ઘડિયાળ છે.



# અનિલ અરોરાએ આત્મહત્યા પહેલા કોને કર્યો છેલ્લો 'કોલ'

## અભિનેત્રીની માતાએ કર્યો ખુલાસો, મલાઈકાના પિતાએ અનિલ અરોરાએ છત પરથી કૂદીને આત્મહત્યા કરી હતી

બુધવારે જ્યારે વહેલી સવારે મલાઈકા અરોરાના પિતા અનિલની આત્મહત્યાના સમાચાર સામે આવ્યા ત્યારે ફિલ્મી દુનિયા હચમચી ગઈ હતી. અનિલ અરોરાએ પોતાના એપાર્ટમેન્ટના છઠ્ઠા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી. અભિનેત્રી અને તેના પરિવારની હાલત હાલમાં ખરાબ છે. દરેકના મનમાં આ સવાલ ઉઠી રહ્યો છે કે શું કારણ હતું કે અનિલે આટલું મોટું પગલું ભર્યું. દરમિયાન, આ મામલે મલાઈકાની માતા જોયસ પોલીકાર્પનું લેટેસ્ટ નિવેદન સામે આવ્યું છે, જેમાં તેણે જણાવ્યું છે કે અનિલે તેની સાથે છેલ્લે કોની સાથે વાત કરી હતી. મલાઈકા અરોરા અને અમૃતા અરોરાની માતા પોલી જયસ્કર્પે મુંબઈ પોલીસને આપેલા નિવેદનમાં



જણાવ્યું છે કે, તે સવારે લગભગ ૯ વાગ્યાનો સમય હતો. મેં અનિલને આખા ઘરમાં શોધ્યો, તેના રોજિંદા ચપ્પલ રૂમની બહાર નીચે હતા, પણ તે ત્યાં હાજર નહોતો. પછી મેં નીચે જોયું અને જોયું કે અમારી સોસાયટીનો ગાર્ડ મદદ માટે બૂમો પાડી રહ્યો હતો. અનિલની લાશ જોઈને હું સ્તબ્ધ થઈ ગયો. મને સમજાતું નથી કે શું થયું અને કેવી રીતે થયું. તેમની બંને પુત્રીઓ સાથેની તેમની છેલ્લી ફોન વાતચીતમાં તેમણે કહ્યું કે હવે હું થાકી ગયો છું. અનિલ અરોરાની પત્નીએ આત્મહત્યા કરતા પહેલા જ સંપૂર્ણ માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે પિતાના મૃત્યુની આગલી રાતે મલાઈકા અરોરા એક ઈવેન્ટનો ભાગ બનવા માટે પૂણે ગઈ હતી. મલાઈકા અરોરાના પિતા અનિલ પંજાબી પરિવાર સાથે સંબંધ ધરાવતા હતા. તેણીના લગ્ન મલયાલમ ક્રિશ્ચિયન જોયસ પોલીકાર્પ સાથે થયા હતા. અલગ ધર્મમાં લગ્ન કરવાને લઈને તેમના પરિવારમાં ઘણો મતભેદ હતો. જો કે, મલાઈકા અરોરા અને અમૃતા અરોરાના જન્મ પછી વસ્તુઓ સામાન્ય થઈ ગઈ.

# ગુજરાત એસ.ટી. નિગમની ૧૨૦૦ જેટલી બસો યાત્રાળુઓની સેવામાં કાર્યરત

## માઈભક્તોની અવિરત સેવામાં કાર્યરત ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ

। (માહિતી બ્યુરો) પાલનપુર, તા.૧૩ ।

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાની શાનદાર જમાવટ થઈ રહી છે. માઈભક્તો પગપાળા માં અંબા ના દર્શન માટે આવી રહ્યા છે તો ઘણા શ્રદ્ધાળુઓ ગુજરાત એસ. ટી. નિગમની બસ મારફતે પણ અંબાજી આવી રહ્યા છે. અંબાજી આવતા મોટાભાગના લોકો પરત પોતાના ઘેર ગુજરાત એસ. ટી. નિગમની બસોમાં પ્રવાસ કરીને જાય છે. દૂર સુદૂર થી આવતા યાત્રાળુઓની સેવામાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા ૧૨૫૦ જેટલી બસો મુકવામાં આવી છે. યાત્રાળુઓની સેવામાં કાર્યરત આ બસ સેવાનો લાભ લઈ યાત્રિકો રાજ્ય સરકાર અને વહીવટી તંત્રની કામગીરીને બિરદાવી રહ્યા છે અને તે સેવાનો અવિરત લાભ લઈ રહ્યા છે.

વિશ્વ પ્રસિદ્ધ ભાદરવી પૂનમના મેળા અંગે એસ. ટી. તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાઓ અંગે માહિતી આપતાં વિભાગીય નિયામકશ્રી કે.એસ. ચૌધરીએ જણાવ્યું હતું કે તા.૧૨ સપ્ટેમ્બર થી ૧૮ મી સપ્ટેમ્બર દરમિયાન વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મેળા માટે વર્ષે પાલનપુર ઉપરાંત મહેસાણા, હિમંતનગર અને અમદાવાદ એમ ૪ વિભાગ દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. અંદાજે ૧૨૫૦ જેટલી બસો દ્વારા યાત્રાળુઓની સેવામાં ૨૪ કલાક એસ..ટી વિભાગનો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે. આ માટે અલગ અલગ



૧૨ બુથો બનાવી સંચાલન કરવામાં આવી રહ્યું છે. એસ. ટી. વિભાગ દ્વારા અંબાજીમાં આવતા મુસાફરોને કોઈપણ પણ તકલીફના પડે તે માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

દાહોદ જિલ્લાના ગરબડાના રહેવાસી યાત્રાળુ શ્રી રક્ષાબેને જણાવ્યું હતું કે હું માં અબેના દર્શન કરવા અને ગબ્બરના દર્શન માટે આવી છું. અહી આવતા યાત્રાળુઓ માટે એસટી વિભાગ દ્વારા સારી સુવિધાઓ કરવામાં આવી છે એ બદલ હું સરકારનો આભાર માનું છું.

માં અંબેના દર્શનાર્થીશ્રી મનીષભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, મંદિર માં ના દર્શન પછી એસટી વિભાગની સેવાઓ યાત્રાળુઓ માટે મૂકી છે એ માટે હું એસટી વિભાગને ધન્યવાદ આપું છું. આણંદ જિલ્લાના લાલપુર ગામના શ્રદ્ધાળુ શ્રી પઢિયારે જણાવ્યું કે, અંબાજી મેળામાં એસટી વિભાગની સારી સેવા આપી રહી છે તે બદલ હું એસટી વિભાગને ધન્યવાદ આપું છું.

# ઝાલોદ તાલુકાના મઘાનીસર ખાતે વહીવટી તંત્ર દ્વારા રાત્રિ સભા યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

તા.૧૨/૦૯/૨૦૨૪ને ગુરુવારના રોજ ગ્રુપ ગ્રામ પંચાયત – ઘેસાવા, મઘાનિસર ખાતે તાલુકા વહીવટી તંત્રની રાત્રીસભા યોજાઈ હતી, જેમાં પ્રાંત અધિકારી ભાટિયા, મામલતદાર પરમાર, નાયબ ટીડીઓ, આર & બી. અધિકારી મુનિયા, જિલ્લા સભ્ય, પોલીસ અધિકારી, મેડિકલ ઓફિસરો, સરપંચ, ડે.સરપંચ તેમજ તલાટી દ્વારા ગ્રામજનોની રજુઆતોને ધ્યાને લઈ સબંધિત વિભાગના તમામ અધિકારી ઓને હકારાત્મક ઉકેલ માટે સૂચનાઓ આપી, રાત્રીસભામાં ગ્રામજનોના સસ્તા અનાજની દુકાન, પાણી, બસસુવિધા, આંગણવાડી, એમજીવીસીએલ, સહીતના વિવિધ પ્રશ્નો રજુ થયા, સાથે પૂર્વ પાર્ટી પ્રમુખ અને ગામના આગેવાન મુકેશભાઈ ડામોર દ્વારા આભાર વિધિ કરી સભાની પુર્ણાહુતી કરવામાં આવી હતી.

# ઝાલોદ નગરમાં રામદેવપીર જયંતિ નિમિતે નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

રામદેવપીરનો જન્મ આજથી આશરે ૬૦૦ વર્ષ પહેલાં રાજસ્થાનના બારમેર જિલ્લાના કાશ્મીર ગામમાં સંવત ૧૪૦૯ની ભાદરવા સુદ બીજને દિવસે થયો હતો. તેમની માતાનું નામ મિનલ દેવી (મૈણાદે) અને પિતાનું નામ અજમલ રાય હતું. તેમના પિતા આ વિસ્તારના રાજા હતાં. કાશ્મીર ગામ હાલમાં રામદેવરા તરીકે પણ ઓળખાય છે.રામદેવ પીરને ભગવાન દ્વારકાધીશ (કૃષ્ણ)ના અવતાર માનવામાં આવે છે. ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં તેમના મંદિરો વધુ જોવા મળે છે અને આ બે રાજ્યોમાં તેમના અનુયાયીઓની સંખ્યા પણ વધુ છે. ભાદરવા સુદ બીજને દિવસે રામદેવ પીરની જન્મ જયંતિ મનાવવામાં આવે છે.

ઝાલોદ નગરના મુવાડા રામદેવપીરના મંદિરે આજરોજ ભક્તો મોટા પ્રમાણમાં દર્શનાર્થે ઉમટયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

હતા તેમજ તેમના ભક્તો દ્વારા મંદિરે થી નગરમાં શોભાયાત્રા ડી.જે ના તાલે અબીલ ગુલાલની છોળો ઉડાવતા કાઢવામાં આવી હતી. આ ધાર્મિક યાત્રામાં મોટાં પ્રમાણમાં ભક્તો જોડાયા હતા તેમજ ડી.જે ના તાલે વાગતા ભજનો પર નાચતા ઝૂમતા જોવા મળ્યા હતા. નગરમાં શોભાયાત્રા બાદ રામદેવપીર મંદિરે મહાઆરતી અને મહાપ્રસાદની સુંદર આયોજન પણ કરવામાં આવેલ હતું.

# ભાદરવી પૂનમ મહામેળો : અંબાજી માર્ગો પર પદયાત્રી અને સંઘોનો ધમધમાટ



। (માહિતી બ્યુરો) પાલનપુર, તા.૧૩ ।

યાત્રાધામ અંબાજી ખાતે ૧૨ મી સપ્ટેમ્બરથી આસ્થાના મહાકુંભ ભાદરવી પૂનમના મેળાનો શુભારંભ થયો છે. રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, જિલ્લા વહીવટીતંત્ર, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા માઈભક્તો માટે સેવા અને સૂશ્રુષા સાથે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

જય અંબે ...બોલ માડી અંબે...અંબાજી દૂર હે... જાના જરૂર હે ના જયઘોષ અને જયનાદ સાથે ભક્તો આગળ વધી રહ્યા છે. મેળાના બીજા દિવસે માઈ ભક્તોનો અવિરત પ્રવાહ યાત્રાધામ અંબાજી ખાતે મા અંબા ના દર્શન માટે ઉમટયો છે. દાંતા-હડાદના માર્ગો પર મોટી સંખ્યામાં પદયાત્રીઓ અને સંઘમાં આવતા માઈભક્તોનો ઘસારો જોઈ શકાય છે. અબાલવૃદ્ધ સૌ કોઈ મા ના દર્શનની ઝંખના સાથે અંબાજી તરફ આગળ વધી રહ્યા છે.

શકિત , ભક્તિ અને શ્રદ્ધા સાથે અવિરત આવી રહેલા માઈભકતોના સંઘોથી અંબાજી તરફના માર્ગો ધમધમી ઉઠ્યા છે. જય અંબેના જયનાદ થી અરવલ્લી ની ગિરિમાળા ઓ ગુંજી રહી છે. પ્રકૃતિના રમણીય સાંનિધ્યમાં આનંદ, ઉલ્લાસ અને નાચતા ગાતા માઈભકતો અંબાજી માર્ગોપર ગરબે ઘૂમતા અને મસ્તી સાથે અંબાજી આવી રહ્યા છે. નોંધનીય છે કે મેળાના પ્રથમ દિવસે ૧,૯૩,૦૦૦ જેટલા માઈભકતો અંબાજી દર્શન કરી ધન્ય બન્યા છે, ગુજરાતના ખૂણે ખૂણેથી દૂર સૂદુર થી માઈભકતો હાથમાં ધજા, ત્રિશૂળ, ચુંદડી અને અનેકવિધ વેશભૂષા સાથે મૌજ મજા અને





શ્રદ્ધા સાથે અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. દાંતા અંબાજી માર્ગો પર આવા પદયાત્રી સંઘોનો અવિરત પ્રવાહ આગળ વધી રહ્યો છે. ત્યારે ખંભાત તાલુકાના ગોલાણા ગામના પ્રકૃતિ પ્રેમી યુવાનોનો સંઘ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. મેળામાં સૌનું ધ્યાન આકર્ષિત કરવા આ યુવાનો માથે ફૂલ અને પત્તાની ચોટલી બનાવી પોતાની મસ્તી સાથે અંબાજી આવ્યા છે.

પ્રકૃતિના સાંનિધ્યમાં અને અરવલ્લીની ગીરીમાળાઓ માં ભરાતા અંબાજીના મેળામાં દરેક શ્રદ્ધાળુ પોત પોતાની અલગ અલગ શ્રદ્ધા અને આસ્થા સાથે આવે છે. મા અંબા સૌના મનોરથ પૂર્ણ કરતી હોવાની આસ્થા સાથે લાખો ભાવિક માઈ ભક્તો ભાદરવી પૂનમના મેળામાં આવી રહ્યા છે.

# ઝાલોદ તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલને જામીન મળતા ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

દિલ્હીના મુખ્યમંત્રી અને આપ પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલની સી.બી.આઈ દ્વારા લીકર પોલિસી સાથે જોડાયેલ મની લોન્ડરીંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આજ રોજ આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલને ૧૦ લાખના બોન્ડ પર શરતી જામીન આપવામાં આવેલ છે. અંદાજીત ૧૫૬ દિવસ પછી અરવિંદ કેજરીવાલ જેલની બહાર આવી રહેલ છે. કેજરીવાલને જમીન મળ્યાના સમાચાર મળતાં ઝાલોદ તાલુકા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમા ખુશીની લહેર જોવા મળી હતી. આ ખુશીને ઉત્સવ રીતે ઉજવતા આમ આદમી પાર્ટી ઝાલોદ તાલુકાના પ્રમુખ અનિલ ગરાસિયા તથા તેમના ટેકેદારો દ્વારા સરદાર પટેલ ચોક ખાતે આવી ફટાકડા ફોડી ખુશી ઉજવી હતી. તેમજ સત્તાધારી પાર્ટી પર આક્રોશ પણ અનિલ ગરાસિયા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. આમ આદમીના સહુ કાર્યકર્તાઓએ સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને આવકાર્યો હતો.

# લાખો માઈભક્તોની આસ્થાના અવસર ભાદરવી પૂનમ મહામેળાનો રંગેચંગે પ્રારંભ

## જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના હસ્તે અંબાજી ભાદરવી પૂનમ મહામેળાનો શુભારંભ કરાયો

। (માહિતી બ્યુરો) પાલનપુર, તા.૧૩ ।

શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજથી ૧૮ મી સપ્ટેમ્બર સુધી સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૪ યોજાઈ રહ્યો છે. શક્તિ ભક્તિ અને આસ્થાના મીની કુંભ સમાન આ મહા મેળાની આજથી શરૂઆત થતી હોઈ જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલના હસ્તે શુભારંભ કરાયો હતો.

અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે અને ભક્તિભાવથી પૂજા-અર્ચના કરીને કલેક્ટરશ્રી સહિત મહાનુભાવોએ રથને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી.

કલેક્ટરશ્રી મિહિર પટેલે લાખો માઈભક્તોને મેળામાં આવકારતાં મા અંબા માઈભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠ્યા છે ત્યારે કલેક્ટરશ્રી મિહિર પટેલે સિદ્ધહેમ સેવા કેમ્પ ખાતે મુલાકાત કરી સેવા કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ પદયાત્રીઓને ભોજન પીરસી મેળાની શુભકામનાઓ પાઠવી હતી. મેળાના પ્રારંભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. જે દવે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણા, અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર શ્રી કૌશિક મોદી સહિત અંબાજી મેળાના આયોજન



માટે બનાવવામાં આવેલ વિવિધ સમિતિઓના સુપરવાઈઝર ઓફિસરશ્રીઓ અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

**પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા**

સાત દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે. મેળાના સાત દિવસ સુધી યાત્રાધામને સાંકળતા માર્ગો બોલ માડી અંબે જય જય અંબેના નાદથી ગુંજી ઉઠશે. રસ્તામાં માઈભક્તોને કષ્ટ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. માં અંબા ને નવલા નોરતાનું નિમંત્રણ પાઠવવા માટેના આ મેળામાં દૂરદુરના અંતરેથી લાખો શ્રદ્ધાળુઓ કષ્ટ વેઠી ને પણ મા અંબાના ધામ પહોંચશે. ત્યારે ભકતોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે વહિવટી તંત્ર સજ્જ બન્યું છે.

# અંબાજી દર્શન કરી પરત ફરી રહેલા દાહોદના યુવકનું અકસ્માતમાં મોત

। હિંમતનગર, તા.૧૩ ।

અંબાજી દર્શન કરી પરત ફરી રહેલો દાહોદ જિલ્લાનો યુવક ઈડર તાલુકાના મુડેટી ગામના પાટિયા પાસે થી પસાર થતો હતો ત્યારે તેના બાઈક સાથે નીલ ગાય ટકરાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવકનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે ઈડર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર, દાહોદના ગંછલી ગામના ભરતભાઈ નારસિંગભાઈ ભીલવાડ (ઉ.વ.૩૫) તથા ચંદુભાઈ તેરસીંગભાઈ ડામોર (ઉ.વ.૨૫, રહે.નવી ફળી, નિશાન ફળીયુ, સીંગવડ, જિ.દાહોદ) બાઈક નં. જીજે-૨૦-એઈ-૯૭૮૫ લઈને અંબાજી દર્શન માટે ગયા હતા અને દર્શન કરી ઘર તરફ પાછા ફરી રહ્યા હતા. તે દરમિયાન મુડેટી પાટિયા પાસે અચાનક રસ્તામાં નીલ ગાય આવી જતાં બાઈકચાલક ભરતભાઈ નારસિંગભાઈ ભીલવાડે બાઈકને નીલ ગાય સાથે અથડાવી દેતાં અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ભરતભાઈ નારસિંગભાઈ ભીલવાડને ગંભીર ઈજાઓ થતાં તેનુ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય યુવાન ચંદુભાઈ તેરસીંગભાઈ ડામોરને ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ અંગે ચંદુભાઈ ડામોરે ઈડર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક બાઈકચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# લાખો માઈભક્તોની આસ્થાના અવસર ભાદરવી પૂનમ મહામેળાનો રંગેચંગે પ્રારંભ

। (માહિતી બ્યુરો) પાલનપુર, તા.૧૩ ।

ભાદરવી પૂનમના મહામેળામાં વેચાણકર્તાઓની સુખ અને સુવિધા માટે વહીવટીતંત્ર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ખાસ આયોજન કરાયું છે. અંબાજી ખાતે વેચાણકર્તાઓને મુશ્કેલી ન પડે તેમજ પદયાત્રિકો અને યાત્રાળુઓની સુખ અને સુવિધા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા આ વખતે મેળાના બ્રાન્ડીંગ પર વિશેષ ભાર મુકાયો છે. જેને પગલે મેળામાં જાહેર હરાજીના પ્લોટની એક સરખી ડિઝાઈન તેમજ ખાસ કલર કોડ સાથે સુંદર આયોજન કરયું છે. આ એક જ પ્રકારના એક સરખા સ્ટોલ મેળામાં દરેક યાત્રાળુઓ માટે આર્કષણનું કેન્દ્ર બન્યા છે.

દાંતા- અંબાજી રોડ અને હડાદ- અંબાજી રોડ પર



જાહેર હરાજીના એક સરખા સ્ટોલનું વેચાણ કરાયું છે. જેમાં ૨૬૪ સ્ટોલનું વેચાણ કરાયું છે. આ પ્લોટ-માં લાલ કલરના સ્ટોલ વિવિધ વિભાગોના સ્ટોલ રાખવામાં આવેલ છે. જેમાં વિવિધ ચીજ વસ્તુઓ અને માતાજીના શણગાર, કંકુ, ચુંદડી, સખી મંડળની બહેનો દ્વારા બનાવાયેલ હાથ વણાટ અને હસ્તકલાની આઈટમોના સ્ટોલ આકર્ષણ જમાવી રહ્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધનની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ?

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે. તમારે તમારા પ્રેમી પર શંકા ન કરવી જોઈએ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

## કમલા હેરિસ સાથે ફરી ચર્ચા નહીં કરું : ટ્રમ્પ



। (એજન્સી) યુએસ, તા.૧૩ ।

યુએસ પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરતા કહ્યું, "હેરિસની બીજી ડિબેટની વિનંતી સૂચવે છે કે તેણી મંગળવારે તેની ચર્ચામાં હારી ગઈ છે અને હવે તેણીને બીજી તક જોઈએ છે."અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ ચરમસીમાએ છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જાહેરાત કરી હતી કે તેઓ ૫ નવેમ્બરની ચૂંટણી પહેલા ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે વધુ કોઈ ચર્ચામાં ભાગ લેશે નહીં. તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "હેરિસની બીજી ચર્ચા માટે વિનંતી સૂચવે છે કે તેણી મંગળવારે તેની ચર્ચા ગુમાવી દીધી હતી અને હવે તેણીની સ્થિતિ સુધારવા માટે બીજી તક માંગે છે."ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે મતદાનથી સ્પષ્ટ છે કે મેં મંગળવારે રાત્રે ડેમોક્રેટ્સના કટ્ટરપંથી ડાબેરી ઉમેદવાર કોમરેડ કમલા હેરિસ સામેની ચર્ચા જીતે છે.

## નૈનીતાલમાં ક્લોરિન ગેસ લીક થવાથી ગભરાટ

। (એજન્સી) નૈનીતાલ, તા.૧૩ ।

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્લોરિન એક ઝેરી ગેસ છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ, ઉલ્ટી અને ઉબકા આવે છે. નૈનીતાલ જિલ્લા મેજિસ્ટ્રેટ વંદના સિંહે જણાવ્યું હતું કે ૫૦ કિલોના ક્લોરિન ગેસ સિલિન્ડરમાંથી લીકેજને કારણે નજીકના ૨૫-૩૦ ઘરોમાં રહેતા ૧૦૦ લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. ઉત્તરાખંડના નૈનીતાલમાં ગુરુવારે સુખતાલ પંપ હાઉસ પાસે સિલિન્ડરમાંથી ક્લોરિન ગેસ લીક થતાં ત્રણ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ આ માહિતી આપી છે. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF), પોલીસ, વહીવટીતંત્ર અને ડૉક્ટરોની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને લોકોને તેમના ઘરોમાંથી બહાર કાઢવાનું શરૂ કર્યું. અધિકારીઓએ જણાવ્યું કે વોટર ઈન્સ્ટિટ્યૂટમાં રાખવામાં આવેલા સિલિન્ડરમાંથી ક્લોરિન ગેસ લીક થયો હતો.અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્લોરિન એક ઝેરી ગેસ છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ, ઉલ્ટી અને ઉબકા આવે છે. નૈનીતાલ જિલ્લા મેજિસ્ટ્રેટ વંદના સિંહે જણાવ્યું હતું કે ૫૦ કિલો ક્લોરિન ગેસ સિલિન્ડર લીક થવાને કારણે નજીકના ૨૫-૩૦ ઘરોમાં રહેતા ૧૦૦ લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

### ઝેલેન્સ્કી સાથેની મુલાકાતમાં શું થયું

# જ્યારે પુતિનની સામે બેસીને અજીત ડોભાલે આપ્યો મોદીનો સંદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આવતા મહિને કઝાનમાં યોજાનારી બ્રિક્સ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠકનો પ્રસ્તાવ મૂક્યો છે. પુતિને ગુરુવારે સેન્ટ પીટર્સબર્ગમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ સાથેની મુલાકાત દરમિયાન આ પ્રસ્તાવ મૂક્યો હતો. પુતિન-ડોવલની બેઠક મોદી યુક્રેનની રાજધાની કિવની મુલાકાતે ગયા અને રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે વાતચીત કર્યાના લગભગ ત્રણ અઠવાડિયા પછી આવી. બ્રિક્સ સમિટ રશિયાના કઝાન શહેરમાં ૨૨-૨૪ ઓક્ટોબરે યોજાશે. વડાપ્રધાન મોદી આ સમિટમાં ભાગ લઈ શકે છે. પુતિન સાથેની તેમની વન-ટુ-વન વાતચીતમાં ડોભાલે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને



કહ્યું, 'જેમ વડાપ્રધાન મોદીએ તમારી સાથે ટેલિફોન પર વાત કરી હતી, તેઓ તમને તેમની યુક્રેનની મુલાકાત અને રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથેની મુલાકાત વિશે માહિતી આપવા માટે ઉત્સુક હતા. તે ઈચ્છે છે કે હું તમને મળવા માટે અને તમને તે વાર્તાલાપ વિશે જણાવવા માટે વ્યક્તિગત રીતે અને ખાસ રીતે રશિયા જઈશ. તેમાં બે જ નેતાઓ હતા. તેની સાથે બે લોકો હતા. હું વડાપ્રધાન સાથે હતો. હું આ વાતચીતનો સાક્ષી છું. પુતિન-ડોવલ બેઠક અંગે રશિયા દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રશિયન રાષ્ટ્રપતિએ ભારતીય નેતાની મોસ્કોની મુલાકાત દરમિયાન થયેલા કરારોના અમલીકરણ અને નજીકના ભવિષ્યની સંભાવનાઓ પર "સંયુક્ત કાર્યના પરિણામોનો સારાંશ" રજૂ કરવાની યોજના બનાવી છે. BRICS સમિટની રૂપરેખા તૈયાર કરવા માટે BRICS સમિટના અવસર પર ૨૨ ઓક્ટોબરે મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો."અમે અમારા સારા મિત્ર મોદીની રાહ જોઈ રહ્યા છીએ અને તેમને શુભેચ્છા પાઠવીએ છીએ," રશિયન મીડિયાએ ડોભાલ સાથેની બેઠકમાં NSAએ બુધવારે તેમના રશિયન સમકક્ષ સર્ગેઈ શોઈગુ સાથે વ્યાપક વાટાઘાટો કરી અને 'ના મહત્વ પૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. પરસ્પર હિત. ઝેલેન્સ્કી સાથેની વાતચીતમાં મોદીએ કહ્યું હતું કે યુક્રેન અને રશિયા બંનેએ યુદ્ધનો અંત લાવવા માટે કોઈ સમય બગાડ્યા વિના સાથે બેસીને બેસી રહેવું જોઈએ.

## મોહમ્મદ યુનુસનો સ્વર ભારતને લઈને બદલાઈ ગયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા, નોબેલ પુરસ્કાર વિજેતા પ્રોફેસર મોહમ્મદ યુનુસનો સ્વર ભારત સાથેના સંબંધોને લઈને બદલાઈ ગયો હોય તેવું લાગે છે. ભારત સાથેના સંબંધોને લઈને તેમણે કહ્યું છે કે તેમની પાસે ભારત સાથે સારા સંબંધો જાળવવા સિવાય કોઈ રસ્તો નથી.એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે, 'બાંગ્લાદેશે ભારત સાથે તેના સંબંધો સુધારવા જોઈએ, કારણ કે તેની જરૂરિયાતો અને ભારત સાથે તેની લાંબી ઓળખાણ અને એ પણ કારણ કે અમારી વચ્ચે ઘણી વસ્તુઓ સમાન છે. આપણો એક સામાન્ય ઈતિહાસ છે. તેથી બાંગ્લાદેશ પાસે ભારત સાથે સારા સંબંધો જાળવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.ઓગસ્ટની શરૂઆતમાં, બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓનું આંદોલન હિંસક બન્યું હતું અને દેશમાં મોટા પાયે હિંસા થઈ હતી જેમાં સેંકડો લોકો માર્યા ગયા હતા. વિદ્યાર્થીઓના આંદોલનને કારણે શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપવું પડ્યું હતું અને ૫ ઓગસ્ટે તેઓ દેશ છોડીને ભારત ભાગી ગયા હતા. શેખ હસીનાને આશ્રય આપવા બદલ બાંગ્લાદેશમાં ભારત વિરુદ્ધ અનેક અવાજો ઉઠાવવામાં આવ્યા હતા અને હવે બંને દેશો વચ્ચેના સંબંધો સૌથી નીચા સ્તરે છે.મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારે પહેલેથી જ હસીનાનો રાજદ્વારી પાસપોર્ટ રદ કરી દીધો છે અને બાંગ્લાદેશના ટોચના વકીલો સહિત ઘણા લોકો તેના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યા છે.પ્રો. યુનુસે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય મુદ્દાઓના ઉકેલ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે પાણી વિતરણ અને સરહદ પાર લોકોની અવરજવરનો મુદ્દો ઉકેલવો જોઈએ. તેમનું કહેવું છે કે તેમનું પ્રશાસન આ મુદ્દાઓને ઉકેલવા માટે ભારત સાથે મળીને કામ કરશે.

# બાંગ્લાદેશના પૂર્વ પીએમ અનેક બીમારીઓથી પીડિત

। (એજન્સી) ઢાકા, તા.૧૩ ।

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાને ગુરુવારે વહેલી સવારે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક મીડિયા રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. ઢાકા ટ્રિબ્યુન અખબારે BNP મીડિયા સેલના સભ્ય સૈરુલ કબીર ખાનને ટાંકીને જણાવ્યું હતું કે ૭૯ વર્ષીય બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના અધ્યક્ષ તેમના નિવાસસ્થાનથી લગભગ ૧:૪૦ વાગ્યે એવરકેર હોસ્પિટલ પહોંચ્યા હતા.તેમના ડૉક્ટર, પ્રોફેસર એઝેડએમ ઝાહિદ હુસૈને કહ્યું કે મેડિકલ બોર્ડે અનેક પરીક્ષણોની ભલામણ કરી છે અને હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ તેમને ખાનગી કેબિનમાં રાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું, 'પરીક્ષણના પરિણામોની સમીક્ષા કર્યા પછી આગળની સારવાર કરવામાં આવશે.' તે જ હોસ્પિટલમાં ૪૫ દિવસની



સારવાર બાદ ૨૧ ઓગસ્ટના રોજ જિયા ઘરે પરત ફરી હતી.પૂર્વ વડાપ્રધાન છેલ્લા પાંચ વર્ષથી નજરકેદ હતા. બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીનના આદેશથી તેને ૬ ઓગસ્ટે મુક્ત કરવામાં આવ્યો હતો. ૫ ઓગસ્ટના રોજ તેમની કટ્ટર હરીફ શેખ હસીનાની આગેવાની હેઠળની અવામી લીગ સરકારના પતન પછી તેમને તેમના વિરુદ્ધના તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.BNP ચીફ ઘણા સમયથી લિવર સિરોસિસ, ડાયાબિટીસ અને કિડની, ફેફસાં, હૃદય અને આંખોને લગતી સમસ્યાઓ સહિત અનેક બિમારીઓથી પીડિત છે. નિષ્ણાત તબીબોના જૂથ દ્વારા ૨૩ જૂને તેમની છાતીમાં પેસમેકરનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. નવેમ્બર ૨૦૨૧માં લિવર સિરોસિસનું નિદાન થયા બાદ તેમના ડૉક્ટરો તેમને વિદેશ મોકલવાની સલાહ આપી રહ્યા છે.આ મહિનાની શરૂઆતમાં, ઝિયાને પાંચ અલગ-અલગ કેસોમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં 'બનાવટી જન્મદિવસ' અને અન્ય યુદ્ધ અપરાધીઓને સમર્થન આપવાના આરોપનો સમાવેશ થાય છે. ઝિયા માર્ચ ૧૯૯૧ થી માર્ચ ૧૯૯૬ અને ફરીથી જૂન ૨૦01 થી ઓક્ટોબર ૨૦૦૬ સુધી બાંગ્લાદેશના વડા પ્રધાન હતા.

### વેસ્ટ બેન્ક પાસે કારની ટક્કરથી

# ભારતીય મૂળના ઇઝરાયેલ સૈનિકનું પશ્ચિમ કાંઠે બેટ અલ બસ્તી પાસે મોત નીપજ્યું

। (એજન્સી) ઇઝરાયેલ, તા.૧૩ ।

બેની મેનાશે સમુદાયના ૨૪ વર્ષીય ભારતીય મૂળના ઈઝરાયેલ સૈનિકનું પશ્ચિમ કાંઠે બેટ અલ બસ્તી પાસે વાહનની ટક્કરથી મોત થયું હતું. ગુરુવારે, ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે સ્ટાફ સાર્જન્ટ ગેરી ગિડિયોન હંગલ નોફ હગાલિલનો રહેવાસી હતો અને કેફિર બ્રિગેડની નહશોન બટાલિયનનો સૈનિક હતો.સમુદાયના સભ્યોએ પીટીઆઈને જણાવ્યું હતું કે બુધવારે અસફ જંકશન નજીક એક યુવકના જીવ ગુમાવવાના સમાચારથી તેઓ ચોંકી ગયા હતા. હુમલાના ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં પેલેસ્ટિનિયન લાયસન્સ પ્લેટો સાથેનો એક ટ્રક વ્યસ્ત હાઈવે પરથી આગળ વધી રહ્યો છે અને બસ સ્ટોપ પાસે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ ગાર્ડ પોસ્ટને ટક્કર માર્યો છે, પછી થોભ્યો.ઈઝરાયેલના સુરક્ષા સૂત્રોએ શંકાસ્પદનું નામ ૫૮ વર્ષીય હેએલ ધાઈફલ્લાહ તરીકે આપ્યું છે, જે મધ્ય પશ્ચિમ કાંઠાના શહેર રફાતનો રહેવાસી હતો. તેમણે જણાવ્યું કે સાર્જન્ટ હંગલના અંતિમ સંસ્કાર ગુરુવારે કરવામાં આવશે. હંગલ ૨૦૨૦ માં ભારતના પૂર્વોત્તર ભાગમાંથી ઈઝરાયેલમાં સ્થળાંતર કર્યું હતું. લગભગ ૩૦૦ Bnei Menashe યુવાનો વર્તમાન યુદ્ધ દરમિયાન સેનામાં સેવા આપી રહ્યા છે, જેમાંથી મોટાભાગના લડાયક એકમોમાં સેવા આપી રહ્યા છે.ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યો મણિપુર અને મિઝોરમના વતની બનેલા બનેઈ મેનાશે પ્રાચીન કાળની લુપ્ત થઈ ગયેલી જાતિઓમાંની એક ઈઝરાયેલી જાતિ મેનાસેહના વંશજ હોવાનું માનવામાં આવે છે. સેફાર્ડિક ચીફ રબ્બી શ્લોમો અમરે તેમને ૨૦૦૫ માં મેનાસેહના વંશજો જાહેર કર્યા, "ખોવાયેલ આદિજાતિ" ના સભ્યો તરીકે ઈઝરાયેલમાં તેમના સ્થળાંતરનો માર્ગ મોકળો કર્યો Bnei Menashe સમુદાયના લગભગ ૫,૦૦૦ સભ્યો ઈઝરાયેલમાં સ્થળાંતરિત થયા હોવાનું કહેવાય છે.

### પોલીસે ઈશનિંદાના આરોપીને ગોળી મારી

# પયગંબર મોહમ્મદના અપમાનને લઈને પાકિસ્તાનમાં ફાટી નીકળ્યો ગુસ્સો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૩ ।

ઈશનિંદાના આરોપીની પોલીસે આ સપ્તાહની શરૂઆતમાં ધરપકડ કરી હતી. ટોળાએ તેને નિંદાના આરોપમાં માર મારવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે તેને પકડી લીધો હતો. પહેલા તેને ખરોટાબાડા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો પરંતુ બાદમાં તેને ક્વેટા ખસેડવામાં આવ્યો હતો. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં, નિંદાના આરોપમાં એક વ્યક્તિને પોલીસ અધિકારીએ જેલમાં ગોળી મારી દીધી હતી. આરોપી પોલીસ અધિકારીની ધરપકડ કરવામાં આવી છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. ક્વેટાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક મોહમ્મદ બલોચનું કહેવું છે કે નિંદાના આરોપીને ક્વેટા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો, જ્યાં એક પોલીસ અધિકારીએ તેને ગોળી મારી દીધી હતી. આરોપી પોલીસ અધિકારીની ધરપકડ કરવામાં આવી છે. તેણે જણાવ્યું કે પોલીસ અધિકારી તેને ઈશનિંદાના આરોપીના સંબંધી તરીકે દર્શાવીને મળવા જેલમાં પહોંચ્યા હતા. તેને મળતાં જ તેણે ગોળી મારી દીધી.ઈશનિંદાના આરોપીની પોલીસે આ સપ્તાહની શરૂઆતમાં ધરપકડ કરી હતી. ટોળાએ તેને નિંદાના આરોપમાં માર મારવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે તેને પકડી લીધો હતો.પહેલા તેને ખરોટાબાડા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો પરંતુ બાદમાં તેને ક્વેટા ખસેડવામાં આવ્યો હતો. જ્યારે પોલીસે આ અઠવાડિયે વેસ્ટર્ન બાયપાસ વિસ્તારમાંથી બદનક્ષીના આરોપીને કસ્ટડીમાં લીધો હતો. તે સમયે આરોપીઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા તહરીક-એ-લબૈક પાકિસ્તાન અને અન્ય ધાર્મિક પક્ષોના દેખાવકારોએ રસ્તા પર ટાયરો સળગાવીને પોલીસનો રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો હતો.

## વિશેષ

### 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશના આયોજન માટે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ

# અમદાવાદ જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બરથી ૩૧મી ઓક્ટોબર સુધી ચાલશે સ્વચ્છતા અભિયાન : સફાઈ ઉપરાંત જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો તેમજ સફાઈ કર્મચારીઓ માટેના ઉપક્રમો પણ યોજાશે

। (માહિતી) અમદાવાદ ।

સમગ્ર દેશમાં ૧૭મી સપ્ટેમ્બરથી 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશ શરૂ થનાર છે, ત્યારે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર પણ આ ઝુંબેશ થકી સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવવા માટે સજ્જ છે. અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશ માટે આયોજન અને પૂર્વતૈયારીઓ ચાલી રહી છે. જેના ભાગ રૂપે કલેક્ટર કચેરી ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક રિજનલ મ્યુનિ. કમિશનર શ્રી રવીન્દ્ર ખટાલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે અને અધિક નિવાસી કલેક્ટર શ્રી સુધીર પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ બેઠકમાં ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા પ્રાંત અધિકારીશ્રીઓ તથા નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓને સમગ્ર અભિયાનની રૂપરેખા સમજાવવામાં આવી હતી અને સ્વચ્છતા અભિયાનની દુરોગામી અસર સર્જાય એવી રીતે આયોજનબદ્ધ કામગીરી કરવા માટે સૂચના આપવામાં આવી હતી.



આ સમયગાળા દરમિયાન રસ્તાઓ, હાઈવે, જાહેર માર્ગો, રેલવે અને બસ સ્ટેશન સહિત જાહેર પરિવહનનાં સ્થળો, નદી, નાળાં, તળાવના કાંઠા સફાઈ, મુખ્ય માર્ગો, બજાર, ચોક, મહાનુભાવોની પ્રતિમાઓ, સર્કલ, સરકારી અને જાહેર સાહસની કચેરીઓ, નગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારો, પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થળો સહિતનાં સ્થળોની સઘન સફાઈ હાથ ધરાશે. આ જાગૃતિ અભિયાનના ભાગરૂપે દીવાલો પર ચિત્રો, સ્વચ્છતા રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો, નુક્કડ નાટકો સહિતના વિવિધ માધ્યમો દ્વારા સ્વચ્છતાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત ભાગીદારી થકી સ્વચ્છતા, સ્વચ્છતા લક્ષિત એકમો તથા સફાઈ મિત્ર સુરક્ષા શિબિર સહિતનાં આયોજનો સવિશેષ કરવામાં આવનાર છે. ઉપરાંત, સ્વચ્છતા માટે જાહેર જનતાની ભાગીદારી, સ્વચ્છતા અંગે જાગૃતિ સહિતનાં આયોજનો ઉપરાંત બ્લેક સ્પોટ નિશ્ચિત કરી, તેને દૂર કરવાની કામગીરી અને મેગા ક્લિનિંગ ડ્રાઈવનું પણ આયોજન કરવામાં આવનાર છે. જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત વિવિધ થીમ આધારિત સફાઈ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેમાં ૧૭થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન પબ્લિક ટ્રાન્સપોર્ટ હબ અને હાઈવેની સફાઈની થીમ અંતર્ગત બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા/ટેક્સી/સાઈકલ સ્ટેન્ડ તેમજ રાજ્યના ધોરીમાર્ગો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રિંગ રોડ સહિતની સફાઈ હાથ ધરવામાં આવશે. ૨૩થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સફાઈની થીમ અન્વયે ધાર્મિક સ્થળો, મ્યુઝિયમ, પ્રવાસન સ્થળો, બાગ/બગીચા, ઐતિહાસિક સ્થળો, સાર્વજનિક/રાષ્ટ્રીય ઉદ્યાન, અભયારણ્ય સહિતનાં સ્થળોએ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. તા. ૩૦ સપ્ટેમ્બરથી ૬ ઓક્ટોબર દરમિયાન જળાશય સફાઈની થીમ અંતર્ગત નદી, તળાવ, સરોવર સમુદ્ર કિનારા, વરસાદી પાણીનાં નાળાં, ચેક પોઈન્ટ સહિતની સફાઈ હાથ ધરવામાં આવશે. જ્યારે ૭ ઓક્ટોબરથી ૧૩ ઓક્ટોબર દરમિયાન સર્કલ/પ્રતિમાઓની સફાઈની થીમ હેઠળ વિવિધ સર્કલ, ચાર રસ્તાઓ અને પ્રતિમાઓ, ખુલ્લા પ્લોટ અને બેકલેનની સફાઈ હાથ ધરવામાં આવશે. આ જ રીતે, તા. ૧૪થી ૨૦ ઓક્ટોબર દરમિયાન માર્કેટ અને વાણિજ્ય વિસ્તારની સફાઈની થીમ હેઠળ વાણિજ્ય વિસ્તાર તમામ માર્કેટ, એપીએમસી, શાકમાર્કેટ અને ફૂડ માર્કેટની સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૨૧થી ૨૭ ઓક્ટોબર દરમિયાન સરકારી કચેરીઓ/સંસ્થાઓની સફાઈની થીમ હેઠળ તમામ સરકારી કચેરીઓમાં સફાઈ, રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જૂનાં વાહનોની હરાજી, શાળા, કોલેજ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની સફાઈ, હોસ્પિટલ, ખાનગી તથા સરકારી દવાખાના, પીએસસી, સીએચસી, અર્બન હેલ્થ સેન્ટરની સફાઈ હાથ ધરવામાં આવશે. ૨૮ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન આઉટ ગ્રોથ વિસ્તારની સફાઈની થીમ હેઠળ તમામ એન્ટ્રી પોઈન્ટથી એપ્રોચ વિસ્તારમાં, શહેરના તમામ ફૂટપાથ, વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ સાઈડ અને આસપાસના વિસ્તારની સફાઈ હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત, આ સમયગાળામાં સાંસ્કૃતિક ઉત્સવ, સ્વચ્છતા રેલી, યોગ શિબિર, સ્વચ્છતા વોર્ડ સ્પર્ધા, શૈક્ષણિક સંસ્થાની ભાગીદારી, સાઈકલોન/મેરેથોન/સ્વચ્છતા શપથ, વોલ પેઈન્ટિંગ, સેલ્ફી પોઈન્ટ અને હ્યુમન ચેઈન, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, એક પેડ મા કે નામ/વૃક્ષારોપણ ઝુંબેશ, સ્વચ્છ ફૂડ સ્ટ્રીટ, શેરી નાટક, સ્વચ્છતા સંવાદ, વેસ્ટ ટુ આર્ટ તથા એવોર્ડ અને સન્માન સમારોહ સહિતના કાર્યક્રમોનું આયોજન પણ વિચારવામાં આવ્યું છે. સ્વચ્છતાના પાયાના કાર્યકર એવા સફાઈ કર્મચારીઓ માટે પણ આ વર્ષે ખાસ વ્યવસ્થાઓ અને કાર્યક્રમો યોજવામાં આવનાર છે. સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અન્વયે સફાઈકર્મીઓ માટે મફત આરોગ્ય ચકાસણી કેમ્પ, સફાઈ કર્મીઓને સુરક્ષાલક્ષી ઉપકરણો એનાયત કરવા, સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ એનાયત કરવા, સફાઈ કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યો માટે રાશન કાર્ડ, આયુષ્માન કાર્ડ કાઢી આપવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. આ અભિયાનમાં સરકારી સંસ્થાઓ, એનજીઓ તેમજ જિલ્લાના તમામ નાગરિકોના સહયોગથી સ્વચ્છતાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.




અમદાવાદમાં આશ્રમ રોડ પર આવેલી ખેતી બેંકની હેડ ઓફિસ ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ખેતી બેંકના ગણેશ મહોત્સવમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી સહભાગી થયા હતા. શ્રી હર્ષભાઈએ ગણેશ મહોત્સવમાં દર્શન અને આરતી કરી હતી. આ પ્રસંગે બેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા અને અન્ય સહકારી આગેવાનો પણ દર્શન અને આરતીમાં જોડાયા હતા. ગણેશ મહોત્સવમાં ખેતી બેંકના અધિકારીઓ અને કર્મચારીઓએ હર્ષોલ્લાસ સાથે અને આતશબાજી કરી ગણેશ મહોત્સવની રંગેચંગે ઉજવણી કરી.

**ન્યૂઝ બ્રિફ**

## પાટણમાં ૧.૨૯ કરોડની છેતરપિંડી કરનારા ચાર શખ્સો ઝડપાયા

। (એજન્સી) પાટણ, તા.૧૩ ।

પાટણમાં ૧.૨૯ કરોડની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. જેમાં એક વેપારી સાથે આ છેતરપિંડી કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તપાસમાં કોમ્પ્યુટર સેલ્સના માલિક સાથે આ ઠગાઈ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. કમ્પ્યુટર સેલ્સનો માલિક ઓનલાઈન બિઝનેસમાં રુપિયા કમાવાની લાલચે છેતરપિંડીનો ભોગ બન્યો હતો. આ અંગે વેપારી પંકજકુમાર ગાંધીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે એકાઉન્ટ ધારકો અને મિડીયેટરની અટકાયત કરી છે. આ કેસમાં સાયબર પોલીસે બે મહિલા અને બે પુરૂષની અટકાયત કરી છે. પોલીસે આરોપીઓની અટકાયત કરીને તેમને કોર્ટમાં હાજર કરીને રિમાન્ડની માંગણી કરી છે. જોકે આ કેસનો મુખ્ય સુત્રધાર હજી પકડાયો નથી. જેને પ ગલે પોલીસ તેની શોધ ચલાવી રહી છે. પકડાયોલા આરોપીઓમાં કલોલના પ્રતિક મનોજભાઈ પંચાલ, અમદાવાદના રાજન કનુભાઈ ચૌહાણ, અમદાવાદની શિવાની જે. કંસારા અને વડોદરાની રચના વિહંગ ગાંધીનો સમાવેશ થાય છે.

## સુરેન્દ્રનગરના લખતરમાં વીજ કર્મીઓ પર હુમલો થયો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૩ ।

લખતર તાલુકાના જુદાજુદા ગામોમાં પીજીવીસેલ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.ત્યારે ચેકીંગ દરમિયાન તાલુકાનાં તલસાણા ગામે વીજ કર્મીઓ પર હુમલો થયાની ઘટના સામે આવી છે. પીજીવીસીએલના જુનીયર એન્જીનીયર દર્શનકુમાર ચૌધરી તથા સ્ટાફના પાર્થભાઈ પરમાર,ડ્રાઈવર દીપકભાઈ મેણિયા તલસાણા ગામે ચીકાભાઈ જેમાભાઈ ઓળકીયા તથા ઠાકરશીભાઈ જેમાભાઈના ઘરે વીજ ચેકિંગ કરી રહ્યા હતા. તલસાણા ગામના મેહુલભાઈ ઠાકરશીભાઈ તથા ઠાકરશીભાઈ જેમાભાઈ ત્યાં આવ્યા હતા અને ગાળો આપી ઝપાઝપી કરવા લાગ્યા હતા. વીજ કર્મીઓના મોબાઈલમાં વીજ ચોરીના ફોટો હતા તે ધમકી આપી ડિલીટ કરાવ્યા હતા.અને માર મારવાની ધમકી આપી ચાલુ ફરજમા રૂકાવટ કરી હતી. વીજ કર્મીઓએ ઘટનાની જાણ તેઓના ઉપરી અધિકારીને કરતા અધિકારીની સૂચના મુજબ વીજ કર્મીઓ એ તલસાણા ગામના ઠાકરશીભાઈ જેમાભાઇ તથા મેહુલભાઈ ઠાકરશીભાઈ વિરુદ્ધ લખતર પોલિસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવતા આગળની વધુ તપાસ લખતર પોલીસ ચલાવી રહી છે. સૌરાષ્ટ્રર્માં વીજચોરીને સામાન્ય માનવામાં આવે છે. દર વખતે દરોડા પાડવામાં આવે છે અને વીજચોરી પકડાય છે, પરંતુ વીજચોરી અટકતી નથી. આ રીતે અવિરત જારી ચોરીના લીધે તંત્રએ પણ સજાગ રહેવું પડે છે. તેની સાથે વીજ ચોરો સામે નિયમિત ધોરણે કાર્યવાહી કરતાં રહેવી પડે છે. જો કે ગ્રામીણ વિસ્તારોમાં વીજચોરી સામે કાર્યવાહી કરવી અત્યંત અઘરી હોય છે. ગામના મોટાભાગના લોકો વીજળી ચોરી પકડવા આવેલા વીજકર્મીઓ પર હુમલો કરે છે.

### ત્રણ હંગામી સ્ટેન્ડ ઉપર રાત-દિવસ ઉપલબ્ધ રહેશે

# ભાદરવી પૂનમ દરમિયાન અંબાજીથી પરત ફરવા યાત્રાળુઓ માટે વિશેષ આયોજન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ભારતમાં એક મહત્ત્વના શક્તિપીઠ ગુજરાતના અંબાજી ધામ ખાતે આ વર્ષના પરંપરાગત મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ગઈકાલે ગુરુવારે બનાસકાંઠાના કલેક્ટરના હસ્તે રથ ખેંચીને તથા આરતી કરીને આ ભવ્ય મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મેળામાં સામેલ થવા સમગ્ર ગુજરાત ઉપરાંત દેશના અન્ય ભાગોમાંથી પણ માઈભક્તો ભાદરવી પૂનમે માતાના દરબારમાં પહોંચતા હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ (GSRTC) દ્વારા ભક્તોની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વર્ષે પણ માઈભક્તોને અંબાજીથી પરત પોતાના ગામ તેમજ શહેરમાં જવા માટે સરળતા રહે તે હેતુથી એસટી વિભાગ દ્વારા પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ એસટી વિભાગની ૮૫૦ બસો દોડાવાશે. આ માટે અંબાજીમાં નિયત કરેલા ત્રણ હંગામી સ્ટેન્ડ ઉપર રાત-દિવસ મુસાફરો માટે ઉપલબ્ધ રહેશે.

મા અંબાના ભાદરવી પૂનમના મેળાનો ૧૨ સપ્ટેમ્બરને ગુરુવારથી વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. સાત દિવસના આ મહામેળામાં ગુજરાતના ખૂણે ખૂણેથી તેમજ અન્ય રાજ્યોમાંથી પણ ભક્તો પગપાળા યાત્રા કરીને આવતા હોય છે. આ વર્ષે ભાદરવી પૂનમે ત્રીસ લાખથી વધુ યાત્રીઓ મા અંબાના દર્શને પહોંચશે એવી ગણતરીને પગલે આ યાત્રીકો અંબાજીમાં માતાજીના દર્શન કર્યા બાદ પરત પોતાના ગામ પહોંચી શકે તે માટે એસટી વિભાગ દ્વારા અંબાજી મેળામાં ૮૫૦ બસોના સંચાલનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુર એસટી વિભાગના સાત ડેપોની ૨૫૦, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ વિભાગની ૨૦૦-૨૦૦ મળી ૬૦૦ એમ કુલ ૮૫૦ બસો દોડાવવામાં આવશે.

યાત્રાધામમાં આ અંગે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તદઅનુસાર, બનાસકાંઠા રૂટની બસો માટે અંબાજીમાં આરટીઓ સર્કલ અને ગબ્બર તળેટી ખાતે સ્ટેન્ડ અપાયું છે. જ્યારે મેહસાણા, હિંમતનગર અને અમદાવાદ રૂટની બસો માટે અંબાજીમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હંગામી સ્ટેન્ડ અપાયું છે. જ્યાંથી યાત્રીકો પોતાના રૂટની બસો મેળવી શકશે. સાથે યાત્રીકો માટે દાંતાથી અંબાજી અને અંબાજીથી ગબ્બર પર્વત જતા માટે મીની બસો અને ગુર્જરનગરી બસો મૂકાઈ છે. તેમજ અંબાજી તરફની એસટી બસોમાં રસ્તામાં ખામી સર્જાય તો તાત્કાલિક સમારકામ કરવા માટે મિકેનિકલ સ્ટાફના પણ વિવિધ સ્થળો ઉપર પોઈન્ટ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાદરવી પૂનમના મેળાને લઈ અંબાજીમાં બનાસકાંઠા જિલ્લાના વિવિધ રૂટ આરટીઓ સર્કલ અને ગબ્બર તળેટી ખાતે એસટી પોઈન્ટ આપવામાં આવ્યા છે. જ્યારે મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ રૂટ માટે જીએમડીસી ગ્રાઉન્ડમાં એસટી પોઈન્ટ અપાયો છે. મેળાને લઈ પાલનપુર અને ડીસાથી અંબાજી રૂટની બસો જતા વાયા વિરમપુરથી અંબાજી જશે અને એ બસ વળતાં વાયા આબુરોડથી પરત ફરશે.

## ભાદરવી પૂનમના મહા મેળામાં પહેલા દિવસે બે લાખ જેટલા ભક્તો ઉમટ્યા

### દુર દુરથઈ આવતા દર્શનાર્થીઓ માટે મંદિરમાં સુસજ્જ વ્યવસ્થા કરાતા ભક્તોને દર્શન કરવા સરળ બન્યા



। (માહિતી) અંબાજી, તા.૧૩ ।

ભક્તિ અને શક્તિના પ્રતિક સમા યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહાકુંભનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ગુરૂવારે બનાસકાંઠા કલેક્ટર અને આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનના હસ્તે મહામેળાનો શુભારંભ કરાયો હતો. અંબાજી ખાતે દાંતા રોડ ઉપર માતાજીના રથની શાોક્ત વિધિ સાથે રથને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી. મેળાના પ્રથમ દિવસે આશરે ૧.૯૫ લાખ જેટલા માઈભક્તો ઉમટયા હતા અને જગત જનની મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગુજરાતના મોટા મેળા પૈકી બનાસકાંઠા જિલ્લાના અંબાજીના મહામેળાનો સમાવેશ થાય છે. ભાદરવી પૂનમ નિમિત્તે ભરાતા સાત દિવસીય મહામેળામાં લાખોની જનમેદની ઉમટી પડે છે. ભક્તિ, શક્તિ અને ઉપાસનાના સંગમ સમા આ મેળામાં આ વર્ષે આશરે ૩૦ લાખ જેટલા ભક્તો ઉમટવાના અંદાજ છે. વરસતા વરસાદ અને ડુંગરાળ વિસ્તારમાં મા અંબાના નાદ સાથે પદયાત્રા કરી આગળ ધપવાની પરંપરા આ મેળાની ખાસિયત છે. ત્યારે ગુરૂવાર અને ભાદરવા સુદ નોમના દિવસથી આ મહામેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. બનાસકાંઠા કલેક્ટર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે અંબાજીના દાંતા રોડ ઉપર શાસ્ત્રોક વિધિ સાથે મા અંબાના રથનું પ્રસ્થાન કરાવ્યા બાદ ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધિકારીઓ તથા સામજીક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે મેળાનો પ્રારંભ કરાવતાં નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે મા અંબાને પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠયા છે. ત્યારે કલેક્ટરે સિદ્ધહેમ સેવા કેમ્પ ખાતે મુલાકાત કરી સેવા કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ પદયાત્રીઓને ભોજન પીરસી મેળાની શુભકામનાઓ પાઠવી હતી. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાત દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે.

### ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો વિરોધ

# ઈન્ડિયન કલ્ચરને અન્ય અભ્યાસક્રમ સાથે મર્જ કરી દેવાતા વિદ્યાર્થીઓ રઝળ્યા

### ચાલુ વર્ષે નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો દાવો છે કે અધવચ્ચે જ કોર્સને અન્ય કોર્સ સાથે મર્જ કરાય છે અને બંને કોર્સમાં મોટો તફાવત છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં ઈન્ડિયન કલ્ચર નામના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ ભણતર ચાલુ થયા બાદ અધવચ્ચેથી રઝળી પડવાનો વારો આવ્યો છે. ચાલુ વર્ષે નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો દાવો છે કે સમાજવિદ્યા ભવનમાં ચાલતા ઈન્ડિયન કલ્ચરનો અભ્યાસક્રમ અન્ય વિભાગ સાથે મર્જ કરી દેવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયેલા છે. ઈન્ડિયન કલ્ચર ડિપાર્ટમેન્ટમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમનો અભ્યાસ શરૂ થયા બે મહિના જેટલો સમય થઈ ગયો. અમદાવાદમાં એક માત્ર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં માસ્ટર લેવલનો ઈન્ડિયન કલ્ચર કોર્સ ચાલે છે. જોકે આ વિદ્યાર્થીઓને અધવચ્ચે જ તેમના કોર્સને અન્ય કોર્સ સાથે મર્જ કરી દેવામાં આવ્યો છે. એટલે કે ઈન્ટરનેશનલ સ્ટડી સેન્ટરમાં ચાલતા ઈન્ડિયન કલ્ચરએન્ડ સાયન્સ નામના કોર્સ સાથે મર્જ કરી દેવાતા વિદ્યાર્થીઓ અટવાઈ ગયા છે. વિદ્યાર્થીઓનો દાવો છે કે તેમના મૂળ કોર્સમાં અને મર્જ કરાયેલ કોર્સમાં મોટો તફાવત છે. સરકારી અથવા તો તેમના વિષય સંદર્ભે જાહેરાત આવે તો કોર્સના નામ અલગ અલગ હોવાના કારણે સમસ્યા સર્જાઈ શકે છે. વિદ્યાર્થીઓનો એ પણ કેવું છે કે નેટ અને સ્લેટ જેવી પરીક્ષાઓમાં 'ઈન્ડિયન કલ્ચર એન્ડ સાયન્સ 'એવો કોઈ વિષય નથી હોતો. બાબતે વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી સત્તાધીશોને રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ નિવેડો નથી આવ્યો. જો કે કુલપતિ વિદ્યાર્થીઓના દાવાઓ ને નકારી રહ્યા છે. આ મુદ્દે કુલપતિ નિરજા ગુપ્તાએ જણાવ્યુ કે ઈન્ડિયન કલ્ચરનો અભ્યાસ ક્રમ રાજ્યશાસ્ત્રના ડિપાર્ટમેન્ટ દ્વારા ચલાવવામાં આવતો હતો. હાલ યુનિવર્સિટીમાં ઈન્ડિયન નોલેજ સિસ્ટમ નામથી એક વિભાગ છે, આથી ઈન્ડિયન કલ્ચરને પોલિટિકલ સાયન્સમાંથી કાઢીને ઈન્ડિયન નોલેજ સિસ્ટમમાં ટ્રાન્સફર કરાયુ છે.

### મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન વખતે એક મોટી દુર્ઘટના

# ગાંધીનગરમાં ગણેશ વિસર્જન વખતે આઠ લોકોના મોત થયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આવેલી મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન વખતે એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. જોકે આખા ગામમાં આ ઘટનાને લઈને માતમ પ્રસરી ગયું હતું કેમ કે ૧૦ જેટલાં લોકો દહેગામમાં વાસણા સોગઠી ગામે વહેતી મેશ્વો નદીમાં આવેલા ચેકડેમમાં ન્હાવા કૂદ્યા હતા અને આ દરમિયાન જ ડૂબી જવાથી લગભગ ૮ લોકો મૃત્યુ પામી ગયા હતા જ્યારે ૨થી વધુ લોકોને શોધવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. રાહત અને બચાવ ટુકડી સહિત પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આજે વાસણા સોરઠી ગામે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેથી ગામમાં ધામધૂમથી ગણેશજીને વિદાય આપવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી. ગણેશ વિસર્જન માટે ગ્રામજનો મેશ્વો નદીએ જવાના હતા. તે દરમિયાન ગામના કેટલાક યુવાનો અગાઉથી નદીએ પહોંચી ન્હાવા માટે કૂદ્યા હતા. ત્યારબાદ વિસર્જન માટે પાછળથી આવી રહેલા ગ્રામજનોએ આ યુવાનોને ડૂબતાં જોઈ બચાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ૮ લોકો ડૂબી જતાં તેમના મોત નિપજતાં તેમના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. હજુ ૨ લોકો ગુમ હોવાથી શોધખોળ અને રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું હતું. સ્થાનિક રહીશના જણાવ્યા અનુસાર આ યુવાનો વાસણા- સોગઠી ગામના મોટાવાસના રહેવાસી છે. જેમાંથી ૪-૫ યુવાનો કાકા-બાપાના દિકરા છે જ્યારે અન્ય મિત્ર યુવાનો છે. આ અરેરાટીભરી ઘટનાથી ગામમાં ગમગીનીભર્યું વાતાવરણ સર્જાયું છે. પોલીસ સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ગામડાના સ્થાનિકોએ ગામના લોકોને જ્યારે આ ઘટનાની જાણ થઈ તો ઊહાપોહ મચી ગયો હતો અને મોટાભાગના લોકો દોડી આવ્યા હતા અને ડૂબી જનારા યુવાનોને બચાવવાના પ્રયાસ હાથ ધરાયા હતા. આ દરમિયાન જ નદીમાં ગણેશ વિસર્જન કરનારા લોકો મદદ કરવા દોડી આવ્યા હતા. અત્યાર સુધીમાં ૮ મૃતદેહો મળી આવતા માહોલ ગમગીન બન્યો હતો.

# સુરતમાં બસ ચાલકોની હડતાળ, એજન્સીને કોર્પો.ને ફટકાર્યો જંગી દંડ

। (એજન્સી) સુરત, તા.૧૩ ।



સુરતમાં ઓરેન્જ BRTS બસ ચાલકોએ હડતાળ કરી હતી. આ હડતાળના લીધે સુરતના લાખો મુસાફરોને અસુવિધા થઈ હતી. સુરત મહાનગરપાલિકાએ મુસાફરોને આ અસુવિધા બદલ ઓરેન્જ BRTS બસ એજન્સીને હડતાળ મુદ્દે દંડ ફટકાર્યો છે. સુરત મહાનગર પાલિકાએ રૂ. ૧૦ લાખનો દંડ ફટકાર્યો છે. બુધવારે સુરત બીઆરટીએસના ૭૦થી વધુ ડ્રાઈવરોએ હડતાળ કરી હતી. તેમણે પગાર વધારાની બાબતને લઈને હડતાળ કરી હતી. તેના લીધે બીઆરટીએસમાં મુસાફરી કરતાં હજારો યાત્રીઓએ મુશ્કેલી વેઠવી પડી હતી. સુરતની ભેસ્તાના ડેપોના બીઆરટીએસ બસ ડ્રાઈવરોએ હડતાળ કરી હતી. સુરત મનપાએ હડતાને ગંભીર રીતે લીધી હતી. બસ ઓપરેટ કરતી એજન્સીને આ હડતાળના પગલે દસ લાખ રૂપિયા દંડ ફટકાર્યો હતો. સુરત મ્યુનિસિપલ કમિશ્નરનું આ અંગે કહેવું છે કે મુસાફરોને અસુવિધા ન પડે તે જોવાની જવાબદારી બસ એજન્સીની છે. બસ એજન્સી આ મુદ્દે નિષ્ફળ જવાના પગલે તેને આ દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત આ દંડ ફટકારવાના લીધે ભવિષ્યમાં પણ બીજી કોઈપણ બસ એજન્સી આ પ્રકારે મુસાફરોને અસુવિધા પડે તેવું પગલું નહીં લે. તેની સાથે ભવિષ્યમાં બીજી એજન્સીઓ પણ આ બધા પરિબળોને ધ્યાનમાં રાખને વૈકલ્પિક વ્યવસ્થા પણ તૈયાર રાખશે.

# ઝાલોદ સાઈ ગ્રૂપ દ્વારા વાજતે ગાજતે રામસાગર તળાવમાં ગણપતિજીની પ્રતિમાનુ વિસર્જન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરમાં ગણેશ ભગવાનની સેવા પૂજા પુરા ભક્તિભાવ ભર્યા વાતાવરણમાં થઈ રહેલ છે તારીખ ૦૭-૦૯-૨૦૨૪ શનિવારના દિવસે ભારે હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં ગણપતિ સ્થાપના કરવામાં આવી હતી. ઝાલોદ નગરના વાલ્મીકિ સમાજના સાઈ ગ્રૂપ દ્વારા સાઈ મંદિરના પ્રાંગણમાં ગણપતિ સ્થાપના કરવામાં આવી હતી દરરોજ ભક્તિભાવના વિવિધ પ્રોગ્રામ કરી ગણપતિ બાપાને વધારવામાં આવેલ હતા.

આજ રોજ તારીખ ૧૩-૦૯-૨૦૨૪ શુક્રવારના રોજ સાઈ ગ્રુપ દ્વારા સાતમા દિવસે ભક્તિ ભાવ ભર્યા વાતાવરણની વચ્ચે ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું હતું. સાઈ ગ્રુપ દ્વારા સાતમા દિવસે ડીજે ના તાલે અબીલ ગુલાલની છોળો ઉડાડતાં, ભક્તિ ભર્યા વાતાવરણમાં નાચતા ઝૂમતા નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી ઝાલોદ નગરના રામ સાગર તળાવમાં પૂરી આસ્થા સાથે સાઈ ગ્રુપ દ્વારા ગણેશજીની પ્રતિમાનુ વિસર્જન કરવામાં આવ્યું હતું. વાલ્મીકિ સમાજના લોકો મોટા ભાગે ડીજે, નાશિક ઢોલ જેવા વ્યવસાય થી જોડાયેલ હોવાથી તેમના દ્વારા વિસર્જન સાતમા દિવસે કરવામાં આવે છે. અનંત ચૌદસના દિવસે મોટા ભાગના વાલ્મીકિ સમાજના લોકો શોભાયાત્રામા ડીજે, બેંડ, ઢોલ નગારા, નાશિક ઢોલ વગાડતા જોવા મળે છે....લોકોને મનોરંજન આપનાર વાલ્મીકિ સમાજ વ્યવસાયને લઈ બાપાની સેવા સાત દિવસ જ કરી શકે છે તેનું તેમને દુખ પણ હોય છે..... વિસર્જન દરમિયાન આખું વાતાવરણ ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે ગુંજી ઉઠયું હતું.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨